અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ :૨૧ ઓગસ્ટ ૨૦૨૩, સોમવાર
વિક્રમ સંવત ૨૦૭૯, અ.શ્રાવણ સુદ પાચમ

વર્ષ : ૧૫
અંક : ૨૬

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

અમિત શાહના ભોપાલમાં કોંગ્રેસ પર પ્રહાર

# ૨૦૦૩માં મિસ્ટર બંટાધરની સરકાર હટી, MP હવે વિકસિત રાજ્ય બન્યું

## કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે ભોપાલમાં ગરીબ કલ્યાણ મહા અભિયાનની શરૂઆત કરી : રાજ્યમાં સરકારના ૨૦ વર્ષના રિપોર્ટ કાર્ડ પણ રજૂ કર્યા

। ભોપાલ, તા.૨૦ ।

કેન્દ્રીય ગૃહ અને સહકારી મંત્રી અમિત શાહે રવિવારે ભોપાલમાં ગરીબ કલ્યાણ મહા અભિયાનની શરૂઆત કરી. આ સાથે તેમણે રાજ્યમાં ભાજપ સરકારના ૨૦ વર્ષના રિપોર્ટ કાર્ડ પણ રજૂ કર્યા હતા. આ પ્રસંગે અમિત શાહે કોંગ્રેસ પર નિશાન સાધતા કહ્યું કે, કોંગ્રેસે એમપીમાં પોતાના શાસનનો હિસાબ આપવો જોઈએ. અમે એમપીને ૨૦ વર્ષ સુધી વિકસિત રાજ્યોની શ્રેણીમાં લાવ્યા છીએ. પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજય સિંહનું નામ લીધા વિના અમિત શાહે કહ્યું કે, "વર્ષ ૨૦૦૩માં મધ્યપ્રદેશના લોકોએ શ્રી બંટાધરની સરકારને હટાવીને એક ઐતિહાસિક નિર્ણય લીધો અને ભાજપની સરકાર બનાવી. ત્યારે મધ્યપ્રદેશને બિમારુ શબ્દમાંથી મુક્ત કરવાનું કામ ભાજપ સરકારે કર્યું. છેલ્લા ૨૦ વર્ષમાં મધ્યપ્રદેશ "વિકસિત મધ્ય પ્રદેશ" તરીકે ઉભરી આવ્યું છે. આ ૨૦ વર્ષોમાં આત્મનિર્ભર મધ્યપ્રદેશનો પાયો નાખવાનું કામ કરવામાં આવ્યું છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, એક સમયે વિભાજીત ગણાતું મધ્યપ્રદેશ આજે અન્ય રાજ્યોની જેમ વિકાસની ઊંચાઈઓને સ્પર્શી રહ્યું છે.




### એક સમય હતો જ્યારે MP બીમાર રાજ્ય હતું. પરંતુ આજે આપણને તેમાંથી આઝાદી મળી

એક સમયે વિભાજીત ગણાતું મધ્યપ્રદેશ આજે અન્ય રાજ્યોની જેમ વિકાસની ઊંચાઈઓને સ્પર્શી રહ્યું છે. અગાઉ, ૨૦ વર્ષના રિપોર્ટ કાર્ડના વિમોચન પ્રસંગે, રાજ્યના મુખ્ય પ્રધાન શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું, "એક સમય હતો જ્યારે MP બીમાર રાજ્ય હતું. પરંતુ આજે આપણને તેમાંથી આઝાદી મળી છે. રાજ્યમાં ડબલ એન્જિન સરકારના વિકાસે નવા આયામો સર્જ્યા છે. તેમણે વધુમાં કહ્યું હતું કે રસ્તાનું નેટવર્ક હોય કે સિંચાઈ સંબંધિત મામલો હોય, અહીં ચમત્કાર થયો છે. મારે કહેવાની જરૂર નથી. પીએમ મોદીના માર્ગદર્શનથી એમપી બમણી પ્રગતિ કરી રહ્યું છે. ૨૦૧૪ પછી એમપીને વેગ મળ્યો. પીએમ મોદીએ એમપીના વિકાસમાં કોઈ કસર છોડી નથી.

ન્યૂઝ બ્રિફ

## લૂના-૨૫ ચંદ્રમાની સપાટી સાથે ટકરાઈને ક્રેશ થઈ ગયું



। મોસ્કો, તા.૨૦ ।

રશિયાના મહત્વકાંક્ષી મૂન મિશન લૂના-૨૫ (Luna-25 Moon Mission) ફેલ થઈ ગયું છે. રશિયાની અંતરિક્ષ એજન્સી રોસ્કોસ્મો, (Roscosmos)એ રવિવારે જણાવ્યું છે કે, લૂના-૨૫ અંતરિક્ષ યાન ઈચ્છિત કક્ષાની જગ્યાએ અનિયંત્રિત કક્ષામાં ગયા બાદ ચંદ્રમાથી ટકરાઈને નષ્ટ થઈ ગયું. આપને જણાવી દઈએ કે, ચાંદ પર સુરક્ષિત લેંડિંગને લઈને લૂના- ૨૫ની ટક્કર ભારતના ચંદ્રયાન-૩ સાથે હતી.

## એક જ દિવસમાં ૩૦ પ્રસુતિ થતા નવો રેકોર્ડ સર્જાયો

। સુરત, તા.૨૦ ।

નાના વરાછા વિસ્તારમાં આવેલા ચીકુવાડી ખાતે ડાયમંડ એસોસિએશન ટ્રસ્ટ સંચાલિત માતૃશ્રી રામુબા તેજાણી અને શાંતાબા વિડીયા હોસ્પિટલમાં એક સાથે ૩૦ પ્રસુતિ થતાં રેકોર્ડ સર્જાયો હતો.

હોસ્પિટલના ૧૦ વર્ષના ઈતિહાસમાં પ્રથમ વખત એક સાથે એક જ દિવસે ૩૦ પ્રસુતિ થતા હોસ્પિટલ દ્વારા નવો રેકોર્ડ બનાવાયો હતો. હોસ્પિટલમાં એક સાથે ૩૦ પ્રસુતિમાં એક જોડિયા બાળક મળી કુલ ૩૧ બાળકોએ જન્મ લેતાં હોસ્પિટલ બાળકોની કિલકારીથી ગુંજી ઉઠ્યું હતું.

સુરત શહેર એટલે હીરાનગરી અને હીરાનગરીમાં કામ કરતા એવા તમામ રત્નકલાકારો માટે સુરત ડાયમંડ એસોસિએશન ટ્રસ્ટ હોસ્પિટલ આજથી ૧૦ વર્ષ પહેલાં શરૂ કરાઈ હતી.

## નર્મદા ડેમની જળસપાટી ૧૨૩ મીટર પર પહોંચી

। નર્મદા, તા.૨૦ ।

નર્મદા ડેમની જળ સપાચી ૧૩૨ મીટર પર પહોંચી છે. ડેમ મહત્તમ સપાટીથી ૬ મીટર દુર છે. હાલમાં સરદાર સરોવરમાં પાણીનો જથ્થો ૭૭.૮૧ ટકા જેટલો રવિવારે બપોર બાદ નોંધાયો હતો. નર્મદા ડેમમાં સતત પાણીની આવક નોંધાઈ રહી છે. ગત મધરાત્રી દરમિયાન પાણીની આવક ૧ લાખ ક્યુસેક કરતા વધુ થઈ રહી હતી.

ચાર તળાવોના બ્યૂટીફિકેશનનો લેવાયો મોટો નિર્ણય

## શહેરમાં વધુ ચાર તળાવોનો ૨૫ કરોડના ખર્ચે કરાશે વિકાસ

### અમદાવાદ શહેરના જગતપુર, ઓગણજ, ભાડજ અને ઓકફ ખાતે આવેલા તળાવોનો વિકાસ કરવામાં આવશે

। અમદાવાદ, તા.૨૦ ।

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરની સુંદરતા વધારો થાય અને નાગરીકો પોતાના પરીવાર સાથે ફરવા આવી શકે તે માટે વધુ ચાર તળાવોનો કુલ રૂ. ૨૫ કરોડના ખર્ચે વિકાસ કરવાનુ આયોજન હાથ ધરાયુ છે. એએમસીની આ યોજના અંતર્ગત શહેરના જગતપુર, ભાડજ, ઓકફ અને ઓગણજ સ્થીત તળાવોનો વિકાસ કરવા માટેની પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત આગાવી ગણતરીના દિવસોમાં એએમસીની વોટર સપ્લાય અને સુઅરેજ કમિટી દ્વારા તેની મંજૂરી પણ આપવામાં આવશે. ગાંધીનગર સાંસદ અને કેન્દ્રીય ગૃહ-સહકારીતા મંત્રી અમિત શાહે લાંબા સમય અગાઉ પોતાના મતવિસ્તાર હેઠળ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકના વિસ્તારોમાં આવતા તળાવોનો વિકાસ અને નવીનીકરણ કરવાનો પ્રોજેક્ટ હાથ પર લીધો છે. જે અતંર્ગત એએમસી દ્વારા સમયાંતરે વિવિધ તળાવોના વિકાસ પ્રોજેક્ટને મંજૂરી અપાઈ રહ્યી છે.

**એએમસી તંત્રના નિર્ણયથી ભવિષ્યમાં શહેરીજનોને લાભ મળશે તેમાં કોઇ શંકા નથી**

શહેરમાં હજીપણ ઘણા એવા તળાવો એવા છેકે જેનો વિકાસ અને નવીનીકરણ બાકી છે. એએમસીના આયોજન અને નાણાંકીય સ્થિતીની આધારે તે તળાવોનો પણ તબક્કાવાર વિકાસ કરવામાં આવશે. ત્યારે એક પછી એક તળાવોના વિકાસ કરવાના એએમસી તંત્રના નિર્ણયથી ભવિષ્યમાં શહેરીજનોને વધુ લાભ મળશે તેમાં કોઈ શંકા નથી.

બેન્ક લોન આપનાર કર્મચારીએ પ્રેમ પ્રકરણમાં ફસાવી

## તરુણીએ પોતાના ઘરમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી

### આત્મહત્યા કરતા પહેલા તરુણીએ તેના પ્રેમીને ફોટો મોકલી આત્મહત્યા કરે છે તેઓ મેસેજ કર્યો હતો



। સુરત, તા.૨૦ ।

વાલીઓ માટે લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે. પ્રેમ પ્રકરણ માં ૧૭ વર્ષીય કિશોરીએ આપઘાત કર્યો છે. બેન્ક લોન આપનાર કર્મચારીએ કિશોરીને પ્રેમ પ્રકરણમાં ફસાવી હતી. લોનના કામકાજ માટે આવનાર યુવક ગૌરવ રાજપૂતે મરવા મજબુર કરી હોવાનો આરોપ પરિવારે કર્યો છે. સુરત શહેરના પાંડેસરા વિસ્તારમા ૧૭ વર્ષ તરુણીએ પોતાના જ ઘરમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી છે. આત્મહત્યા કરતા પહેલા તરુણીએ તેના પ્રેમીને ફોટો મોકલી આત્મહત્યા કરે છે તેઓ મેસેજ કર્યો હતો. જેથી પ્રેમી તાત્કાલિક પ્રેમિકાના ઘરે દોડી આવ્યો હતો. જ્યારે તરુણીને લટકેલી હાલતમાં જોઈ પ્રેમી તરુણીને નીચે ઉતારી નવી હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો. જ્યારે તબીબોએ તરુણીને મૃતક જાહેર કરતા પ્રેમી તરુણિના મૃતદેહ ને છોડીને ભાગી ગયો હતો. ઘટનાને લઈ તરુણીના પરિવારજનો નવી સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા. જ્યારે તરુણીને મૃતક હાલતમાં જોઈ ચોકી ઉઠ્યા હતા. પરિવારે તરુણીના પ્રેમી પર આક્ષેપો કર્યા છે કે લોન ના કામકાજ માટે આવનાર યુવક ગૌરવ રાજપૂતે મરવા મજબુર કરી છે.

આ મામલે ભાજપે કર્યો પલટવાર

## રાહુલ ગાંધીનો લદાખમાં ચીની સેના ઘૂસી હોવા અંગેનો દાવો

### પોતાના આ દાવાના સમર્થનમાં રાહુલ ગાંધીએ ત્યાંના લોકોનું નામ લેતા કહ્યું કે આ લોકો તમને બધુ જણાવશે

। લેહ, તા.૨૦ ।

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પર એકવાર ફરીથી સવાલ ઉઠાવ્યા છે. લેહના પ્રવાસે પહોંચેલા રાહુલ ગાંધીએ પેંગોંગમાં પિતા અને દેશના પૂર્વ પ્રધાનમંત્રી રાજીવ ગાંધીને શ્રદ્ધાંજલિ આપી અને પછી કહ્યું કે ચીનની સેના ભારતની સરહદમાં ઘૂસી આવી છે. પોતાના આ દાવાના સમર્થનમાં રાહુલ ગાંધીએ ત્યાંના લોકોનું નામ લેતા કહ્યું કે આ લોકો તમને બધુ જણાવી દેશે. રાહુલ ગાંધીએ કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની વાત સાચી નથી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિત ગૃહમંત્રી અમિત શાહ અને રક્ષામંત્રી રાજનાથસિંહ અનેકવાર જાહેર મંચથી દેશને ભરોસો અપાવી ચૂક્યા છે કે દેશની સરહદ આપણા સુરક્ષાદળોના હાથમાં સુરક્ષિત છે અને કોઈ પણ આપણા દેશની એક ઈંચ જમીન ઉપર પણ કબજો જમાવી શકે તેમ નથી. અત્રે જણાવવાનું કે કોંગ્રેસ સાંસદ રાહુલ



ગાંધીએ ભારત-ચીન સરહદ વિવાદ મુદ્દે એકવાર ફરીથી કેન્દ્ર સરકાર પર સવાલ ઉઠાવ્યા છે. રાહુલ ગાંધીએ લદાખમાં કહ્યું કે અહીંના લોકોએ જણાવ્યું છે કે લદાખમાં ચીની સીમા ઘૂસી આવી છે અને તેમણે આપણી જમીન છીનવી લીધી છે. આ નિવેદન આપીને રાહુલ ગાંધીએ સરકારને ઘેરવાની કોશિશ કરી છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી હાલ લદાખમાં છે. ત્યાં રાહુલ ગાંધી બાઈક રાઈડિંગ કરતા જોવા મળ્યા. રાહુલ ગાંધીએ આ દરમિયાન સ્થાનિક લોકો સાથે વાતચીત કરી.

ચીન સાથેના તમારા સંબંધો દુનિયા જાણે છે : પ્રધાન

## રાહુલ ગાંધીના નિવેદન બાદ ભડક્યાં કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન

### રાહુલ ગાંધીના નિવેદન પર નિવૃત લેફ્ટનન્ટ જનરલ સંજય કુલકર્ણીએ કહ્યું કે ભારત અને ચીન વચ્ચે વાતચીત

। નવી દિલ્હી, તા.૨૦ ।

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ લદ્દાખમાં ચીન સાથેના સરહદ વિવાદને લઈને કેન્દ્ર સરકાર પર મોટુ નિવેદન આપ્યું હતુ. રાહુલ ગાંધીએ કહ્યું કે અહીંના લોકો કહે છે કે ચીની સેના લદ્દાખમાં ઘૂસી ગઈ છે અને તેમની ચારાની જમીન છીનવી લીધી છે, જ્યારે પીએમ મોદી દાવો કરે છે કે એક ઈંચ પણ જમીન છીનવાઈ નથી. એટલું જ નહીં, તેમણે કહ્યું કે લદ્દાખના લોકોને ઘણી ફરિયાદો છે. તેઓ રાજ્યને મળેલા દરજ્જાથી ખુશ નથી. લોકો કહી રહ્યા છે કે રાજ્યને નોકરશાહી દ્વારા ચલાવવામાં આવવું જોઈએ નહીં. લદ્દાખમાં ચીન પર રાહુલ ગાંધીના આ નિવેદન પર ભાજપે સખત વાંધો ઉઠાવ્યો છે.

સરકારનો કર્મચારીઓના હિતમાં મોટો નિર્ણય

## ૧૧૭૯ કર્મચારીઓની ઇન્ટર ડીસ્ટ્રીક્ટ ટ્રાન્સફર્સને મુખ્યમંત્રીની મંજૂરીની મહોર

### ૧૫ ઓક્ટોબર સુધીમાં તલાટી કમ મંત્રી, જુનિયર ક્લાર્ક અને ગ્રામસેવકમાં સિલેક્ટ થયેલા ઉમેદવારોની નિમણુંક થશે

। ગાંધીનગર, તા.૨૦ ।

આંતર જિલ્લા બદલીથી ખાલી પડનારી જગ્યાઓનું સંતુલન જાળવવા પંચાયત વિભાગનું સુદ્રઢ આયોજન કરાયું છે. ૧૫ ઓક્ટોબર ૨૦૨૩ સુધીમાં તલાટી કમ મંત્રીની ૩૪૩૭ - જુનિયર ક્લાર્કની ૧૧૮૧ અને ગ્રામસેવકની ૮૧ જગ્યાઓ પર ફાઈનલ લીસ્ટમાં સિલેક્ટ થયેલા ઉમેદવારોની નિમણુંક કરાશે.



## સ્પાય કેમેરા ગોઠવી ઉતાર્યા હતા વીડિયો

# આણંદ કલેક્ટર ઓફિસમાં યુવતીને મોકલનાર મેડમ ફસાયા

| આણંદ, તા.૨૦ |

કલેક્ટર ઓફિસમાં છાનગપતિયાંમાં થોડા દિવસ પહેલા તાત્કાલીક અસરથી સસ્પેન્ડેડ થઈ જનારા ડીએસ ગઢવીના કેસમાં હવે મોડી અપ ડેટ સામે આવી છે. ગુજરાત એટીએસે સસ્પેન્ડેડ કલેક્ટર આનંદ ગઢવીને ફસાવવાના મામલામાં મહિલા એડીએમ કેતકી વ્યાસ ( જીએએસ), એક નાયબ મામલતદાર અને એક હરેશ ચાવડા સામે એફઆઈઆર નોંધવામાં આવી છે. કેબિનમાં સ્પાય કેમેરા લગાવીને કલેક્ટરને ઘરભેગા કરવાના આ કેસમાં હવે મોટા ખુલાસા થાય તો નવાઈ નહીં. કલેક્ટરની ગેરહાજરીમાં સ્પાય કેમેરા લગાવવાના આ કેસમાં હવે એટીએસ આગળની કાર્યવાહી કરી રહી છે. કલેક્ટર કક્ષાના અધિકારીને સસ્પેન્ડ કરતા વહીવટી તંત્રમાં ભારે ખળભળાટ મચ્યો હતો અને ક્લીપ વિવાદમાં વધુ તપાસ હાથ ધરી હતી. જાણકારી મુજબ કલેક્ટરની કેબિનમાં સ્પાય કેમેરા લગાવાયા હતા. મહિલા છઢ્ઢસ કેતકી વ્યાસ સહિત ઉની પૂછપરછ કરવામાં આવી રહી છે. ત્રણેયની આકરી પૂછપ રછમાં મોટા ખુલાસા થયા છે. મહિલા જીઢ્ઢસ્એ ષડયંત્ર રચ્યાનો ખુલાસો કર્યો છે. કલેક્ટરની કેબિનમાં સ્પાય કેમેરા લગાવવાના ષડયંત્રનો પર્દાફાશ થયો છે. કલેક્ટરની ગેરહાજરીમાં કેમેરા લગાવાયા હતા. મહિલા છઢ્ઢસ્એ કલેક્ટરને ફસાવવાનું કાવતરું ઘડ્યું હતું. આણંદમાં કલેક્ટર લેવલના અધિકારીનો એક મહિલા સાથે છાનગપતિયાં કરવાનો વીડિયો હવે ગળાનો ગાળિયો બની ગયો હતો.

## ૪૨ વર્ષીય વ્યક્તિનું હાર્ટ એટેકથી મોત નિપજ્યું

| સુરત, તા.૨૦ |

શહેરના અઠવા વિસ્તારમાં ૪૨ વર્ષીય વ્યક્તિનું હાર્ટ એટેકથી મોત નિપજ્યું છે. ટેલરિંગનું કામ કરતા જયેશભાઈ પટેલે આજે સવારે બાથરૂમમાં નાહવા જતા અચાનક છાતીમાં દુખાવો ઉપડ્યો હતો. પરિવારજનો તેમને સારવાર અર્થે નવી સિવિલ લઈ ગયા હતા. જ્યાં ફરજ પર હાજર ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા. તેમના નિધનથી પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો છે.

સુરત શહેરમાં હાર્ટ એટેકનું પ્રમાણ વધી રહ્યો છે. ખાસ કરીને નાની ઉંમરમાં જ હાર્ટ એટેક આવતા જ લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. બાઈક ચલાવતા હોય કે ચાલતા ચાલતા, ઊંઘમાંથી ઊઠવાની સાથે જ હાર્ટ એટેક આવવાથી મોતના કિસ્સાઓ સતત સામે આવી રહ્યા છે. ત્યારે વધુ એક કિસ્સો સુરતના અઠવા વિસ્તારમાં બન્યો છે. ઓલપાડી મોહલામાં રહેતા ૪૨ વર્ષ જયેશભાઈ ચીમનભાઈ પટેલ ટેલરિંગ નું કામ કરતા હતા. આજરોજ સવાર બાથરૂમમાં નાહવા ગયા હતા. દરમિયાન અચાનક તેમને હાર્ટ એટેક આવતા પરિવારના લોકો દોડી આવ્યા હતા.

## NRI સહિત રૂ.૨૦ કરોડનું કરી નાખ્યું!

# ગઠિયાએ ૩૫ વકીલોના ફિંગરપ્રિન્ટ ચોરી બેન્કમાંથી નાણા ઉપાડ્યા

### રાજકોટ શહેરમાં ગઠિયાએ એકસાથે ૩૫થી વધુ વકીલોના બેન્ક એકાઉન્ટમાંથી ૧૦-૧૦ હજાર રૂપિયા ઉઠાવી લીધા

| રાજકોટ, તા.૨૦ |

શહેરમાં સાયબર ફ્રોડ અને હેકિંગનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જેમાં ગઠિયાએ રેવન્યુની પ્રેક્ટિસ કરતા ૩૫ વકીલના બેન્ક એકાઉન્ટમાંથી ૧૦-૧૦ હજાર રૂપિયા ઉપાડી લીધા હતા. પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ ગઠિયાને પ કડવામાં પોલીસે ગણતરીના કલાકો લગાવ્યા હતા. તેવામાં ૨૦ કરોડ રૂપિયા આના ખાતામાં હોવાનું જાણવા મળતા અનેક સાયબર ફ્રોડના કિસ્સાઓનો પર્દાફાશ થઈ શકે છે. પહેલા તો બધાની લાગી રહ્યું હતું કે આ એક વેબસાઈટ હેક થવાની ઘટના છે. પરંતુ ત્યારપછી આધારકાર્ડની વિગતો પચાવી પ ડી હોવાની આશંકાએ વકીલોને ગઠિયો હજારો રૂપિયાનો ચૂનો લગાવી ગયો હોવાનું અનુમાન લગાવાઈ રહ્યું છે.

વકીલો પોતાનું રોજિંદુ કામ કરી રહ્યા હતા તેવામાં અચાનક એક પ છી એક એમ ૩૦થી ૩૫ વકીલોના મોબાઈલમાં મેસેજ આવ્યો કે તમારા ખાતામાંથી ૯,૯૯૦ રૂપિ યા ઉપાડી દેવામાં આવ્યા છે. હવે પહેલા તો તેમને ક્રોસ વેરિફિકેશન કર્યું અને પ્રાથમિક તપાસ કરતા જાણવા મળ્યું કે કોઈક અજાણ્યા શખ્સ દ્વારા આ પ્રમાણેનું કૃત્ય કરવામાં આવ્યું છે. હવે આગળ શું કરવું તે આ બધા વિચારી રહ્યા હતા. કારણ કે તેમના એકાઉન્ટમાં વધારે રૂપિયા પણ હતા અને અચાનક જો બીજી કોઈ ઘટના ઘટે તો મોટો ફટકો પડી શકે તેમ હતું. યારપછી તમામ વકીલોએ સાયબર પોલીસને આ અંગે વિગતો જણાવી દીધી હતી. જોકે આમાં પ્રાથમિક આશંકા એવી લગાવાઈ રહી છે કે ખરીદનાર-વેચનાર અને સાક્ષી તરીકે સબ રજિસ્ટ્રારમાં નોંધણી થાય છે. જેમાં સાક્ષીના થમ્બ ઈમ્પ્રેશન પણ આપવાના હોય છે. આ દરમિયાન વકીલોના ફિંગરપ્રિન્ટ ચોરાઈ ગયા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. સાયબર પોલીસે તપાસ આદરી અને પછી જણાવ્યું કે આ ઘટનાક્રમ અંગે ગુજરાત સરકાર અને રિઝર્વ બેન્કને પણ જાણ કરી દેવામાં આવી છે. ગઠિયાએ ૧૦ હજાર કરતા ઓછી રકમ જ ઉપાડી હતી.

## જામનગરમાં આંબેડકર બ્રિજ નીચે હિટ એન્ડ રનની ઘટના

| જામનગર, તા.૨૦ |

જામનગર શહેરમાંથી હિટ એન્ડ રનનો બનાવ સામે આવ્યો છે. જેમાં શહેરના આંબેડકર બ્રિજ નીચે સૂતેલા એક વ્યક્તિને કારચાલકે અડફેટે લઈ ૨૦૦ મીટર સુધી ઢસેડ્યા હતા. આ અકસ્માતની ઘટનામાં આ વ્યક્તિને ગંભીર ઈજાઓ પહોંચી છે. પોલીસે અજાણ્યા કારચાલક સામે ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે. મળતી માહિતી અનુસાર, જામનગરના આંબેડકર બ્રિજ નીચે ગઈકાલે રાત્રે કનુભાઈ માધવજી રાઠોડ સૂતા હતા. આ દરમિયાન મોડી રાત્રે એક કારચાલકે બ્રિજની નીચે સૂતેલા કનુભાઈને અડફેટે લીધા હતા અને તેમને અંદાજે ૨૦૦ મીટર સુધી ઢસેડ્યા હતા. આ અકસ્માતમાં તેઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. જોકે, અકસ્માત સર્જી કારચાલક ફરાર થઈ ગયો હતો. આ અકસ્માતને પગલે મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ ગયા હતા. રાહદારીઓ દ્વારા તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવી કનુભાઈને સારવાર અર્થે જી.જી હોસ્પિટલમાં ખસેડાયા હતા.

## અમદાવાદમાં દારૂ તો મળવો જ ના જોઈએ : જીએસ મલિક

| અમદાવાદ, તા.૨૦ |

પોલીસ કર્મચારીઓને જ્યારે એક્શન મોડ પર આવી જવાના આદેશ ઉચ્ચ અધિકારીઓ દ્વારા મળતા હોય છે ત્યારે શહેરમાં કોઈની તાકાત નથી કે શહેરમાં દારૂ, જુગારના અડ્ડાઓ ધમધમાવી શકે. થોડા દિવસ પહેલાં શહેરના પોલીસ કમિશનર તરીકે જી.એસ. મલિકે ચાર્જ સંભાળતાંની સાથે જ આદેશ કર્યો છે કે અમદાવાદમાં દારૂ મળવો જ ના જોઈએ. કમિશનરનો આદેશ મળતાંની સાથે જ પોલીસ એક્શન મોડ પર આવી ગઈ છે અને સિંઘમ બનીને દારૂ, જુગારના અડ્ડા પર ત્રાટકી રહી છે. શહેરમાં પહેલી વખત એવા પોલીસ કમિશનર આવ્યા છે કે જેમણે ગુનાખોરીના મૂળ પર ઘા કર્યો અને ગમે તેવા ચમરબંધીઓને છોડી નહીં દેવાય તેવો નિર્ણય લીધો છે. તથ્ય પટેલે સર્જેલા અકસ્માત બાદ શહેરના મ?ણિનગર વિસ્તારમાં કેદાર દવે નામના યુવકે દારૂના નશામાં કાર ચલાવીને અકસ્માત સર્જ્યો હતો, જ્યારે સેટેલાઇટમાં પણ બીએમડબ્લ્યુ કારચાલકે દારૂના નશામાં ડ્રાઈવિંગ કરીને અકસ્માત કર્યો હતો.

## અમદાવાદમાં પેસેન્જરના સ્વાંગમાં ચોરી કરતી ટોળકીનો આતંક

| અમદાવાદ, તા.૨૦ |

અમદાવાદ શહેરમાં શટલ રિક્ષામાં બેસતાં પહેલાં દસ વખત વિચાર કરજો કારણ કે પેસેન્જરોના સ્વાંગમાં લૂંટારુ ટોળકી પણ હોઈ શકે છે. જે તમારી નજર ચૂકવીને ચોરીની ઘટનાને અંજામ આપે છે. શહેરના સુભાષબ્રિજ સર્કલ પાસે ગઈ કાલે એક વૃદ્ધાના ગળામાંથી પેસેન્જરના સ્વાંગમાં બેઠેલી બે મહિલાએ દોઢ તોલાની ચેઈન કાઢી લીધી હોવાની ઘટના સામે આવી છે. પોલીસે આ મામલે ગુનો દાખલ કરીને સીસીટીવીના આધારે તપાસ શરૂ કરી છે. સુભાષબ્રિજ નજીક આવેલી કાર્યશિલ્પ રેસિડેન્સીમાં રહેતાં ૭૨ વર્ષનાં વૃદ્ધ શારદાબહેન કાસ્વાકરે રાણીપ પોલીસ સ્ટેશનમાં બે અજાણી મહિલા અને રિક્ષા ચાલક વિરુદ્ધ સોનાની ચેઈન ચોર્યાની ફરિયાદ કરી છે. શારદાબહેન તેમના પતિ અને બાળકો સાથે રહે છે અને નિવૃત્ત જીવન ગુજારે છે. શારદાબહેને દોઢ વર્ષ પ હેલાં દોઢ તોલાનો સોનાનો દોરાની ખરીદી કરી હતી. જે ગઈ કાલે ચોરાઈ ગયો છે. ગઈ કાલે શારદાબહેન કલોલ ખાતે બેસણામાં ગયાં હતાં જ્યાં તેઓ બપોરે રાણીપ પરત આવી ગયાં હતાં.

## ૫૫ લાખ રૂપિયાનો ચૂનો લગાવ્યો

# બેંક મેનેજરે એનઆરઆઈ NRI સાથે કરી દીધો કાંડ

### બેંક મેનેજરે તેમના રૂપિયા તે જ બેંકમાં ખાતું ધરાવતા અન્ય વ્યક્તિના ખાતામાં ટ્રાન્સફર કરી દીધા હતા

| વડોદરા, તા.૨૦ |

વડોદરાના પરંતુ વિદેશમાં સ્થાયી થયેલા દ્રંઈએ શહેરની જ એક બેંકમાં ૫૫ લાખ રૂપિયા એફડી કરવા માટે આપ્યા હતા. પરંતુ બેંકના તત્કાલિન મેનેજરે તેમની સાથે મોટો કાંડ કરી દીધો છે. વડોદરાની સિટી યુનિયન બેંકમાં ખાતું ધરાવતા એનઆરઆઈને બેંકમાં ૫૫ લાખ રૂપિયાની ફિક્સ ડિપોઝિટ કરાવવાની હતી. તે માટે એનઆરઆઈ એ તત્કાલિન બેંક મેનેજરને સેલ્ફ લખેલો ૫૫ લાખ રૂપિયાનો ચેક આપ્યો હતો. પરંતુ બેંક મેનેજરે તે ચેક બેંકમાં ખાતું ધરાવતા તેમના મિત્રના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી દીધો હતો. અંતે જ્યારે એફડી પાકવાની મુદત આવી ત્યારે બેંક મેનેજરે કરેલા કાંડનો ભાંડો ફૂટી ગયો હતો. હવે બેંક મેનેજર સામે એફઆઈઆર નોંધવામાં આવી છે. પોલીસે હાલમાં બેંક તરફથી બરતરફ કરવામાં




આવેલા મેનેજરની શોધખોળ હાથ ધરી છે.

આ અંગે નોંધાયેલી પોલીસ ફરિયાદ પ્રમાણે છેલ્લા ઘણા સમયથી વિદેશમાં રહેતા મૂળ વડોદરાના એનઆરઆઈ થ્રીસીયા ઓગસ્ટીન અને બેની મેથ્યુઝ વડોદરાના ટ્રાઈડેન્ટ કોમ્પલેક્સમાં આવેલી સિટી યુનિયન બેંકમાં સેવિંગ્સ એકાઉન્ટ ધરાવતા હતા. ૧૭ જુલાઈ ૨૦૨૧ના રોજ બંને એનઆરઆઈ સિટી યુનિયન બેંક ગયા હતા અને તત્કાલિન બ્રાન્ચ મેનેજર ફાની કુમાર એમને મળ્યા હતા. તેમણે ફિક્સ ડિપ ોઝિટ માટે મેનેજરને ૫૫ લાખ રૂપિ યાનો સેલ્ફ લખેલો ચેક આપ્યો હતો. તેઓ એક વર્ષ માટે એફડી કરાવવા ઈચ્છતા હતા. જોકે, બેંક મેનેજરે તેમની સાથે મોટી ગેમ રમી દીધી હતી. બેંક મેનેજરે એનઆરઆઈના રૂપિયા તેમની જ બેંકમાં એકાઉન્ટ ધરાવતા ઓમ એન્જિનિયરના સંચાલક પંકજ મકવાણાના ખાતામાં રૂપિયા ટ્રાન્સફર કરી દીધા હતા. પ ંકજ મકવાણા ત્યારે તેમની પાસે આવ્યો હતો અને પોતે આર્થિક મુશ્કેલીમાં હોવાના કારણે ફાની કુમાર પાસે મદદ માંગી હતી. બેંકના કહેવા પ્રમાણે ફાની કુમારે એનઆરઆઈના એકાઉન્ટમાંથી ૫૫ લાખ રૂપિયા ડેબિટ કર્યા હતા ત્યારે એનઆરઆઈના મોબાઈલ પર આ અંગેનો મેસજ પણ આવ્યો હતો. પરંતુ તેમને લાગ્યું હતું કે કાદચ રૂપિયાની એફડી થઈ ગઈ હોવાથી ડેબિટનો મેસેજ આવ્યો હશે.

## ૭ દિવસમાં મેઘો ધબધબાટી બોલાવશે

# વરસાદની રાહ જોતાં ખેડૂતોની આતુરતાનો આવ્યો હવે અંત

### સાબરકાંઠા, બનાસકાંઠા, અરવલ્લી, પાટણ, મહેસાણા, અમદાવાદમાં ભારે વરસાદની આગાહી કરાઈ છે.

| અમદાવાદ, તા.૨૦ |

છેલ્લા કેટલાક સમયથી અમદાવાદ સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારમાં ઓગસ્ટ મહિનામાં વરસાદે સાવ વિરામ લઈ લીધો હોય તેવી સ્થિતિ બની ચૂકી હતી. પરંતુ શનિવારથી એટલે કે આજથી રાજ્યના વાતાવરણમાં પલટો આવશે અને જુદા જુદા વિસ્તારોમાં વરસાદી માહોલ સર્જાય તેવા હવામાન ખાતા દ્વારા સંકેતો આપવામાં આવ્યાં છે. આગામી ૭ દિવસ રાજ્યમાં વરસાદી માહોલ રહેશે. આવતીકાલે સમગ્ર ગુજરાતમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. લો પ્રેશર સિસ્ટમ અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સર્જાતા વરસાદની આગાહી કરવામાં આવી છે. અમદાવાદ, ખેડા,અરવલ્લી, પંચમહાલ, આણંદ અને મહીસાગરમાં આગાહી કરવામાં આવી છે. સૌરાષ્ટ્રનાં અમરેલી, ભાવનગર, ગીરસોમનાથ,



દિવમાં પણ વરસાદની આગાહી કરાઈ છે. દક્ષિણ ગુજરાતના સુરત, વલસાડ, નવસારી, તાપી, ડાંગ, ભરૂચમાં આગાહી કરાઈ છે. આવતીકાલે (રવિવાર) રાજ્યમાં વરસાદનું જોર વધશે.

આવતીકાલે ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરાઈ છે. સાબરકાંઠા, બનાસકાંઠા, અરવલ્લી, પાટણ, મહેસાણા, અમદાવાદમાં ભારે વરસાદની આગાહી કરાઈ છે. સુરત, વલસાડ, નવસારી, તાપી, ડાંગ, છોટા ઉદપુર, ભરૂચમાં ભારે વરસાદની આગાહી કરાઈ છે. સૌરાષ્ટ્ર સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, ભાવનગર, મોરબી, બોટાદમાં ભારે વરસાદની આગાહી છે.

## વિશેષ લેખ

### અંતરિક્ષમાં મહાશક્તિ દેશોની તીવ્ર હરીફાઈ : ચીન ૨૦૩૫ સુધીમાં સ્પેસમાંથી વીજળી લેશે

# ૨૦૩૫ સુધીમાં ચંદ્ર પર રિસર્ચ સેન્ટર સ્થાપવાની તૈયારી

### અમેરિકાહવે અંતરિક્ષમાં સ્પેસ સુપરહાઈવે બનાવવા જઈ રહી છે, અંતિરક્ષમાં અમેરિકાને ઘેરશે રશિયા અને ચીન!



**સાંપ્રત પ્રવાહો**

લેખક : દીપક જગતાપ

રશિયા અને ચીન વચ્ચે સતત વધતી જતી મિત્રતા અમેરિકા માટે માથાનો દુઃખાવો બની છે. ત્યારે હવે અંતરિક્ષમાં પણ અમેરિકાને ઘેરવા માટે હવે રશિયા અને ચીને હાથ મિલાવ્યા છે. વર્ષ ૨૦૩૫ સુધીમાં બંને દેશો સાથે મળીને ચંદ્ર પર રિસર્સ સેન્ટર બનાવશે.

વિવિધ દેશોની સ્પેસ એજન્સીઓનું લક્ષ્યાંક મંગળ સુધી પહોંચવાનું છે. આ માટે તેમણે ચંદ્ર પર રિસર્ચ સેન્ટર જેવી પાયાની ચીજવસ્તુઓની જરૂરિયાત છે. આથી ચંદ્ર પર કોણ પોતાનું પહેલું કેન્દ્ર સ્થાપે છે તેને લઈને વિવિધ દેશો વચ્ચે હોડ જામી છે

દુનિયાના દેશો વચ્ચે ચાલી રહેલી સ્પેસની રેસ હવે ફક્ત ચંદ્ર પર પગ મૂકવા પૂરતી સિમિત નથી રહી . બધા દેશોની નજર હવે સ્પેસમાં નિર્માણ કાર્ય પર છે. હાલમાં અમેરિકા અને ચીન વચ્ચે આ મામલે જોરદાર સ્પર્ધા જોવા મળી રહી છે. તેવામાં હવે ચીનને રશિયાનો સાથ મળતા આ સ્પર્ધા વધુ તીવ્ર બની છે.

ચીને પુષ્ટિ કરી છે કે તે ૨૦૩૫ સુધીમાં ચંદ્ર પર સંશોધન કેન્દ્ર બનાવવા માટે રશિયા સાથે સહયોગ કરશે. જે અમેરિકન સ્પેસ એજન્સી નાસાના લુનર ગેટવે સાથે સીધી સ્પર્ધા કરશે. ચીનની સ્પેસ એજન્સી ચાઈના નેશનલ સ્પેસ એડમિનિસ્ટ્રેશન (CNSA)ના અધિકારીઓએ ઈન્ટરનેશનલ લુનર રિસર્ચ સ્ટેશન (ILRS) બનાવવાની યોજનાની પ ુષ્ટિ કરી છે. સીએનએસએના ડેપ્યુટી ડાયરેક્ટર વુ યાનહુઆએ બેઈજિંગમાં એક મીડિયા બ્રીફિંગમાં જણાવ્યું કે રશિયા અને ચીનનું લક્ષ્યાંક વર્ષ ૨૦૩૫ સુધીમાં ILRS માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર બાંધકામ પૂર્ણ કરવાનો છે.

ILRS નાસાના લુનર ગેટવેને ટક્કર આપશે.જે અમેરિકન સ્પેસ એજન્સીના આગામી આર્ટેમિસ પ્રોગ્રામમાં મહત્વની ભૂમિકા ભજવવા માટે તૈયાર છે. જો કે નાસાનો લુનર ગેટવે માત્ર ચંદ્રની પ રિક્મા કરશે. પરંતુ ILRSમાં પરિક્રમાની સાથે ચંદ્રની સપાટી પર એક બેઝ પણ સામેલ હશે. સાથે જ સંખ્યાબંધ તપાસ રોવર્સનો પણ તેમાં સમાવેશ કરશે. રશિયા અને ચીનનું આગામી ધ્યેય ચંદ્ર પર ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરવાનું છે, જેમાં ઊર્જા, સંચાર અને લાઈફ સપોર્ટિંગ સિસ્ટમનો સમાવેશ થાય છે. રશિયા અને ચીનનું આગામી ધ્યેય ચંદ્ર પર ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરવાનું છે, જેમાં ઊર્જા, સંચાર અને લાઈફ સપોર્ટિંગ સિસ્ટમનો સમાવેશ થાય છે.

જોકે ILRS પ્રોજેક્ટના દરવાજા અન્ય દેશો માટે પણ ખુલ્લા છે. વુ યાનહુઆએ કહ્યું કે અમે આંતરરાષ્ટ્રીય સહયોગીઓની વ્યાપક ભાગીદારીને આવકારીએ છીએ. આ પ્રોજેક્ટ રશિયા અને ચીનના અધિકારીઓ દ્વારા માર્ચ ૨૦૨૧માં સમજૂતી કરાર પર હસ્તાક્ષર સાથે શરૂ થયો હતો. અગાઉ રશિયાએ નાસાના ગેટવે પ્રોગ્રામમાં સામેલ થવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. ૨૭ સપ્ટેમ્બર ૨૦૧૭ના રોજ રશિયાની સ્પેસ એજન્સી રોસ્કોસ્મોસ અને નાસાએ પણ એક અનૌપચારિક નિવેદન બહાર પાડ્યું હતું. પરંતુ રશિયાએ જાન્યુઆરી ૨૦૨૧માં જાહેરાત કરી હતી કે તે આ પ્રોજેક્ટનો



ભાગ નહીં બને.

**અંતરિક્ષમાં હરીફાઈ હવે ચરમ સીમાએ પહોંચી છે**

અંતરિક્ષમાં ચીનને માત આપવા અમેરિકાની સેના આગળ આવી છે. હા,અમેરિકાહવે અંતરિક્ષમાં સ્પેસ સુપરહાઈવે બનાવવા જઈ રહી છે.આ સુપર હાઈવેનો ઉપયોગ કરીને, લોકો ભવિષ્યમાં ચંદ્રની યાત્રા કરશે. અમેરિકન સિસ્ટમમાં બિઝનેસ પાર્ટનર્સ અને સહયોગીઓ હશે જે ભવિષ્યમાં આ હાઈવેનો ઉપયોગ કરીને ચંદ્ર અને તેની આગળ વારંવાર મુસાફરી કરશે. હાઈવેમાં રિફ્યુઅલિંગ, સ્પેસક્રાફ્ટ રિપેરિંગ અને કચરો ફેંકવાની સુવિધાઓ હશે.

ચીન અવકાશમાં એક વિશાળ 'મેગાસ્ટ્રક્ચર' બનાવે તે પહેલા અમેરિકાનો સુપરહાઈવે તૈયાર થાય તેવો પ્રયાસ અમેરિકી સેના કરી રહી છે. એક સેમિનારમાં સ્પેસ ફોર્સના બ્રિગેડિયર જનરલ જોન ઓલસને કહ્યું કે, 'અમે વિવિધ દેશોની નીતિઓ, ખાસ કરીને ચીનની નીતિ જોઈ છે. અમે અમારા ભાગીદારોની મદદથી આ કરવા માટે પ્રથમ બનવા માંગીએ છીએ કારણ કે આ રીતે અમે ધોરણો નક્કી કરીએ છીએ અને સિદ્ધાંતો બનાવીએ છીએ જેના પર અમે આધાર રાખીએ છીએ.

આમ હવે ચીન અને અમેરિકા વચ્ચે ચંદ્રને લઈનેજંગ છેડાઈ ચુક્યો છે.જનરલ જ્હોને ચીન પર નિશાન સાધ્યું છે

અને હવે અમેરિકા અને ચીન ફરીથી ચંદ્ર પર પહોંચવાની રેસમાં લાગેલા છે. બંને ભવિષ્યમાં ચંદ્રના કયા ભાગ પર આધાર બનાવવો તે જગ્યા શોધી રહ્યા છે. બીજી તરફ ચાઈનીઝ ડ્રેગન પૃ થ્વીની ભ્રમણકક્ષામાં કેટલાક કિલોમીટર વિશાળ 'મેગાસ્ટ્રક્ચર' બનાવવાની પણ તૈયારી કરી રહ્યું છે. આમાં સોલાર પાવર પ્લાન્ટ, ટૂરિસ્ટ કોમ્પ્લેક્સ, ગેસ સ્ટેશનથી લઈને એસ્ટરોઈડ માઈનિંગની સુવિધા પણ ઉપલબ્ધ હશે. પંચવર્ષીય યોજનાની જાહેરાત કરતા, નેચરલ સાયન્સ ફાઉન્ડેશન ઓફ ચાઇનાએ સંશોધકોને ટેકનોલોજી અને ટેકનિક વિકસાવવાની સૂચના આપી છે. ચીન ૨૦૩૫ સુધીમાં સ્પેસમાંથી વીજળી લેશે.

આ સ્ટ્રક્ચરના નિર્માણમાં ઓછા વજનની સામગ્રીનો ઉપયોગ કરવામાં આવશે જેથી તેને હાલના રોકેટ સાથે ભ્રમણકક્ષામાં પહોંચાડી શકાય. વૈજ્ઞાનિકોને ભ્રમણકક્ષામાં વસ્તુઓ ગોઠવવા અને નિયંત્રિત કરવા માટે ટેકનોલોજીની પણ જરૂર પડશે. ચીની સરકારે કહ્યું છે કે અવકાશમાં મેગાપ્રોજેક્ટ્સની તાત્કાલિક જરૂરિયાત છે જેને વિશાળ સ્પેસ ઉડાનની જરૂર પડશે જેથી તેમને ભ્રમણકક્ષામાં મૂકી શકાય. લગભગ એક માઈલ પ હોળા સૌર ઉર્જા મથક ધરાવતો આ પ્રકારનો આ પ હેલો પ્રોજેક્ટ છે જે ૨૦૩૫ સુધીમાં ચીનના ગ્રીડને વીજળી પહોંચાડી શકશે. અન્ય પ્રોજેક્ટ્સમાં આવા ઘણા મોટા ભ્રમણકક્ષાના પ્લેટફોર્મનો સમાવેશ થશે. જે ઘણા માઈલ અંતરિક્ષને આવરી લેવામાં સક્ષમ હશે. તેમની સામે, ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન વામણું દેખાશે, જે લગભગ ૩૫૦ ફૂટ પ હોળું છે. આ મેગાસ્ટ્રક્ચરમાં અનેક સ્પેસ સ્ટેશનો હશે જે ભ્રમણકક્ષામાં વિવિધ સ્થળોએ હાજર રહેશે. ચીને પહેલેથી જ અંતરિક્ષમાં પોતાનું સ્પેસ સ્ટેશન તિયાંગોંગ સ્થાપિત કર્યું છે. તે અવકાશમાં નવા સંશોધન મોડ્યુલ અને ટેલિસ્કોપ મોકલીને તેનું કદ વધારવાની યોજના ધરાવે છે

ચીન તેના સ્પેસ સ્ટેશન દ્વારા અમેરિકાના નાસાને પડકાર આપવા માંગે છે. વાસ્તવમાં, નાસા અન્ય ઘણા યુરોપિયન દેશો સાથે મળીને આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ સ્ટેશનનું સંચાલન કરી રહ્યું છે. આ સ્પેસ સ્ટેશન પર હાલમાં સાત અવકાશયાત્રીઓ છે. અન્ય પ્રોજેક્ટ્સમાં આવા ઘણા મોટા ભ્રમણકક્ષાના પ્લેટફોર્મનો સમાવેશ થશે. જે ઘણા માઈલ અંતરિક્ષને આવરી લેવામાં સક્ષમ હશે. તેમની સામે, ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન વામણું દેખાશે, જે લગભગ ૩૫૦ ફૂટ પ હોળું છે. આ મેગાસ્ટ્રક્ચરમાં અનેક સ્પેસ સ્ટેશનો હશે જે ભ્રમણકક્ષામાં વિવિધ સ્થળોએ હાજર રહેશે. ચીને પહેલેથી જ અંતરિક્ષમાં પોતાનું સ્પેસ સ્ટેશન તિયાંગોંગ સ્થાપિત કર્યું છે. તે અવકાશમાં નવા સંશોધન મોડ્યુલ અને ટેલિસ્કોપ મોકલીને તેનું કદ વધારવાની યોજના ધરાવે છે

ચીન તેના સ્પેસ સ્ટેશન દ્વારા અમેરિકાના નાસાને પડકાર આપવા માંગે છે. વાસ્તવમાં, નાસા અન્ય ઘણા યુરોપિયન દેશો સાથે મળીને આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ સ્ટેશનનું સંચાલન કરી રહ્યું છે. આ સ્પેસ સ્ટેશન પર હાલમાં સાત અવકાશયાત્રીઓ છે.

ન્યૂઝ બ્રિફ

## ટમેટાની જેમ ડુંગળી રડાવે તે પહેલાં જ સરકાર એક્શનમાં

। નવી દિલ્હી, તા.૨૦ ।

કેન્દ્ર સરકારે દેશમાંથી ડુંગળીની નિકાસ પર નિયંત્રણો લાદી દીધા છે. સ્થાનિક બજારમાં ડુંગળીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા અને તેની કિંમતોને નિયંત્રણમાં રાખવા માટે સરકારે આ પગલું ભર્યું છે. આ અંતર્ગત ડુંગળીની નિકાસ પર ૪૦ ટકાની ભારે ડ્યુટી લાદવામાં આવી છે, જે આ વર્ષના અંત સુધી લાગુ રહેશે. કેન્દ્ર સરકારે શનિવારે સાંજે ડુંગળીની નિકાસ પર લાદવામાં આવેલી ડ્યૂટી અંગે નોટિફિકેશન બહાર પાડ્યું હતું. નોટિફિકેશનમાં કહેવામાં આવ્યું છે કે સરકારે ૩૧ ડિસેમ્બર ૨૦૨૩ સુધી ડુંગળીની નિકાસ પર ૪૦ ટકા ડ્યૂટી લગાવવાનો નિર્ણય કર્યો છે. સરકારે ડુંગળીની નિકાસ પર આ પ્રતિબંધ એવા સમયે લગાવ્યો છે જ્યારે ટામેટાં પછી ડુંગળીના ભાવ આસમાને પહોંચવાની આશંકા હતી. એવું કહેવામાં આવી રહ્યું હતું કે સપ્ટેમ્બરથી ડુંગળીના ભાવ વધવા લાગશે અને સામાન્ય લોકોને મોંઘવારીનો નવો આંચકો આપશે. આ આશંકાને જોતા પહેલાથી જ અંદાજ લગાવવામાં આવ્યો હતો કે સરકાર ડુંગળીની નિકાસ પર પ્રતિબંધ લગાવવા માટે પગલાં લઈ શકે છે.

## ડીમ્પલ કાપડિયાનાં દગાથી ભાંગી પડ્યા હતા રાજેશ ખન્ના?

। મુંબઈ, તા.૨૦ ।

૧૬ વર્ષની ડિમ્પલ કાપડિયા અને ૩૨ વર્ષીય રાજેશ ખન્નાએ એક સમયે લગ્ન કરીને સૌને ચોંકાવી દીધા હતા. એક સિનેમાની દુનિયામાં પગ મૂકનારી છોકરી, પછી સિનેમાનો સૌથી પહેલો સુપરસ્ટા હતો. આ બંને વચ્ચેનો પ્રેમ લોકો માટે ખૂબ જ આશ્ચર્યનો વિષય હતો. ડિમ્પલની પહેલી ફિલ્મ ‘બોબી’ હજી રિલીઝ પણ થઈ નહોતી કે રાજેશ ખન્નાએ તેને પોતાની પત્ની બનાવવા માટે સ્પષ્ટ શરત રાખી હતી, ‘તેને પત્ની તરીકે કોઈ અભિનેત્રી જોઈતી નથી. રાજેશ ખન્નાએ લગ્ન પહેલા જ ડિમ્પલ કાપડિયાને સ્પષ્ટ કરી દીધું હતું કે લગ્ન પછી ડિમ્પલ કામ નહીં કરે. ડિમ્પલ એ જમાનાના સુપરસ્ટારને પોતાના પતિ તરીકે પસંદ કરવા માટે એટલી ઉત્સાહિત હતી કે તેણે આ શરત ખુશીથી સ્વીકારી લીધી. પરંતુ થોડા વર્ષો પછી આ સંબંધની જે સ્થિતિ થઈ તેણે રાજેશ ખન્નાને તોડી નાખ્યો. રાજેશ ખન્નાએ એક ઈન્ટરવ્યુમાં પોતાના તૂટેલા લગ્ન વિશે ખુલીને વાત કરી હતી. લગ્ન તૂટ્યા બાદ રાજેશ ખન્નાએ સ્ટારડસ્ટ મેગેઝીનને આપેલા ઈન્ટરવ્યુમાં પોતાના લગ્ન વિશે ખુલીને વાત કરી હતી.



ઘાટલોડિયા ગામની પાસે આવેલ શક્તિ વિદ્યાલયના વિદ્યાર્થીને શિક્ષક દ્વારા માર મરાતા હોબાળો થયો હતો.

નૂહ હિંસા પર હરિયાણાના ગૃહમંત્રી અનિલ વિજનું નિવેદન

## નૂહ હિંસા પાછળ મોટો ગેમ પ્લાન છે : અનિલ વિજ

**હથિયારો ક્યાંથી આવ્યા? આ વાતની અમે તપાસ કરીશું, આ બધું એક યોજનાનો ભાગ હોવાનો રાજ્યના ગૃહમંત્રીનો દાવો**

। ચંદિગઢ, તા.૨૦ ।

છેલ્લા કેટલાય દિવસથી નૂહ હિંસાની આગમાં તાપી રહ્યું છે. નૂહ હિંસા પર હરિયાણાના ગૃહમંત્રી અનિલ વિજનું નિવેદન સામે આવ્યું છે. તેણે કહ્યું કે, તેની પાછળ મોટો ગેમ પ્લાન છે. લોકો હાથમાં લાકડીઓ લઈને મંદિરોની બાજુમાં આવેલી ટેકરીઓ પર ચઢી ગયા અને પ્રવેશના સ્થળોએ ભેગા થયા. આ બધું યોગ્ય આયોજન વિના શક્ય નથી. નૂહમાં થયેલી હિંસામાં ગોળીઓ ચલાવવામાં આવી હતી, આગ લગાડવામાં આવી હતી અને કેટલાક લોકોએ હથિયારોની પણ વ્યવસ્થા કરી હતી. શું તેઓને મફતમાં વહેંચવામાં આવી રહ્યા હતા? કોઈએ તો આ મામલે તેમને મદદ કરી હ હશે. હથિયારો ક્યાંથી આવ્યા? આ વાતની અમે ઊંડાણપૂર્વ તપાસ કરીશું. આ બધું એક યોજનાનો ભાગ છે. સંપૂર્ણ તપાસ કર્યા વિના, ટૂંક સમયમાં અમે નિષ્કર્ષ પર જઈશું નહીં. તેમણે કહ્યું કે, પરિસ્થિતિ સુધર્યા બાદ ઈન્ટરનેટ સેવાઓ પુનઃસ્થાપિત કરવામાં આવશે.

પૂર્વી ચીનનું હાંગઝૂ પ્રાણીસંગ્રહાલયનો વિવાદ

## યુકેના પ્રાણીસંગ્રહાલયમાં માણસ જેવું રીંછ જોવા મળ્યું

**પેરેડાઈઝ વાઈલ્ડલાઈફ પાર્કે એક ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં લખ્યુ, અમે પુષ્ટિ કરી શકીએ છીએ કે કાયરા એક સન બિયર છે**

। લંડન, તા.૨૦ ।

સોશિયલ મીડિયા પર ‘માણસ જેવા રીંછ’નો એક વીડિયો વાયરલ થયા બાદ પૂર્વી ચીનનું હાંગઝૂ પ્રાણીસંગ્રહાલય વિવાદોમાં આવ્યુ છે. ત્યારથી પ્રાણીસંગ્રહાલયે આ આરોપોને ફગાવ્યા છે કે રીંછ વેશભૂષા પહેરેલુ નથી, પરંતુ તે અસલી રીંછ છે. હવે યુકેના પેરેડાઈઝ વાઈલ્ડલાઈફ પાર્કએ પોતાના પ્રાણીસંગ્રહાલયમાંથી આવા જ દેખાતા રીંછનો વીડિયો શેર કર્યો છે. પેરેડાઈઝ વાઈલ્ડલાઈફ પાર્કે એક ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં લખ્યુ, અમે પુષ્ટિ કરી શકીએ છીએ કે કાયરા એક સન બિયર છે. પ્રાણીસંગ્રહાલયે જે વીડિયો શેર કર્યો છે, તેમાં તમે માનવી જેવા દેખાતા રીંછને નજીકથી જોઈ શકો છો. ક્લિપની શરૂઆતમાં કાયરાને બગીચા જેવા વિસ્તારમાં ફરતુ જોવામાં આવે છે. આ પોસ્ટને ૧ ઓગસ્ટે શેર કરવામાં આવી હતી. પોસ્ટ કર્યા બાદથી આને ૩૪ હજારથી વધુ વખત લાઈક કરવામાં આવી ચૂકી છે. જેની પર ઘણી કમેન્ટ પણ આવી છે.

પ્રાઈવેટ વીડિયો મળતા ભારે હોબાળો

## એક શખસે પાડોશી યુવતિનાં બાથરૂમમાં હિડન કેમેરા લગાવ્યા

**યુવતી એક દિવસ બાથરૂમની સાફ સફાઈગઈ ત્યારે તેને જે જોયું એનાથી સમગ્ર પરિવારના માથે આભ ફાટ્યું**

। રાજકોટ, તા.૨૦ ।

કંસ્ટ્રક્શન બિઝનેસ સાથે સંકળાયેલા રાજકોટના ૩૩ વર્ષીય શખસે પાડોશી યુવતી પર નજર બગાડી. દરરોજ સોસાયટીમાં તે સ્વરૂપવાન યુવતિને જોવા માટે બહાર આવતો. પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે તેણે હદ તો ત્યારે વટાવી જ્યારે આ યુવતિના બાથરૂમમાં કેમેરા ફિટ કરવાનું નક્કી કર્યું. પરિવારમાં યુવતી, તેના ભાભી અને માતા સહિત ભાઈ રહેતો હતો. તેવામાં ભાભી અને યુવતી પર આ શખસની નજર પહેલાથી જ ખરાબ હોવાનું સોસાયટીમાં રહેતા લોકોએ જણાવ્યું હતું. તે અવાર નવાર કોઈક બહાને તેમના ઘરમાં જોતો જ રહેતો હતો. તેવામાં હવે કેમેરા લગાવ્યા બાદ પડોશમાં રહેતા ભાભી અને યુવતીએ સ્ટિંગ ઓપરેશન કરી ભાંડો ફોડ્યો. પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૩૩ વર્ષીય શખસ તેમની પાસેના મકાનમાં જ રહેતો હતો. વળી બીજી બાજુ બ્યુટીપાર્લરનું કામ કરતી પાડોશી યુવતીની પ્રાઈવેટ મોમેન્ટ જોવા માટે તેણે તમામ હદો વટાવી નાખી હતી. સૌથી પહેલાં પોતાના ઘરે રિનોવેશનનું કામ કરાવવાનું કહી પાડોશમાં રહેતા યુવતીના ઘર પાસે પણ તેને કશોક સામાન મુકાવ્યો હતો. હવે તેણે આ સમયે બપોરે બધાની જાણ બહાર યુવતીના બાથરૂમમાં હિડન કેમેરો ફિટ કરાવવાનું કામ શરૂ કરી દીધું હતું. જ્યારે જ્યારે ફ્રી સમય મળે ત્યારે તેણે પાવર બેક્ર, નાનો મોબાઈલ અને ફુલ ચાર્જડ કેમેરો ત્યાં લગાવી દીધો હતો. આ શખસ રોજ મોડી રાત્રે આવતો અને પછી મોબાઈલમાંથી વીડિયો ક્લિપ પોતાની પાસે લઈ લેતો હતો. જોતજોતામાં તેને બાથરૂમમાં તેની પાડોશમાં રહેતી સ્વરૂપવાન યુવતી, એના ભાભીના અંગત વીડિયોઝ કેપ્ચર કરી લીધા હતા. આવું ૨ દિવસ સુધી ચાલતું રહ્યું હતું અને યુવક પાવર બેક્ર બદલીને માનવતાની તમામ હદો વટાવતો ગયો હતો. હવે એક દિવસ થયું એવું કે આ મહિલાએ આખુ ઘર સાફ સફાઈ કરવા માટે કાઢ્યું હતું. જેમાં બાથરૂમની સફાઈ કરવા માટે મહિલા ત્યાં પહોંચી હતી.

મંદિર ફેબ્રુઆરી ૨૦૨૪માં ખુલ્લું મૂકાશે

## અબુધાબીમાં આકાર લઈ રહ્યું છે સ્વામિનારાયણ મંદિર

**આ ઉત્સવમાં સ્થાનિક ભારતીય સમુદાય ૧૫ ફેબ્રુઆરીથી રજિસ્ટ્રેશન કરાવીને ભાગ લઈ શકશે.**

। નવી દિલ્હી, તા.૨૦ ।

બોચાસણવાસી શ્રી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (BAPS)નું ભવ્યાતિભવ્ય મંદિર અબુધાબીમાં આકાર લઈ રહ્યું છે. સૌ હરિભક્તોને આનંદ થાય એવા સમાચાર આવ્યા છે. અગાઉ ચર્ચાતું હતું કે, ૨૦૨૪માં સ્વામિનારાયણ મંદિર ખુલ્લું મુકાશે અને હવે તેની તારીખની જાહેરાત થઈ ગઈ છે. ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૪થી ભક્તો સ્વામિનારાયણ મંદિરમાં દર્શન કરી શકશે. મ્હઁજી તરફથી આપવામાં આવેલી માહિતી પ્રમાણે, મંદિરનું ઉદ્ઘાટન વૈદિક રિવાજો પ્રમાણે થશે. મુસ્લિમ દેશમાં સૌથી મોટું હિંદુ મંદિર સ્થાપિત થતાં આ દિવસને એકતાના ઉત્સવ તરીકે ઉજવવામાં આવશે. અહીં હિંદુ સંસ્કૃતિ, પરંપરા અને કળાનું પ્રદર્શન થશે. BAPSના વડા મહંત સ્વામી મહારાજની આગેવાનીમાં તમામ વિધિ પૂર્ણ થશે. અબુધાબીના અબુ મુરેકામાં ૨૦૧૮ની સાલમાં ૨૭ એકર પ્લોટમાં મંદિરનો શિલાન્યાસ થયો હતો.

ઉત્તર ભારતના ઘણા રાજ્યોમાં ભારે વરસાદનું એલર્ટ

## દક્ષિણ ભારતના કેટલાક રાજ્યોમાં તોફાનની શક્યતા

**પૂર્વોત્તર રાજ્યોમાં ભારે વરસાદની સંભાવના છે, દેશના બાકીના ભાગોમાં વીજળી પડવાની સંભાવના**

। નવી દિલ્હી, તા.૨૦ ।

ઉત્તર ભારતના ઘણા રાજ્યોમાં ભારે વરસાદનું એલર્ટ જારી કરવામાં આવ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર દેશના મોટાભાગના વિસ્તારોમાં ભારે વરસાદ પડી શકે છે. આ ઉપરાંત દક્ષિણ ભારતના કેટલાક રાજ્યોમાં તોફાનની સંભાવના પણ વ્યક્ત કરવામાં આવી છે. પહાડી રાજ્યો ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં પણ મુશળધાર વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર પૂર્વોત્તર રાજ્યોમાં ભારે વરસાદની સંભાવના છે. દેશના બાકીના ભાગોમાં વીજળી પડવાની સંભાવના છે.આ ઉપરાંત અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, પશ્ચિમ ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, પંજાબ, હિમાચલ પ્રદેશ, પૂર્વ રાજસ્થાન અને રાજસ્થાનમાં વિવિધ સ્થળોએ ભારે વરસાદની સંભાવના છે. મધ્યપ્રદેશમાં વરસાદની શક્યતા છે.

## જેટલું અપમાન PM મોદીનું થયું, તેટલું અન્ય કોઈનું નથી થયું

**તેમણે કહ્યું કે આપણે મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામના ભક્ત છીએ અને આપણે ગરિમાનું પાલન કરવાનું છે**

। મંડલા, તા.૨૦ ।

મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી ઉમા ભારતી ૧૯ ઓગસ્ટના રોજ મંડલા પહોંચ્યા હતા. અહીં તેમણે ભાજપના કાર્યકરોને સંયમ રાખવાની સલાહ આપી હતી. ચૂંટણીમાં આક્ષેપોનો જવાબ આપતાં તેમણે કાર્યકરોને સંયમનો માર્ગ ન છોડવા જણાવ્યું હતું. જોકે, ભાજપના કાર્યકરો તેમના સંયમ માટે જાણીતા છે. ઉમા ભારતીએ કહ્યું કે, ભારતમાં જો કોઈ નેતા સૌથી વધુ અસહિષ્ણુતાનો શિકાર બન્યા હોય તો તે વડાપ્રધાન નરેન્દ્ર મોદી છે. જો કોઈ નેતા વિપક્ષના અસભ્ય વર્તનનો સૌથી વધુ ભોગ બન્યા હોય તો તે PM મોદી છે. PM મોદીનું આજ સુધી જેટલું અપમાન થયું છે એટલું કોઈનું અપમાન થયું નથી.

વિશેષ

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની પ્રેરક ઉપસ્થિતિમાં ‘ગુજરાત રાજ્ય સેવા સમિતિ’ નો ૩૬મો વાર્ષિકોત્સવ યોજાયો

# ૨રાજ્યમાં ૮ લાખ જેટલા ખેડૂતો પ્રાકૃતિક ખેતી સાથે જોડાઈ ચૂક્યા છે

**અમદાવાદ ખાતે રાજ્યના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની પ્રેરક ઉપસ્થિતિમાં ‘ગુજરાત રાજ્ય સેવા સમિતિ’નો ૩૬મો વાર્ષિકોત્સવ ઉજવાયો હતો**

આ પ્રસંગે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ‘ગુજરાત રાજ્ય સેવા સમિતિ’ના આદ્યસ્થાપક સ્વ. શ્રી સુરેન્દ્રસિંહ રાજપૂતને શ્રધ્ધાંજલિ આપતા કહ્યું કે, તેમણે હંમેશા સરકાર અને જનતા વચ્ચે સેતુ બનવાનું કામ કર્યું છે. તેઓ અનેક લોકોના સુખ દુઃખના સાથી બન્યા છે. સુરેન્દ્રસિંહ જેવા ઝુંઝારુ માણસ મરતા નથી, અમર થાય છે.

રાજ્યપાલશ્રીએ વધુમાં કહ્યું કે, કેન્દ્ર અને રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓ લોકો સુધી પહોંચાડવાનું કાર્ય આવી સંસ્થાઓએ કર્યું છે. આ ઉપરાંત મહિલા સશક્તિકરણ, સ્વચ્છતા અભિયાન, બેટી બચાવો બેટી પઢાઓ જેવા મુદ્દે જાગૃતતા લાવવાનું પણ કામ કર્યું છે. તેમણે કહ્યું કે, ગુજરાતની ધરતીને નમન કરું છું, આ ધરતીએ સમયે સમયે અનેક મહાપુરુષોએ જન્મ આપ્યો છે.

પ્રાકૃતિક ખેતી વિશે વાત કરતા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, રાસાયણિક ખાતરના બેફામ ઉપયોગથી આજે આપણે ખાઈ પી રહ્યા છીએ તે શુદ્ધ નથી રહ્યું. યુરિયા ડીએપી કે જે ધરતીના ઓર્ગેનિક કાર્બનને ઘટાડવાનું કામ કરે છે તે નાખીને શાકભાજી - ફળફળાદી પકવી રહ્યા છીએ. રાસાયણિક ખાતર નાખીને ધરતીને ઝેરીલી બનાવી દીધી છે. આજે ભૂમિગત પાણી પણ સલામત રહ્યું નથી. જેનું પરિણામ આજે એ છે કે, કેન્સરના રોગો, હૃદયના રોગો, કિડનીના રોગો વધી રહ્યા છે. તેમણે કહ્યું કે, વૈજ્ઞાનિક રિપોર્ટના આધારે



ગ્લોબલ વોર્મિંગનું કારણ રાસાયણિક ખાતર પણ છે. રાજ્યપાલશ્રીએ ઉપસ્થિત ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વળવાનું આહ્વાન કરતા કહ્યું કે, આજે રાજ્યમાં ૮ લાખ જેટલા ખેડૂતો પ્રાકૃતિક ખેતી સાથે જોડાઈ ચૂક્યા છે. આ ઉપરાંત રાજ્યમાં પ્રતિ માસ ૩.૫૦ લાખ ખેડૂતોને ટ્રેનિંગ આપવામાં આવી રહી છે. અને આગામી ૨ વર્ષમાં ગુજરાત સો ટકા પ્રાકૃતિક ખેતી વાળો પ્રદેશ બનશે. વધુમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, આપણે સૌએ પ્રકૃતિ સાથે મળીને જીવવું જોઈએ, લડીને નહીં. સુરેન્દ્રસિંહને સાચી શ્રધ્ધાંજલિ એજ હશે કે આપણે સૌ પ્રાકૃતિક ખેતીના આ મિશનમાં જોડાવા સંકલ્પ બદ્ધ બનીએ. અત્રે ઉલ્લેખનીય છે કે, આજથી ૩૬ વર્ષ પૂર્વે સ્વ. શ્રી સુરેન્દ્રસિંહ રાજપૂતે સેવાયજ્ઞને માધ્યમ બનાવી ‘ગુજરાત રાજ્ય સેવા સમિતિ’ની સ્થાપના કરી હતી. છેલ્લા ૩૬ વર્ષથી કેન્દ્ર તથા રાજ્ય સરકારની પ્રજાલક્ષી કલ્યાણકારી યોજનાઓને છેવાડાના લોકો સુધી પહોંચાડવા ‘ગુજરાત રાજ્ય સેવા સમિતિ કાર્યરત છે. આ પ્રસંગે સ્વામી શ્રી પરમાત્માનંદ સરસ્વતીજી, રાજ્યસભા સાંસદ શ્રી નરહરિભાઈ અમીન, અમદાવાદ પૂર્વના સાંસદ શ્રી હસમુખભાઈ પટેલ, શ્રી જગરૂપસિંહ રાજપૂત તથા ગુજરાત રાજ્ય સેવા સમિતિના આગેવાનો સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યપાલશ્રીએ વધુમાં કહ્યું કે, કેન્દ્ર અને રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓ લોકો સુધી પહોંચાડવાનું કાર્ય આવી સંસ્થાઓએ કર્યું છે. આ ઉપરાંત મહિલા સશક્તિકરણ, સ્વચ્છતા અભિયાન, બેટી બચાવો બેટી પઢાઓ જેવા મુદ્દે જાગૃતતા લાવવાનું પણ કામ કર્યું છે. તેમણે કહ્યું કે, ગુજરાતની ધરતીને નમન કરું છું, આ ધરતીએ સમયે સમયે અનેક મહાપુરુષોએ જન્મ આપ્યો છે.

પ્રાકૃતિક ખેતી વિશે વાત કરતા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, રાસાયણિક ખાતરના બેફામ ઉપયોગથી આજે આપણે ખાઈ પી રહ્યા છીએ તે શુદ્ધ નથી રહ્યું. યુરિયા ડીએપી કે જે ધરતીના ઓર્ગેનિક કાર્બનને ઘટાડવાનું કામ કરે છે તે નાખીને શાકભાજી - ફળફળાદી પકવી રહ્યા છીએ. રાસાયણિક ખાતર નાખીને ધરતીને ઝેરીલી બનાવી દીધી છે. આજે ભૂમિગત પાણી પણ સલામત રહ્યું નથી. જેનું પરિણામ આજે એ છે કે, કેન્સરના રોગો, હૃદયના રોગો, કિડનીના રોગો વધી રહ્યા છે. તેમણે કહ્યું કે, વૈજ્ઞાનિક રિપોર્ટના આધારે ગ્લોબલ વોર્મિંગનું કારણ રાસાયણિક ખાતર પણ છે. રાજ્યપાલશ્રીએ ઉપસ્થિત ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વળવાનું આહ્વાન કરતા કહ્યું કે, આજે રાજ્યમાં ૮ લાખ જેટલા ખેડૂતો પ્રાકૃતિક ખેતી સાથે જોડાઈ ચૂક્યા છે. આ ઉપરાંત રાજ્યમાં પ્રતિ માસ ૩.૫૦ લાખ ખેડૂતોને ટ્રેનિંગ આપવામાં આવી રહી છે. અને આગામી ૨ વર્ષમાં ગુજરાત સો ટકા પ્રાકૃતિક ખેતી વાળો પ્રદેશ બનશે. વધુમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, આપણે સૌએ પ્રકૃતિ સાથે મળીને જીવવું જોઈએ, લડીને નહીં. સુરેન્દ્રસિંહને સાચી શ્રધ્ધાંજલિ એજ હશે કે આપણે સૌ પ્રાકૃતિક ખેતીના આ મિશનમાં જોડાવા સંકલ્પબદ્ધ બનીએ. અત્રે ઉલ્લેખનીય છે કે, આજથી ૩૬ વર્ષ પૂર્વે સ્વ. શ્રી સુરેન્દ્રસિંહ રાજપૂતે સેવાયજ્ઞને માધ્યમ બનાવી ‘ગુજરાત રાજ્ય સેવા સમિતિ’ની સ્થાપના કરી હતી. છેલ્લા ૩૬ વર્ષથી કેન્દ્ર તથા રાજ્ય સરકારની પ્રજાલક્ષી કલ્યાણકારી યોજનાઓને છેવાડાના લોકો સુધી પહોંચાડવા ‘ગુજરાત રાજ્ય સેવા સમિતિ કાર્યરત છે. આ પ્રસંગે સ્વામી શ્રી પરમાત્માનંદ સરસ્વતીજી, રાજ્યસભા સાંસદ શ્રી નરહરિભાઈ અમીન, અમદાવાદ પૂર્વના સાંસદ શ્રી હસમુખભાઈ પટેલ, શ્રી જગરૂપસિંહ રાજપૂત તથા ગુજરાત રાજ્ય સેવા સમિતિના આગેવાનો સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## તંત્રી લેખ...

# કાશ્મીર ખીણની હકીકત

જમ્મુ કાશ્મીરમાં કલમ ૩૭૦ને દુર કરવામાં આવ્યા બાદ સ્થિતી ધીમે ધીમે સુધરી રહી છે પરંતુ હજુ પણ એટલી સફળતા મળી નથી જેટલી અપેક્ષા રાખવામાં આવી રહી છે. ત્રાસવાદીઓની સામે ઓપરેશન ઓલઆઉટ હજુ જારી છે. જમ્મુ કાશ્મીરમાં કલમ ૩૭૦ને નાબુદ કરવામાં આવ્યા બાદ સામાન્ય લોકો સંતુષ્ટ છે. સાથે સાથે જનજીવન પહેલા કરતા સામાન્ય બન્યુ છે. પહેલા થતી દરરોજની પથ્થરબાજીની ઘટના હવે બની રહી નથી પરંતુ બનાવો તો હજુ પણ બની રહ્યા છે. જેથી લોકોમાં વધારે વિશ્વાસ જગાવવા માટેની જરૂર દેખાઇ રહી છે. કેન્દ્ર સરકાર ચોક્કસપણે આ દિશામાં આગળ વધતી નજરે પડી રહી છે પરંતુ કટ્ટરપંથીઓ અને હિંસક તત્વો પર બાજ નજર રાખવાની તાકીદની જરૂર દેખાઇ રહી છે. કારણ કે આવા તત્વોના કારણે સામાન્ય લોકોની પરેશાની વધી રહી છે. લાંબા સમયથી ત્રાસવાદી હિંસા અને અશાંતિના પરિણામસ્વરૂપે સામાન્ય લોકોની સાથે સાથે પ્રવાસીઓ પણ સતત મુશ્કેલી અનુભવ કરે છે. જરૂર લાંબા સમયથી દહેશતનો સામનો કરી રહેલા જમ્મુ કાશ્મીરમાં સળગી રહેલી આગને શાંત કરવા માટેની રહેલી છે. લોકશાહી રીતે સરકાર ચૂંટી કાઢવા માટેની પણ બાબત જરૂરી બની છે. ક્યારેક ક્યારેક સંકેતોમાં આપવામાં આપવામાં આવેલા નિવેદનના કારણે પણ સીધી માર કરે છે. જમ્મુ કાશ્મીરના રાજ્યપાલના નિવેદનને લઈને પણ આવુ જ બન્યુ છે. ભ્રષ્ટાચારના કારણે આ પ્રકારના સ્થિતી સર્જાઇ ગઇ છ. રાજ્યપાલ તરીકેની કેટલીક બંધારણીય મર્યાદા પણ રહેલી છે. પરંતુ જ્યારે તેઓ કહે છે કે કાશ્મીરમાં ખુબ વધારે રાજનેતા અને ટોપ અધિકારીઓ છે અને આ લોકો ભ્રષ્ટાચારમાં ડુબેલા છે તો ચિંતા વધી જાય તે સ્વાભાવિક છે. રાજકીય લોકો માટે ટિકા ટિપ્પણી માટે અલગ અલગ અભિપ્રાય હોઇ શકે છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં કાશ્મીરમાં જે સ્થિતી સર્જાઇ છે તેના માટે જવાબદાર કોણ છે તેના પર વિચારણા કરવાની બાબત વધારે જરૂરી છે. રાજ્યપાલે જે કઇ પણ કહ્યુ તેમાં એક હદ સુધી વાસ્તવિકતા પણ છે. પડોશી દેશ પાકિસ્તાનની ભાષા બોલનાર કાશ્મીરના કેટલાક રાજનેતા જ્યારે ત્રાસવાદીઓની તરફેણ કરવા માટે મેદાનમાં ઉતરે છે ત્યારે તેમના અસલી ચહેરા પણ સપાટી પર આવી જાય છે. એકબાજુ આવા નેતાઓ અને અધિકારીઓ શાંતિ સ્થાપિત કરવાની વાત કરે છે જ્યારે બીજી બાજુ આ લોકો નિષ્પક્ષ ચૂંટણી ન થાય તેવા પ્રયાસ પણ કરે છે. છેલ્લા વર્ષોમાં અમે જોઇ ચુક્યા છીએ કે માત્ર દસ ટકા વોટ હાંસલ કરનાર પણ કાશ્મીરમાંથી સંસદમાં પહોંચી રહ્યા છે. જ્યારે પણ કાશ્મીરમાં ત્રાસવાદને કચડી નાંખવા માટેના પ્રયાસ કરવામાં આવે છે ત્યારે માનવ અધિકારના મુદ્દાને ઉઠાવીને અડચણો ઉભી કરવાના પ્રયાસ કરવામાં આવે છે. ભ્રષ્ટાચારના મામલામાં જ્યારે રાજનેતાઓ અને ટોપ અધિકારીઓના નામ આવે છે ત્યારે લાગે છે કે રાજયપાલે કોઇ વાત ખોટી કરી નથી. પરંતુ કોઇને ગોળી મારી દેવાની બાબત પણ હિંસાને પ્રોત્સાહન આપે છે. કેન્દ્ર સરકાર તમામને સાથે રાખીને શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણીની તૈયારી પણ કરવી જોઇએ.

# મહાકાલને સ્મશાનના અધિપતિ માનવામા આવે છે, જેથી શબની ભસ્મ તેમના શ્રૃંગારનુ કામ કરે છે. ઉપરાંત એક માન્યતા છે



**સદગુરુ વચનામૃત**

સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



મહાકાલને સ્મશાનના અધિપતિ માનવામા આવે છે, જેથી શબની ભસ્મ તેમના શ્રૃંગારનુ કામ કરે છે. ઉપરાંત એક માન્યતા છે, કે મહાકાલને ચઢાવેલ ભસ્મને આરોગવાથી તમામ રોગોમાંથી મુક્તિ મળે છે. ધીમી ગતિએ શ્રાવણ આગળ ચાલી રહ્યો છે અને લોકો પણ બધી વ્યથા ભૂલી અને શિવને આરાધવા શિવાલયોમાં જવા લાગ્યાં છે. મંદિરોમાં ખૂબ જ ભીડ થાય છે, એકંદરે આ ભાવ એટલે કે શ્રાવણમાં જ ક્યાક નુકસાન કરતા પણ સાબિત થઈ શકે છે. પરંતુ ભોળો ભગવાન એવું ન કરે, એવી ઈચ્છા રાખીએ. ભાવનગર શહેરની માત્ર વાત કરીએ તો, અહીં ઘણા બધા શિવાલયો આવેલા છે. ભીડભંજન મહાદેવ, બારસી મહાદેવ, બિલેશ્વર, નારેશ્વર, જશ્વનાથ, ભવનાથ, થાપનાથ અને શહેરની શોભા વધારનાર તપ્નેશ્વર તો ખરું જ. આસપાસના વિસ્તારો અને નાના-નાના ગામ પથકોમાં પણ ઘણા બધા શિવાલયો છે, અને દરેકનો કોઈને કોઈ મહિમા પણ છે. એટલે એ રીતે જોઈએ તો સૌરાષ્ટ્ર પંથક શિવાલયથી ભરપુર છે, અને લોકોના મનમાં એની પ્રત્યે અનન્ય ભાવ પણ છે. આપણે પણ જુદાજુદા શિવાલય વિષે જાણીએ છીએ. આપણે બાર જ્યોતિર્લિંગમાંના ત્રીજા ક્રમે આવતાં, જ્યોતિર્લીંગ એટલે કે ઉજ્જૈનના મહાકાલ વિશે વાત કરીશું. ભારતનાં નકશાનું હૃદય એવી ઉજ્જૈન નગરીમાં એટલે કે હાલના મધ્યપ્રદેશની રાજધાનીમાં મહાદેવનાં બાર જ્યોતિર્લિંગમાંનું એક જ્યોતિર્લિંગ બિરાજમાન છે, અને તે કાળના કાળ મહાકાળનાં નામે એટલે કે, મહાકાલેશ્વરનાં નામે પ્રસિદ્ધ છે. આ નગરી જે પહેલાના સમયમાં અવંતિકા એટલે કે વિક્રમાદિત્યની રાજધાની હતી. આ ઉપરાંત આ નગરીના ઘણા નામ છે. જેમ કે અવંતિ, અવંતિકા, ઉજ્જયીની, વિશાલા, નંદની, અમરાવતી, કનકશ્રૃંગા, પદ્માવતી, પ્રતિકલ્પા, ચૂડામણી વગેરે નામોથી ઓળખાતું હતું, મહાકાલનાં મંદિર સિવાય પણ ઉજ્જૈન સમ્રાટ વિક્રમાદિત્ય અને મહાકવિ કાલિદાસનું નામ આ પ્રદેશ સાથે જોડાયેલું હોવાથી પ્રખ્યાત છે. મહાકવિ કાલિદાસે પોતાના જીવનના પચાસ વરસ આ જગ્યા પર પસાર કર્યા હતાં. વિક્રમાદિત્યના સમયનાં અહીં ઘણા બધા શિલ્પ અને સ્થાપત્ય મળી આવે છે. જે જે તે સમયના ભારતના ઐશ્વર્યનો પરિચય કરાવે છે. મંદિરના પટાંગણમાં કોઈ એક પ્રોજેક્ટ અંતર્ગત ખોદકામ કરવામાં આવ્યું તો તેનાથી જુના જમાનાની દિવાલ જેવા અવશેષો મળી આવ્યાં, અને પુરાતત્વ વિભાગના કહેવા અનુસાર આ બાંધકામ પુરા ૧૦૦૦ વર્ષ પૂર્વેનું છે. જે બતાવે છે કે અહીં યુગ પહેલાં પણ ભારતીય સંસ્કૃતિ ધરાવતા કોઈનું રાજ્ય હશે. શિપ્રા નદીના કિનારે આવેલું મહાકાલનું મંદિર ઘણા બધા રહસ્યો સાથે સંકળાયેલું છે અને આ ઉપરાંત તેની સાથે એક તેના હોવા વિશેની દંતકથા પણ મળી આવે છે. આ ઉપરાંત મહાકાલની સાથોસાથ કાલભૈરવનુ મંદિર પણ અહીં આવેલું છે, અને ભારતમાં એકમાત્ર શિવાલય એવું છે, જેમાં ભગવાન દક્ષિણાભિમુખ બેઠા છે, આથી તેને દક્ષિણામૂર્તિ પણ કહેવામાં આવે છે. આમ જુઓ તો આપણે ત્યાં મોટેભાગે ઈશાન ખૂણો અથવા તો પૂર્વ તરફ મુખ કરીને મૂર્તિને રાખવામાં આવે છે. એટલે તંત્રની. વામ માર્ગીય સાધના માટે કાલ અને મહાકાલની ઉપાસના કરવા અહીં ઘણા અઘોરીઓ ને તાંત્રિકો આવે છે. આ મંદિરનું ખાસ આકર્ષણ ભસ્મ આરતીનું છે, ત્યાં વહેલી સવારે એટલે કે લગભગ ચાર વાગે મહાદેવના લિંગને ભસ્મનો શ્રૃંગાર કરવામાં આવે છે, પહેલા તો તાજી ચિતા પરથી ભસ્મ લઈ અને તેનું લેપન કરવામાં આવતું હતું, પરંતુ હવે કપિલા ગાયના ગોબરમાંથી બનેલા છાણા, શમી,પીપળો, પલાશ, વડ,અમલતાસ અને બોરના લાકડાઓને બાળીને તેની ભસ્મ બનાવવામાં આવે છે, જે બિલકુલ શિવપુરાણમાં ઉલ્લેખ થયાં મુજબ છે. જોકે અઘોરીઓની માંગણી છે કે મહાકાલની ભસ્મ આરતી પહેલાની જેમ જ તાજા મડદાની રાખમાંથી થાય. આ આરતી સમયે વાતાવરણ એક અલગ જ પ્રકારના ધાર્મિક આવૃત્તિ મય બની જાય છે.પરંતુ મહાકાલની આરતી સમયે એક અગત્યના નિયમનુ પાલન અચૂકપણે કરવાનુ થાય છે.મહાકાલની આરતી દરમિયાન સ્ત્રીઓએ ફરજિયાત સાડીમાં જ પ્રવેશ આપવામાં આવે છે, અને ઘૂંઘટ રાખવો પડે છે, કારણ કે આ સમયે ભગવાન નિરાકાર રૂપમાં હોય છે, તેથી સ્ત્રીઓને મહાકાલની આરતીના દર્શનની મનાઈ છે. તેમજ પુજારીને પણ સિલાઈ વિનાના માત્ર એક જ વસ્ત્ર ધારણ કરી પૂજા કરવાની હોય છે.મહાકાલને સ્મશાનના અધિપતિ માનવામા આવે છે, જેથી શબની ભસ્મ તેમના શ્રૃંગારનુ કામ કરે છે. એવી પણ એક માન્યતા છે, કે મહાકાલને ચઢાવેલ ભસ્મને આરોગવાથી તમામ રોગો માંથી મુક્તિ મળે છે. અહીંયાં સોમવારે અને શ્રાવણ મહિનામાં લાખો શ્રધ્ધાળુઓ આવે છે. શ્રાવણમાં અહીંયા ખાસ કરીને શ્રાવણ મહોત્સવ ઉજવવામાં આવે છે. જેમાં પંડિત જસરાજ મહારાજથી લઈને પંડિત બીરજૂ મહારાજ જેવા ખ્યાતિમાન કલાકારો ભાગ લે છે. વિક્રમાદિત્યના સમયમાં આપણું હિંદુ ઓનું કેલેન્ડર નક્કી થયું હોવાથી ઈ.સ. વિક્રમ સંવત એવું કહેવામાં આવે છે. આ ઉપરાંત ઉજ્જૈન અને મહાકાલ નું મંદિર શિપ્રા નદીના કિનારે આવેલું છે,ક્ષીપ્રા નો એક અર્થ ધીમો વેગ પણ કરવામાં આવે છે, અને તેથી અહીં દર દસ વર્ષે કુંભ મેળાનું પણ આયોજન કરવામાં આવે છે જેમાં દેશ-વિદેશથી ઘણા ભક્તો ઉમટી પડે છે અને શિવ શંકર ના ગણ જેવા અઘોરીઓ પણ કુંભ મેળાનું મુખ્ય આકર્ષણ છે. આ મંદિર મુખ્યત્વે ત્રણ ભાગમા વિભાજિત છે. તેના પ્રથમ ઉપરી ભાગે નાગ ચંદ્રેશ્વર, મધ્યસ્થે ઓંકારેશ્વર અને છેલ્લે નીચે મહાકાળેશ્વર જ્યોતિર્લિંગના દર્શન થાય છે. આ સાથે અહિયાં ભગવાન ભોલાનાથ સાથે માતા ઉમા, ગણપતી તેમજ કાર્તિકેયના પણ દર્શન થાય છે.મંદિરમાં એક કુંડ પણ આવેલુ છે અને તેમા સ્નાન કરવાથી પાપો ધોવાઈ છે તેવી માન્યતા પણ છે.મહાકાલ ના મંદિરમાં કાલભૈરવ, મંગલ મંદિર, કે જેની સાથે મંગલં ગ્રહ ની ઉત્પત્તિ ની કથા જોડાયેલી છે, અને બીજા પણ ઘણા મંદિર આવેલા છે. મહાકાલ નાં મંદિર સાથે એક દંત કથા જોડાયેલી છે જે તેનું પ્રમાણ માનવામાં આવે છે. પૌરાણિક માન્યતા અનુસાર કહેવાય છે કે દૂષણ નામનો એક રાક્ષસ બધાને ખૂબ જ પરેશાન કરી રહ્યો હતો અને લોકોએ મહાકાલને પ્રાર્થના કરી કે હે મહાકાલ અમને આ રાક્ષસના ત્રાસમાથી મુક્ત કરો, અને લોકોની રક્ષા અર્થે મહાકાલ એટલે કે ભગવાન આશુતોષ પ્રગટ થયા, અને દૂષણનો ખાત્મો કરી અને પરત જઈ રહ્યા હતાં, ત્યારે ઉજ્જૈન વાસીઓએ તેમને અહીં જ રોકાઈ જવા આગ્રહ કર્યો, અને ભગવાન શિવલિંગમાં સ્વયં જ્યોતિ સ્વરૂપે સમાઈ ગયાં, ત્યારથી આ મંદિર મહાકાલનાં ના નામે પ્રખ્યાત છે, અને ૧૨ જ્યોતિર્લિંગમાંનું એક ઉત્તમ મંદિર છે.આ ઉપરાંત મંદિરમાં સાંજની આરતી સમયે શિખર પર ઘણાં પક્ષીઓ પ્રદક્ષિણા કરે છે, અને આરતી પૂરી થયાં, પછી ચૂપચાપ ક્યાંક ચાલ્યા જાય છે, એ પક્ષી કોણ છે? ક્યાંથી આવે છે? ને શું કામ આવે છે? એ રહસ્ય હજી સુધી શોધાયું નથી, ઉજ્જૈનમાં કોઈ મહાન વ્યક્તિ કે નેતાઓ રાત્રી રોકાણ કરતા નથી, આ પણ એક રહસ્ય છે.

## સમાજમાં હિંસા કેમ વધી રહી છે

ભારતીય સમાજમાં હિંસા સતત વધી રહી છે જેના કારણે સરકારની સાથે સાથે દેશના જુદા જુદા વર્ગના બુદ્ધિજીવી લોકો પણ ચિંતાતુર બનેલા છે. ભારતીય સમાજમાં વધી રહેલી સામૂહિક હિંસાને ધ્યાનમાં લઇને સ્થિતીનુ મુલ્યાંકન કરવામાં આવે તે જરૂરી છે. જેના કારણે સમાજમાં હિંસાની ઘટના બની રહી છે તેમાં તપાસ કરવા અને ધ્યાન આપવાની તાકીદની જરૂર દેખાઇ રહી છે. ક્યારેય ગૌરક્ષાના નામે, ક્યારેય રાષ્ટ્રવાદના નામે, ક્યારેક વિચારધારાના નામ પર સામૂહિક હિંસાની ઘટના વધી રહી છે. બાળક ચોરીના નામ પર પણ સામૂહિક હિંસાની ઘટના વધી રહી છે. આ હિંસા અફવાઓના આધાર પર નિર્દોષ લોકો પર કરવામાં આવેલી હિંસાના રૂપમાં પ્રગટ થાય છે. ક્યારેય જાતિગત અને ક્યારેય સાંપ્રદાયિકતાને લઇને આ પ્રકારના બનાવો બનતા રહે છે. સોશિયલ મીડિયા, અફવા અન સામાન્ય રીતે રાજનીતિમાં પણ વધતા આ રોગના કારણે સામૂહિક હિંસાની ઘટના વધી રહી છે. રોગ સમાજના મનમાં ઘર કરે છે જેથી સામૂહિક હિંસાની ઘટના સપાટી પર આવી રહી છે. ભય અને હિંસા વચ્ચે પારસ્પરિક સંબંધ રહેલા છે. સરેરાશ ભારતવાસી વ્યવસ્થાના કારણે પોતાની સાથે વિશ્વાસઘાત કરવામાં આવ્યો હોવાની બાબતથી ગ્રસ્ત રહે છે. જેથી એક બિનસુરક્ષા ગ્રથિનો શિકાર રહે છે. વ્યક્તિ કોઇને કોઇ જગ્યાએ આ બાબતને લઇને વિશ્વાસ ગુમાવી રહ્યો છે કે વ્યવસ્થા તેના હિતોને અને તેના જીવન રક્ષણને લઇને ચિંતિત છે. વ્યવસ્થાને કોઇ પડી નથી તેવી ભાવના સામાન્ય વ્યક્તિમાં ફેલાય છે ત્યારે હિંસાની ભાવના પણ જાગી ઉઠે છે. તમામ લોકો આ બાબત સાથે સહમત છે કે હિંસા અને ભય વચ્ચે સંબંધ રહેલા છે. બંને એકબીજાને વધારે છે. હિંસા ઘટનાથી પહેલા અમારા મનમાં ઘટિત થઇ જાય છે. હિંસાને લઇને મનૌવૈજ્ઞાનિક અને તંત્રિકા વૈજ્ઞાનિક અથવા તો ન્યુરોલોજિકલ અભ્યાસમાં આ બાબત નિકળીને સપાટી પર આવી છે કે માનવીમાં હિંસા કરવાનુ સામર્થ્ય તો છે પરંતુ તેના સ્વભાવમાં આ હિંસા નથી. તે કોઇને કોઇ બહારના પરિબળોના કારણે હિંસા ફેલાવવા માટે આગળ વધે છે. તે હિંસા ઉપર બહારના કારણસર ઉતારુ થાય છે. અને આક્રોશિત થાય છે. આનો અર્થ એ થયો કે જો સમાજમાં હિંસાને ઉત્તેજિત કરનાર પરિસ્થિતી અથવા તો પરિવેશ ન થાય તો આવા સમાજમાં હિંસા નહીંવત સમાન રહેશે. તેના સામૂહિક રૂપ લેવાની ઘટના શક્ય બનશે નહી. હિંસાને લઇને જુદા જુદા અભ્યાસના તારણ જારી કરવામાં આવ્યા છે. આજે ઉભી થયેલી પરિસ્થિતીની સમીક્ષા જરૂરી બની ગઇ છે. ગૌરક્ષા, બાળક ચોરી, રાષ્ટ્રવાદના નામ પર હિંસા થઇ રહી છે. આજે સામાન્ય રીતે સોશિયલ મિડિયાને આવી સામૂહિક હિંસા માટે જવાબદાર ગણવામાં આવે છે. તેના પર અંકુશ મુકવા માટેની માંગ પણ કરવામાં આવે છે. જે એક હદ સુધી યોગ્ય માની શકાય છે. પરંતુ જો સમાજના મનમાં ધીમે ધીમે હિંસક ભાવના જમા ન થઇ ગઇ હોત તો તે આ રીતે એકાએક ફેલાઇ શકે તેમ નથી. ભારતીય સમાજમાં ભયની સ્થિતી શુ છે. જે એકાએક હિંસામાં ફેલાઇ જાય છે. વાસ્તવિકતા તો એ છે કે સરેરાશ ભારતીય પોતાની સાથે વિશ્વાસઘાત થયો હોવાની ભાવનાથી ગ્રસ્ત રહે છે. વ્યવસ્થાને લઇને તેના અવિશ્વાસના કારણે પણ માનવીની અંદર ભયની ભાવના જગાવે છે. જેના કારણે તે પોતાના દ્વારા કરવામાં આવતી હિંસાને આક્રમક નહીં બલ્કે આત્મરક્ષણ તરીકે ગણીને તેના પોતાના મનમાં યોગ્ય ઠેરવે છે. ત્યારબાદ તક મળતાની સાથે જ તે ભીડમાં સામેલ થઇને તે પોતાના ભયને દુર કરવા માટે હિંસામાં ઉતરે છે. તે હિંસક બની જાય છે.

### શ્રાવણ માસમાં શિવ મહિમા-૫

# શિવ મહા પુરાણના શ્રવણ પઠનનો મહિમા



**વિશેષ**

યશપાલસિંહ ટી. વાઘેલા



શ્રાવણ માસ સડસડાટ પસાર થઈ રહયો છે.રવિવારે મેઘરાજાએ ધીમી ગતિએ પધરામણી કરતાં જીવમાત્રમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે. શ્રાવણ માસમાં શિવ મહીમા અંતર્ગત આપણે પાંચ વાતો જાણી તમારી હુંફ પ્રોત્સાહન થકી લેખન કરી પીરસવાની બહુ મજા આવે છે આવા સહકારની આશા સાથે આપણે છઠ્ઠા મણકામાં શિવમહા પુરાણના શ્રવણ પઠનનો મહિમા જોઈએ તો પ્રયાગતીર્થમાં ઋષિ મુનિઓ શિવમહાપુરાણ સાંભળવા ભેગા થયેલા તેમાં વક્તા તરીકે વ્યાસજી ના શિષ્ય સૂત વ્યાસપીઠ ઉપર બેઠા હતા. તે સમયે મુની ઓમાં શ્રેષ્ઠ અને બુધ્ધિમાના શૌનક મુનિ સુતજીને ઉદ્દેશીને બોલ્યા હે મહાજ્ઞાની સૂત!તમે અમને પુરણોની કથા સંભળાવો જ્ઞાન વૈરાગ્યથી યુક્ત સદભક્તિથી વૈરાગ્ય શી રીતે વધે ? જે કલ્યાણકારી અને પાવનકારી ઉપાય દ્વારા આત્મા તાત્કાલિક પવિત્ર બની શિવને પામી શકે તે બતાવો.સુતજી બોલ્યા - શિવમહાપુરાણની કથા ભક્તિ વધારનાર, સંતોષ આપનાર સાયનરુપ છે શ્રી શિવ મહાપુરાણ ની કથાએ ભગવાન શિવ તરફની યાત્રાનો પ્રારંભ છે.ભગવાન શિવ ના દર્શન ની કથા છે.જે મન અને શરીરના રોગોને દૂર કરી શાશ્વત શાંતિનો અનુભવ કરાવનાર છે.આ કથા ગાવી કહેવી,સમજવી કે સમજાવવી અઘરી છે.હત કઠિન, સમુજત કઠિન સાધન કઠિન આમ છતાં કોઈ સાચા સંત કે નિઃસ્પૃહી શિવભક્ત વક્તા દ્વારા સમજવા માં આવે તો જીવનના કેટલાય કોયડાઓનો ઉકેલ આવી જાય છે. શિવ કથા સાંભળતા પહેલા બુદ્ધિ અને અહંને પોતાનાથી અળગા રાખીને સાંભળવાથી જ તેમાં સમાયેલા તથ્યો સમજી શકાય છે. તૂટતી જતી સમાજ વ્યવસ્થાને જોડવાનો રામબાણ ઈલાજ ભગવાન શિવના ચરિત્રની કથા એટલે શ્રી શિવ મહાપુરાણની કથા છે.સમગ્ર બ્રહ્માંડમાં ભગવાન શિવનું કુટુંબ જ એક આદર્શ કુટુંબ છે.જે કુટુંબમાં નાના મોટા સૌ કોઈ પુજાયા છે.તેઓ તો પુજાયા એટલું જ નહિ તેમના વાહનો પણ પુજાયા છે. બધાના સ્વભાવ જુદા જુદા હોવા છતાં ભેટા થઈ કેવી રીતે રહી શકાય તેનું માર્ગદર્શન શિવજીની આ કથા આપે છે.

શ્રી શિવમહાપુરાણ સ્વયંભગવાન શિવજીએ રચ્યું છે. તેનું સંક્ષિપ્ત સ્વરૂપ શ્રી વેદ વ્યાસજી એ આપ્યું છે.આ શિવ મહાપુરાણમાં સાત સંહિતાઓ,૨૯૭ અધ્યાય અને ૨૪૦૦૦ શ્લોક છે. શ્રી શિવ મહા પુરાણ જગતને દિશા બતાવે છે. જેનાથી માણસની દશા સુધરે છે. સમાજના મુખ્ય પ્રશ્નો જેવાકે,

★ સદ વિચાર કેવી રીતે ઉદભવે ?

★ ભક્તિ કેવી રીતે મળે ?

★ શું કરવાથી વિવેક વધે ?

★ જીવનમાં વિકાર આવે તો શું કરવું જોઈએ ?

★ પરમાત્મા સાથે જીવની સુરતા કેવી રીતે બંધાય ?

★ પરમાત્મા કોણ છે ? પરમાત્માને કેવી રીતે મેળવી શકાય ?

આ બધા જ પ્રશ્નોના જવાબ શ્રી શિવ મહાપુરાણ આપે છે. જ્યાં શિવકથાનું આયોજન થાય છે ત્યાં બધા તિર્થોનો વાસ થાય છે. એક દિવાસળી સળગાવતાં જેમ અંધકારનો નાશ થાય છે, તેમ શિવકથા ઘોર પાપોનો નાશ કરે છે શિવ એટલે કલ્યાણ જેનું નામ લેવાથી સર્વનું કલ્યાણ થાય છે તેવા ભગવાન શિવના ચિત્રની કથા એટલે જ શ્રી શિવમહાપુરાણ કથા

આ કથા શિવજીએ પોતે જ કહેલ છે, જે કાળરૂપી સર્પના મોટા ત્રાસનો નાશ કરનાર છે. શિવમહાપુરાણ સનતકુમાર મુનિએ વ્યાસજી ને કહેલું પછી વ્યાસજીએ તે શિવમહાપુરાણ કળિયુગમાં જન્મેલ મનુષ્યોના હિત અર્થે ટૂંકમાં કહેલું છે,જે મનુષ્યના મનને પવિત્ર કરવા માટેનું ઉત્તમ સાધન છે શિવમહા પુરાણ ના પાઠથી કે શ્રવણથી મનુષ્ય શિવપદને પામે છે તે ઈચ્છિત ફળ આપનારું અને પાપનો નાશ કરનારું છે .તે ધર્મ અર્થ કામ મોક્ષ ની પ્રાપ્તિ કરાવે છે .તે રાજસુય યજ્ઞને અગ્નિ ષ્ટોમ યજ્ઞનું ફળ પામે છે. કલ્યાણરૂપ મોક્ષ ધર્મ પામે છે, તેની દૂરગતી થતી નથી. અનેક પ્રકારના દાન અને પુણ્ય પ્રાપ્ત કરે છે. ત્રણે તપોને સમાવે છે, છે, આમ, શિવમહાપુરણના શ્રવણ- પઠનથી મનુષ્ય અનેક પ્રકારના લાભ મેળવી શકે છે શિવમહા પુરાણ સર્વ પાપનો વિનાશ કરનાર અને ઉત્તમતિ આપનાર છે. વળી તે વેદાંત અને સર્વપુરાણનો સાર પણ દર્શાવે છે. આ જગતમાં શિવ મહા પુરાણનો ઉદય થાય નહીં ત્યાં સુધી આ કળિયુગમાં થતા રહેશે, જેઓ શિવપુરાણ નો ઉદય થશે કે મંત્ર-તંત્રના ભેદ, દેવ દાનવ ની મુઝવણો અને મત ભેદો આ બધા વિવાદોનું મન થશે શિવમહા પુરાણના પઠન,મનન અને ચિંતન થી અતિ દુર્લભ ફળની પ્રાપ્તિ થાય છે. જેઆ પુરાણનો એક પણ શ્લોક સંભળે કે ભક્તિ પૂર્વક પઠન કરે તે જીવન મુક્ત બને છે જે પાઠક તેનું પુજન કરે છે તેમણે અશ્વ મેઘ યજ્ઞનું ફળ મળે છે જે ભાવ.મુખેથી શિવ મહા પુરાણનું પઠન સાભળે છે,તેના પાપો નાશ પામે છે. જે ભાવક શિવમહા પુરાણને વંદન કરે, તેના પ્રત્યે તમામ દેવોની કૃપા વરસે છે.ચૌદસ ના મંગળ દિવસે ઉપવાસ સાથે શિવ મહા પુરાણ પઠ કરવાથી પુરણનું પુણ્ય મળે છે ઉપરાંત તે મુક્તિપદને પામે છે.

જે આ મહા પુરાણની રુદ્રસહિતા નો ભાવપૂર્ણ રીતે પાઠ કરે, તેનું બ્રહ્મહત્યા જેવુ પાપ પણ નાશવંત બની જાય છે.ભૈરવની સામે શાંતચિત્તે ગંભીર મૌન સાથે રુદ્રસહિતાનો દિવસમાં ત્રણ વાર પાઠ કરવાથી મનોકામના ઓ પૂર્ણ થાય છે.કૈલાશ સંહિતા ૐકારના સ્વરૂપને નિરૂપણ કરનારી હોઈ સાક્ષાત બ્રહ્મસ્વરૂપ પણ તે છે. પ્રભુ શિવે ! ઉપનિષદરૂપી .આ સમુદ્રનું ભીષણ મેથન કરીને સંહિતા ઉત્પન્ન કરી હતી તેનું પણ કરીને માનવ અમરત્વ પામે છે . શિવ મહાપુરાણમાં કુલ એક લાખ શ્લોકો હતા.તેને ટૂંકાવીને વેદવ્યાસ જીએ તેને ચોવીસ હજાર લોકોમાં અને સાત સંહિતામાં નિરૂપી છે .

વાચક ચાહક શિવ ભકત મિત્રો, સદા શિવ ભોળાનાથ દેવાધિદેવ મહાદેવની આરાધના ઉપાસના કરી હૃદય મનમાં અનોખી શાંતિનું સામ્રાજ્ય સ્થાપીત કરો તેવી શુભેચ્છા.

## નોકરીના સ્થળે મહિલા સાથે ઉત્પીડન

દુર્ભાગ્યથી નોકરીના સ્થળ પર યૌન ઉત્પીડન અથવા તો જાતીય સતામણી અને યુવતિઓ અને મહિલાઓ સાથે જુદી જુદી રીતે ચેડાના બનાવો હાલમાં વધી રહ્યા છે. નોકરીના સ્થળ પર યૌન ઉત્પીડનના સૌથી વધારે કેસ બિહારમાં બની રહ્યા છે. ચિંતાની બાબત તો એ છે કે છેલ્લા ત્રણ વર્ષના ગાળામાં જ દેશભરમાં આવા સત્તાવાર રીતે ૩૧૮ કેસ નોંધાઇ ચુક્યા છે.કેસોમાં અવિરત વધારાને રોકવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં હજુ કેસ સપાટી પર આવી રહ્યાછે. બિન સત્તાવાર રીતે આ આંકડો આના કરતા પણ ખુબ વધારે છે. કમનસીબ બાબત એ છે કે નોકરી કરતી મહિલાઓ માટે યૌન ઉત્પીડન અથવા તો સતામણી જેવી બાબત સામાન્ય બની ગઇ છે. કેટલાક કિસ્સામાં સાહસી મહિલાઓ અને યુવતિઓ આની સામે ફરિયાદ પણ ઉઠાવે છે. આની સાથે ઓફિસ મેનેજમેન્ટ દ્વારા પણ પગલા લેવામાં આવે તે જરૂરી છે. કામકાજી મહિલાઓને સ્વતંત્ર રીતે કામ કરવા માટે યોગ્ય અને આદર્શ માહોલ બને તે જરૂરી છે. જે કર્મચારીઓ તેમના નીચલા સ્તરની યુવતિઓ અને મહિલાઓને કોઇ પણ બહાનાથી હેરાન પરેશાન કરે છે તેમની સામે મેનેજમેન્ટે પગલા પણ લેવા જોઇએ. બિહારમાં યુવતિઓ સામે નોકરીની જગ્યાએ છેડતી અને હેરાનગતિના બનાવો સૌથી વધારે બની ગયા છે. બીજા સ્થાને દિલ્હી અને ત્રીજા સ્થાન પર મહારાષ્ટ્ર છે. આ અંગેની માહિતી મહિલા અને બાળ વિકાસ કલ્યાણ પ્રધાન સ્મૃતિ ઇરાની દ્વારા આપવામાં આવી હતી. જાણકાર લોકોના કહેવા મુજબ મોટા ભાગના મામલા સત્તાવાર રીતે દાખલ કરવામાં આવતા નથી. જો સત્તાવાર રીતે આવા કેસ દાખલ કરવામા આવે તો આંકડો હજારોમાં પહોંચી શકે છે. રાજ્યોની વાત કરવામાં આવે બિહારમાં સૌથી વધારે કેસ દાખલ કરવામાં આવ્યા છે.ચ ગુજરાતના મામલા આમાં દર્શાવવામાં આવ્યા નથી. સમગ્ર ભારતની વાત કરવામા આવે તો જુદા જુદા વર્ષમાં જુદા જુદા કેસ નોંધાઇ ચુક્યા છે. વર્ષ ૨૦૧૪માં ૫૭, વર્ષ ૨૦૧૫માં ૧૧૯ અને વર્ષ ૨૦૧૬માં ૧૪૨ કેસ સપાટી પર આવ્યા હતા. ત્યારબાદના વર્ષોમાં કેસેમાં સતત વધારો જારી રહ્યા છે. નોકરીના સ્થળ પર યૌન ઉત્પીડન તમામ કાયદા અને સખ્ત નિયમના આંકડા છતાં દર વર્ષે કેસોની સંખ્યામાં વધારો થાય છે. અલબત્ત સ્મૃતિ ઇરાનીએ કહ્યુ હતુ કે વર્ષ ૨૦૧૩ના કાયદા હેઠળ તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. નોકરીના સ્થળ પર યુવતિઓ અને મહિલાઓને યોગ્ય અને આદર્શ માહોલ બને તેવા અધિકાર મહિલાઓને આપવામાં આવ્યા છે.

# પૃથ્વી પર ગુરુત્વાકર્ષણને મ્હાત આપતી રોમાંચક અને રહસ્યમય જગ્યાઓ



સદીઓથી આપણે વિજ્ઞાનમાં ભણ્યા છીએ કે પૃથ્વી પર બધી વસ્તુઓ ગુરુત્વાકર્ષણના કારણે ટકી રહે છે. એટલુંજ નહીં બ્રહ્માંડમાં પણ ગ્રહો એકમેક સાથે પોતાના ગુરુત્વાકર્ષણને કારણે નિશ્ર્ચિત સ્થાને ગોઠવાયેલા રહે છે. વિજ્ઞાને એ પણ શોધી કાઢ્યું છે કે સૂર્યમાળાના વિવિધ ગ્રહો ઉપર ગુરુત્વાકર્ષણ વધતું ઓછું હોય છે, પણ પૃથ્વી પર દરેકે ઠેકાણે એક સરખું આકર્ષણ બળ હોય છે.બરાબર ને? તેમ છતાં, પૃથ્વી પર પણ કેટલીક જગ્યાઓ એવી જોવામાં આવી છે જ્યાં ગુરુત્વાકર્ષણ બળના માન્ય સિદ્ધાંતથી વિપરીતઘટનાઓજોવામળે છે.ચાલો,જાણીએપૃથ્વી પર એવી જગ્યાઓ વિશે જ્યાં આપણે ગુરુત્વાકર્ષણ વિરુદ્ધનો અનુભવ કરી શકીએ છીએ. શરૂઆત આપણા દેશથી જ કરીએ. નવાઈ લાગી ને? હા, આપણા દેશમાં પણ એવું સ્થળ છે જ્યાં આપણે વિજ્ઞાનને વિપરીત થતું જોઈ શકીએ. માઉન્ટ અરાગાટાસ, તુર્કીની સરહદથી માત્ર ૩૦ કિલોમીટર દૂર સ્થિત માઉન્ટ અરાગાટાસ એક લોકપ્રિય પ્રવાસન સ્થળ બની ગયું છે. એવું લાગે છે કે આ નાના વિસ્તારમાં ગુરુત્વાકર્ષણના નિયમો અદ્દશ્ય થઈ ગયા. અહીં નદીનું પાણી નીચેથી ઉપર તરફ વહે છે. જો તમે કારને ન્યુટ્રલ પર મુકો તો કોઈપણ ડ્રાઈવર વિના, આપમેળે તે ઉપર તરફ ચઢવા લાગે છે. જો તમે બોટલને જમીન પર મુકો, તો તે ફરીથી ઉપર તરફ ગબડવા માંડશે. નીચે ચાલવા કરતાં ટેકરી ઉપર ચઢવું સહેલું લાગે છે. અરાગાટ્સના રહસ્ય વિશે ઘણા અનુમાન અને સિદ્ધાંતો છે. આ જગ્યાએ શું થઈ રહ્યું છે અને તે કેવી રીતે શક્ય છે? કેટલાક લોકોમાને છે કે આ ક્ષેત્રમાં ગુરુત્વાકર્ષણ ભંગ થાય છે, જ્યારે અન્ય લોકો માને છે કે અહીં કેટલાક વિશિષ્ટ ચુંબકીય ક્ષેત્રો છે. કેટલાક તો એલિયન્સના અસ્તિત્વ અને આ વિસ્તારમાં યુએફઓના ઉતરાણમાં પણ વિશ્ર્વાસ રાખે છે.

# બ્લડ પ્રેશરથી લઇને ડાયાબિટીસના લોકો માટે છે બેસ્ટ, જાણો જબરજસ્ત ફાયદાઓ

તમે ક્યારે કાળા ટામેટા વિશે સાંભળ્યુ છે? આમ, તમને જણાવી દઈએ કે કાળા ટામેટા ખાવાથી હેલ્થને અનેક ઘણો ફાયદો થાય છે. કાળા ટામેટા તમે રેગ્યુલર ખાવાથી આદત પાડો છો તો હાર્ટ એટેક આવવાનું જોખમ ઓછુ થઇ જાય છે. ભારે કરીઃ ટામેટાના ખેતરમાં ચોર ટોળકીએ રાતે ધાડ પાડી, અઢી લાખનો પાક ઉપાડી ગયાં. ટામેટા વગરનું શાક બનાવવા ગૃહિણીઓ મજબૂર, હદ કરીઃ હવે રાશનની દુકાન પર ટામેટા મળશે, ૬૦ રૂપિયે કિલો ખરીદી શકશો. અનોખો વિરોધઃ કોંગ્રેસના નેતાઓ સૂટકેસ અને બંદૂક લઈને શાકમાર્કેટમાં ટામેટા ખરીદવા પહોંચ્યા.



**Benefits of Black Tomatoes:** તમે આજ સુધી લાલ ટામેટા અને લીલા ટામેટા જોયા હશે અને ખાધા હશે, પરંતુ આજે અમે તમને કાળા ટામેટા વિશે જણાવીશું. લાલ ટામેટા જેમ રસોઈનો ટેસ્ટ વધારે છે એમ કાળા ટામેટા હેલ્થ માટે અનેક રીતે ફાયદાકારક છે. કાળા ટામેટાને અંગ્રેજીમાં રોઝ ટોમેટો કહેવામાં આવે છે. આ ટામેટાની સૌથી મોટી ખાસિયત એ છે કે આ ટામેટા જેનેટિક મ્યૂટેશન દ્વારા બનાવવામાં આવે છે. આ પણ વાંચોઃબાળકને એક્સ્ટ્રા એક્ટિવિટી કરાવો છો? જાણો આ ટામેટા કેટલા રંગ બદલે છે. વાત કરવામાં આવે તો કાળા ટામેટા બાકીના ટામેટાની જેમ ઉગાડવામાં આવે છે, પરંતુ રંગ બદલવાની પક્રિયા બીજા ટામેટાની તુલના કરતા અલગ છે. સૌથી પહેલા આ ટામેટા લીલા રંગના થાય છે, જે ધીરે-ધીરે લાલ અને પછી કાળા થાય છે. તમે જ્યારે આ ટામેટાને કટ કરીને જુઓ છો ત્યારે અંદરનો ભાગ લાલ ટામેટી જેમ લાલ દેખાય છે. જો કે આમાં મળતા પોષક તત્વો લાલ ટામેટાની તુલના કરતા ઘણાં અલગ છે.

બ્લડ પ્રેશર કંટ્રોલમાં કરે, કાળા ટામેટામાં પ્રોટીન, વિટામીન એ, મિનરલ્સ અને બીજા અનેક પ્રકારના એન્ટી ઓક્સિડન્ટ્સ હોય છે જે વ્યક્તિના બ્લડ પ્રેશરને કંટ્રોલમાં રાખવાનું કામ કરે છે. તમને ડાયાબિટીસ છે તો તમે આ ટામેટા ખાવાનું શરૂ કરી દો. આ રામબાણ ઈલાજ છે. આ શરીરમાં સુગરની માત્રાને કંટ્રોલ કરવામાં મદદ કરે છે. કાળા ટામેટામાં વિટામીન એ અને વિટામીન સીની માત્રા ભરપૂર હોય છે, જેનું સેવન કરવાથી આંખોની રોશની વધે છે. કાળા ટામેટા તમારી આંખોને સ્વસ્થ રાખવાનું કામ કરે છે. તમારા ચશ્માના નંબર વધારે છે તો તમે કાળા ટામેટા ખાવાનું શરૂ કરી દો, જે હેલ્થ માટે અનેક રીતે ફાયદાકારક છે.

કાળા ટામેટા ખાવાથી હાર્ટ એટેક આવવાનું જોખમ ઘટી જાય છે. કાળા ટામેટામાં એન્થોસાઈનિન હોય છે જે હાર્ટ એટેકથી બચાવવામાં મદદ કરે છે.નિયમિત તમે કાળા ટામેટાનું સેવન કરો છો.

# સાંભળો, સાંભળો ત્રીજું વિશ્વ યુદ્ધ બે વર્ષમાં થશે



બે વર્ષમાં ત્રીજું વિશ્ર્વ યુદ્ધ શરૂ થશે. આવનારા સમયમાં રશિયા અને નાટો રાષ્ટ્રો વચ્ચે તંગદિલી વધશે. આને પગલે રશિયા નાટો સમૂહના દેશો પર આક્રમણ કરશે અને આપણે સૌ થર્ડ વર્લ્ડ વોરમાં સપડાઇ જઇશું. આ કોઇ નજુમીનો વર્તારો નથી. પોતાને ટાઇમ ટ્રાવેલર ગણાવતા અને ઇ. સ. ૨૬૭૧ સુધીના ભવિષ્યમાં મુસાફરી કરીને પાછા ફર્યા હોવાનો દાવો કરનારા વ્યક્તિએ આ નિહાળ્યું છે. ટિકટોક એપ પર ફિમશફક્ષિશિંળયિફિંદયહહયિ તરીકે જાણીતા એનો અલારિક (ઊક્ષજ્ઞ અહફશિભ) છાતી ઠોકીને કહે છે કે આગામી ૬૫૦ વર્ષમાં જે કંઇ બનવાનું છે એ હું જોઇને પાછો આવ્યો છું.

લગભગ ૨૫ હજારથી વધુ ફોલોઅર ધરાવતા એનો અલારિક સોશિયલ મીડિયા પર તો છવાયેલો છે જ મોટામોટા અખબારોએ પણ એના વીડિયો અને આગાહીની નોંધ લીધી છે એક તરફ વિજ્ઞાનીઓ લાંબા સમયથી ટાઇમ કેપ્સુલની ડિઝાઇન બનાવવા રાત-દિવસ એક કરી રહ્યાં છે. પણ ટાઇમ ટ્રાવેલ કયારે શકય બનશે એ કોઇ ખાતરીપૂર્વક કહી શકતું નથી, પરંતુ ઘણીવાર ટાઇમ ટ્રાવેલ કરીને પાછા ફર્યાના દાવા કરનારા આગળ આવે છે. આમાં નવીનતમ્ નામ છે એનો અલારિક. એનો અલારિકે વર્ષ ૨૦૨૩ માટે કેટલીક રસપ્રદ આગાહી કરી હતી. જોકે આને આગાહી ન કહેવાય. એનો એ ‘નિહાળેલી’ ઘટનાની દુનિયાને આગોતરા જાણ કરી હતી. જોઇએ આ આગાહીઓ તારીખ પ્રમાણે. ૨૩ માર્ચ, ૨૦૨૩ઃ પૃથ્વીને બચાવવા માટે આઠ હજાર માણસોની પસંદગી થશે. આ ટીમના સિલેકટર હશે એલિયન યાની પરગ્રહ વાસીઓ તમારી આમાં પસંદગી થઇ છે? કે કોઇ સિલેક્ટ થયાનું સાંભળ્યું છે? કે પછી આખું મિશન એકદમ ગુપ્ત રખાયું હશે?

૧૫ મે, ૨૦૨૩ઃ અમેરિકાના સાનફ્રાંસિસ્કો પર ૭૫૦ ફૂટ ઊંચી સુનામી ત્રાટકશે. આમાં બે લાખથી વધુ માણસો માર્યા જશે. આમાં શું કમેન્ટ કરવી. ૧૮ જૂન, ૨૦૨૩ઃ આકાશમાંથી એક સાથે સાત જણા પૃથ્વી પર ઊતરશે. આ ભાઇલોગ કે બાઇલોગ પરગ્રહવાસી જ હશે ને? કદાચ ‘કોઇ મિલ ગયા’ના જાદુને મળ્યા પણ હોય. ૧૮ ઑગસ્ટ, ૨૦૨૩ઃ વિજ્ઞાનીઓ સ્કીન કેન્સરનો ઈલાજ શોધી કાઢશે. ૩ ડિસેમ્બર, ૨૦૨૩ઃ એક ક્રિસ્ટલ અર્થાત્ સ્ફટિક મળી આવશે. જેનાથી ઘણાં રોગ મટી જશે. ૨૯ ડિસેમ્બર, ૨૦૨૩ઃ સ્ટેન સેલ્સમાંથી નવા અંગ ઉગાડવા બનાવવાની શરૂઆત થશે.

# કબર સાથે ચંદ્ર પર આવેલા છે આટલા રહસ્યો, જાણો છો?

આજે આપણી પૃથ્વી વૈશ્વિક અર્થવ્યવસ્થાને વિસ્તારવા અને વિશ્વની જરૂરિયાતો પૂરી કરવા સક્ષમ નથી. આવી સ્થિતિમાં હવે દુનિયાની નજર પૃથ્વીથી ઉપર ઊઠીને અવકાશ તરફ જઈ રહી છે. અવકાશ હવે એવું માધ્યમ બની રહ્યું છે કે જ્યાંથી પૃથ્વીની ઊર્જાની જરૂરિયાતો પૂરી કરી શકાય. જેના કારણે આવનારા દિવસોમાં અવકાશ કોલોનાઈઝેશન, એસ્ટરોઇડ માઈનિંગ અને સ્પેસ ટુરિઝમની દિશામાં અનેક નવા આયામો ખુલવા જઇ રહ્યા છે. આવી સ્થિતિમાં સ્પેસ



લોજિસ્ટિક્સ, સેટેલાઇટ અને માનવ પ્રક્ષેપણના ક્ષેત્રમાં ભવિષ્યમાં અબજો ડોલરનું મોટું બજાર આકાર લે તો નવાઈ નહીં. ભવિષ્યના આ ધબકારને જોઈને આપણું ઈસરો પણ પાછળ નથી. આજે ઈસરોની ગણતરી વિશ્વની શ્રેષ્ઠ અવકાશ એજન્સીઓમાં થાય છે. મંગલયાન, ચંદ્રયાન જેવા અનેક સફળ મિશન પાર પાડ્યા બાદ ઈસરો હવે ચંદ્રયાન-૩ લોન્ચ કરવાની તૈયારી કરી રહ્યું છે.

ઈસરો આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા સ્થિત સતીશ ધવન સ્પેસ સેન્ટરથી ૧૪ જુલાઈ, ૨૦૨૩ના રોજ બપોરે ૨.૩૫ વાગ્યે ચંદ્રયાન ૩ લોન્ચ કરવા જઈ રહ્યું છે. જો ચંદ્રયાન ૩ લેન્ડર ચંદ્રની સપાટી પર સફળતાપૂર્વક ઉતરે છે.તો ભારત આવું કરનાર ચોથો દેશ બની જશે. ચંદ્ર હંમેશા આપણા માટે ઉત્સુકતાનું કેન્દ્ર રહ્યો છે.

BOLLYWOOD NEWS FLASH

## ખુલ્લા વાળ અને ગ્લોસી મેકઅપ લુકમાં નિક્કી તંબોલીએ આ દરમિયાન અલગ-અલગ અંદાજમાં એકથી એક જબરદસ્ત પોઝ આપ્યા છે



# નિક્કી તંબોલીએ નાનું અમથું ટોપ પહેરીને આપ્યા પોઝ

। મુંબઈ, તા.૨૦ ।

મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહે છે અને તે અવારનવાર પોતાના બોલ્ડ લુકથી ઈન્સ્ટાગ્રામ પર આગ લગાવતી રહે છે. તેણે હાલમાં જ કેટલાંક ફોટોઝ શેર કર્યા છે. જેમાં તેનો કિલર લુક ફેન્સના ધબકારા વધારવા માટે પૂરતા છે. આ ફોટોઝમાં નિક્કી તંબોલી વ્હાઈટ કલરના ડીપ નેક ઓફ શોલ્ડર ફુલ સ્લીવ બ્રાલેટ અને થાઈ-હાઈ સ્લિટ સ્કર્ટમાં એકદમ સિઝલિંગ હોટ પોઝ આપતી જોવા મળી રહી છે. ફોટોઝમાં નિક્કી તંબોલી પોતાની પાતળી કમર અને કર્વી ફિગર ફ્લોન્ટ કરતી જોવા મળી રહી છે. ખુલ્લા વાળ અને ગ્લોસી મેકઅપ લુકમાં નિક્કી તંબોલીએ આ દરમિયાન અલગ-અલગ અંદાજમાં એકથી એક જબરદસ્ત પોઝ આપ્યા છે. આ તસવીરોને શેર કરતાં નિક્કી તંબોલીએ સ્પેશિયલ કેપ્શન પણ આપ્યું છે. નિક્કીએ લખ્યું છે કે, ssssssshhhhhh... EYES ON ME. સોશિયલ મીડિયા પર નિક્કી તંબોલીના લાખો ફેન્સ છે, જે તેની તસવીરો પર ભરપૂર લાઈક્સ અને કોમેન્ટ્સ કરે છે.


# આલિયા ભટ્ટે કરીના કપૂર સાથેના ગ્લેમરસ ફોટા શેર કર્યા

## આલિયા ભટ્ટનો કરીના કપૂર પ્રત્યેનો પ્રેમ

## બંને વાયરલ ફોટામાં ફની એક્સપ્રેશન આપી રહ્યા છે અને ટ્રેડિશનલ આઉટફિટમાં નેટીઝન્સનું ધ્યાન પોતાની તરફ ખેંચી રહ્યા છે

। મુંબઈ, તા.૨૦ ।

આલિયા ભટ્ટે લેટેસ્ટ ફોટોઝમાં પોતાની ભાભી કરીના કપૂર પ્રત્યેનો પ્રેમ ખુલ્લેઆમ વ્યક્ત કર્યો છે. બંને વાયરલ ફોટામાં ફની એક્સપ્રેશન આપી રહ્યા છે અને ટ્રેડિશનલ આઉટફિટમાં નેટીઝન્સનું ધ્યાન પોતાની તરફ ખેંચી રહ્યા છે. આલિયા ભટ્ટે ફોટાની સાથે ફની કેપ્શન પણ આપ્યા છે. આલિયાએ ફોટો સાથેના કેપ્શનમાં લખ્યું, ‘શું તે વધુ સારું થઈ શકે છે. શું કોઈ અમને ફિલ્મમાં સાથે કાસ્ટ કરી શકે છે, જો કે અમે મોટાભાગનો સમય સેટ પર વાત કરવામાં વિતાવી શકીએ છીએ.’ લોકોએ



ફોટા પર જોરદાર કમેન્ટ કરી. આલિયાના શબ્દોની નોંધ લેતા કરણ જોહરે લખ્યું, ‘અમારે આ કાસ્ટ સાથે ફિલ્મ બનાવવાની જરૂર છે.’ અર્જુન કપૂર લખે છે, ‘ડુ-ડુ પૂ.’ રિયા કપૂરે દિલની ઈમોજી શેર કરીને પ્રેમ વ્યક્ત કર્યો. પિંકવિલાને આપેલા ઈન્ટરવ્યુમાં કરીનાએ આલિયાના વખાણ કર્યા હતા. તેણે કહ્યું હતું કે આલિયાને સલાહની જરૂર નથી. મને લાગે છે કે તે છેલ્લા દાયકાની શ્રેષ્ઠ અભિનેત્રી છે. આલિયાની પહેલી હોલિવૂડ ફિલ્મ ‘હાર્ટ ઓફ સ્ટોન’ નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થઈ રહી છે. કરણ જોહરની ફિલ્મ ‘રોકી ઔર રાની કી પ્રેમ કહાની’માં પણ દર્શકોએ તેને ખૂબ પસંદ કર્યો છે. રોકી એન્ડ રાની કી પ્રેમ કહાની’એ વિશ્વવ્યાપી બોક્સ ઓફિસ પરથી ૩૦૦ કરોડ રૂપિયાની કમાણી કરી છે. કરીના કપૂરની વાત કરીએ તો તે છેલ્લે આમિર ખાનની ફિલ્મ ‘લાલ સિંહ ચઢ્ઢા’માં જોવા મળી હતી. આલિયાની પહેલી હોલિવૂડ ફિલ્મ ‘હાર્ટ ઓફ સ્ટોન’ નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થઈ રહી છે. કરણ જોહરની ફિલ્મ ‘રોકી ઔર રાની કી પ્રેમ કહાની’માં પણ દર્શકોએ તેને ખૂબ પસંદ કર્યો છે. રોકી એન્ડ રાની કી પ્રેમ કહાની’એ વિશ્વવ્યાપી બોક્સ ઓફિસ પરથી ૩૦૦ કરોડ રૂપિયાની કમાણી કરી છે. કરીના કપૂરની વાત કરીએ તો તે છેલ્લે આમિર ખાનની ફિલ્મ ‘લાલ સિંહ ચઢ્ઢા’માં જોવા મળી હતી.

## સની દેઓલની ફિલ્મ ગદર ૨ એકતરફ બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી રહી છે.

# હેમા માલિનીએ સાવકા દીકરાની ફિલ્મનાં ભરપેટ કર્યા વખાણ

। મુંબઈ, તા.૨૦ ।

હેમા માલિની અને ધર્મેન્દ્ર વચ્ચેની મુલાકાત, પ્રેમ અને લગ્નની વાતો તો હવે આખી દુનિયા જાણે છે અને આ જ કારણ છે કે આજે પણ તેમના પ્રેમની પ્રસિદ્ધ વાર્તાઓ વારંવાર લોકો દ્વારા વર્ણવવામાં આવે છે. બંનેએ પોતાના બિનપરંપરાગત લગ્નને સફળ બનાવીને દુનિયા સામે પ્રેમનું ઉદાહરણ રજૂ કર્યું છે.



હેમાએ ઘણીવાર ખુલ્લેઆમ કહ્યું છે કે જો તેમનો સંબંધ પરંપરાગત હોત, તો તે તેના જીવનમાં ક્યારેય આટલું પ્રાપ્ત કરી શકી ન હોત. હેમા ધર્મેન્દ્રની બીજી પત્ની અને બે દીકરીઓની માતા બની. ધર્મેન્દ્રના પ્રથમ લગ્ન પ્રકાશ કૌર સાથે થયા હતા, જેનાથી તેમને ચાર બાળકો છે. એવું કહેવાય છે કે પ્રકાશ કૌરના બાળકો તેમના પિતાના બીજા લગ્નથી ખુશ ન હતા અને લાંબા સમય સુધી તેમની સાવકી માતા સાથે વાત પણ કરી ન હતી. હેમાએ પણ ન તો તેની સાવકી દીકરી કે તેના બાળકો સાથે વાત કરી. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં તેમના સંબંધોમાં ઘણો બદલાવ આવવા લાગ્યો છે.

# બોક્સ ઓફિસ પર પિટાઇ ગયેલી ફિલ્મ બની લોકોની ફેવરિટ કલ્ટ મુવી

। મુંબઈ, તા.૨૦ ।

જેમાં બે યુવાનો તેમના જીવનસાથી ગુમાવવાના દુઃખને દૂર કરવાનો પ્રયાસ કરતા જોવા મળે છે, અને અંતે એકબીજાના જીવનથી અજાણ એક ઘાટમાં પર મળે છે. ‘મસાન’ માત્ર એક શાનદાર ફિલ્મ નથી, તે જીવનનું દુખ અને આશાથી ભરેલી વાર્તા છે, જેણે વિકી કૌશલને રાતોરાત સ્ટાર બનાવી દીધો હતો. મસાનમાં વિકી કૌશલ ઉપરાંત રિચા શર્મા, પંકજ ત્રિપાઠી, સંજય મિશ્રા અને શ્વેતા ત્રિપાઠીની મહત્વની ભૂમિકા છે. નીરજ ઘાયવાને આ ફિલ્મથી દિગ્દર્શક તરીકેની શરૂઆત કરી હતી. ‘મસાન’ બનાવવામાં ૭ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો, પરંતુ તે બોક્સ ઓફિસ પર માત્ર ૪.૬૩ કરોડની જ કમાણી કરી શકી હતી. મસાન ભલે બોક્સ ઓફિસ પર આફત સાબિત થઈ હોય, પરંતુ પછીથી તેને લોકો તરફથી ઘણી પ્રશંસા મળી, જેના કારણે આજે તેની ગણતરી કલ્ટ ક્લાસિક ફિલ્મોમાં થાય છે. આ ફિલ્મે ‘કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ’માં બે એવોર્ડ જીત્યા હતા. મસાનમાં હિન્દી-ઉર્દૂ કવિતાઓનો ખૂબ જ સુંદર ઉલ્લેખ છે, જેને લેખક અને દિગ્દર્શકે સુંદર રીતે વાર્તામાં વણી લીધો છે. અભિનેત્રી શ્વેતા ત્રિપાઠીએ એક છોકરીની ભૂમિકા ભજવી છે, જે હિન્દી કવિતાઓ અને કવિતાઓ વાંચવાની શોખીન છે. લાખો યુવાનો કવિતાઓ વાંચવાના અને લખવાના શોખીન છે, છતાં ફિલ્મોમાં આ પ્રકારની ફિલ્મોમાં તેઓ ધ્યાન આપતા નથી. મસાનના નિર્દેશક નીરજ ઘાયવાને તેની વાર્તા વર્ષ ૨૦૧૨માં જ લખી હતી. IMDB રિપોર્ટ અનુસાર, ફિલ્મમાં વિક્કી કૌશલને કાસ્ટ કરતા પહેલા મેકર્સે મનોજ બાજપેયી અને રાજકુમાર રાવનો સંપર્ક કર્યો હતો, પરંતુ વાત આગળ વધી ન હતી.

## અભિનેત્રીએ ડીડીએલજેમાંથી સિમરન, કુછ કુછ હોતા હૈમાંથી અંજલિ અને કભી ખુશી કભી ગમમાંથી અંજલિ જેવા પાત્રોને અમર કર્યા છે

# સની દેઓલની બ્લોકબસ્ટર ગદરને કાજોલે રીજેક્ટ કરેલી

। મુંબઈ, તા.૨૦ ।

કાજોલ દ્વારા નકારી કાઢવામાં આવેલી ફિલ્મોમાં દિલ સે, મોહબ્બતેં, ૩ ઈડિયટ્સ, મુન્નાભાઈ એમબીબીએસ અને ગદરનો સમાવેશ થાય છે. એકવાર તેને ફિલ્મોનો ઈનકાર કરવા વિશે પૂછવામાં આવ્યું, તો તેણે શા માટે આવી શાનદાર સ્ક્રિપ્ટને નકારી કાઢી? જોકે, તેમના જવાબે દિલ જીતી લીધું અને તેમના વ્યક્તિત્વનું યોગ્ય રીતે વર્ણન કર્યું. રજત શર્માના શો આપ કી અદાલતમાં તેણીના એક દેખાવ દરમિયાન, કાજોલને ગદર અને મોહબ્બતેં જેવી ફિલ્મો નકારવા વિશે પૂછવામાં આવ્યું હતું. એકરે કહ્યું, ‘કાજોલ સાચી છે, તમારા પર આનો આરોપ છે. તમે ૨૫ વર્ષથી લોકોના દિલ પર રાજ કર્યું છે. કેટલાય લોકોએ તને ગમ્યો, પ્રેમ આપ્યો, ઘણા એવોર્ડ મળ્યા, કોમ્પ્લિમેન્ટ્સ મળ્યા પણ કામ. આ દાવો સ્વીકારતાં અભિનેત્રીએ કહ્યું, ‘હું કામ કરું છું, હા, હું તમારો આરોપ સ્વીકારું છું કે, હું વાસ્તવિક છું, પરંતુ હું કહેવા માંગુ છું કે, આ ફક્ત મારા કામના સંબંધમાં છે, જે મને લાગે છે.



### અચાનક બદલવી પડી બોલિંગ એક્શન

# એક્શન ના બદલી હોત તો પુરું થઈ જાત બુમરાહનું બોર્ડ!

## બુમરાહ અલગ પ્રકારની બોલિંગ એક્શન સાથે જોવા મળશે

। મુંબઈ, તા.૨૦ ।

પોતાની કારકિર્દી બચાવવા માટે આખરે બુમરાહને લેવો પડ્યો મોટો નિર્ણય. બુમરાહને એ કામ પણ કરવું પડ્યું જે એને પસંદ નહોતું, અથવા વર્ષોથી નહોંતો કરવા માંગતો. જાણો શું છે સાચી હકીકત....ટીમ ઈન્ડિયા સહિત વર્લ્ડ ક્રિકેટના સ્ટાર બોલર જસપ્રીત બુમરાહ હાલ ખુબ જ ચર્ચામાં છે. એટલાં માટે કે તેને જે ક્યારેય નહોંતુ કર્યુ હાલ તે વસ્તુ તેને કરવી પડી રહી છે. મેદાનમાં આવતા જ અચાનક કેમ બદલાય ગઈ બુમરાહની બોલિંગ સ્ટાઈલ. બુમરાહની બોલિંગ એક્શન ચેન્જ થવા પાછળ છે મોટું કારણ... જાણીને તમે પણ ચોંકી જશો.... લાંબા સમયથી બુમરાહ ઈજાગ્રસ્ત હતો, જેને કારણે તેને લગભગ એક વર્ષ જેટલો સમય ટીમ ઈન્ડિયાથી બહાર રહેવું પડ્યું હતું. આ દરમિયાના ઘણાં મોટા મોટા ટુર્નામેન્ટ પણ તેના હાથમાંથી સરકી ગયાં. ખાસ કરીને સૌથી મોટી વર્લ્ડ ટેસ્ટ ક્રિકેટ ચેમ્પિયનશિપનો વર્લ્ડ કપ ખિતાબ પણ ખેલાયો. જેમાં ઓસ્ટ્રેલિયા સામેની ફાઈનલ મેચમાં જ્યારે ટીમને બુમરાહની જરૂર હતી ત્યારે આ ખેલાડી ટીમની પાસે નહોતો. તેના પાછળ પણ મોટું કારણ છે. મેદાન પર ઈજાના કારણે જસપ્રીત બુમરાહ લાંબા સમયથી બ્રેક પર છે. આરામ કરી રહ્યો હતો. જોકે, હવે વર્લ્ડ કપ રમાવવાની તૈયારીઓ થઈ રહી છે ત્યારે બુમરાહ પાછો બુમ પડાવવા માટે મેદાનમાં આવી ચુક્યો છે. જોકે, હવે તમને બુમરાહ અલગ પ્રકારની બોલિંગ એક્શન સાથે મેદાનમાં જોવા મળશે. જસપ્રીત બુમરાહે અચાનક જ આ રીતે બચાવી પોતાની કરિયર. આ અંદરના સમાચારો છે જે જાણીને ફેન્સના હોશ ઉડે જશે. એનસીએના કોચે કહ્યું, 'આયર્લેન્ડ સામે જોવામાં આવ્યું કે તેણે પોતાનો રન અપ બે-ત્રણ સ્ટેપ વધાર્યો. રન-અપની સાથે તેણે પોતાનું ફોલો-થ્રુ પણ વધાર્યું છે. તેણે બોલિંગ એક્શનમાં બહુ બદલાવ કર્યો નથી, પરંતુ લાંબા સમય સુધી પોતાને ઈજાથી બચાવવા માટે નાના સુધારા કર્યા છે. ઘાતક ફાસ્ટ બોલર જસપ્રિત બુમરાહે એક વર્ષ બાદ ટીમ ઈન્ડિયામાં એવું પુનરાગમન કર્યુ છે જેની કોઈ કલ્પના પણ ન કરી શકે. વાપસી મેચમાં જસપ્રીત બુમરાહની ઘાતક બોલિંગ જોઈને બધા આશ્ચર્યચકિત થઈ ગયા.



એવું બિલકુલ નહોતું લાગ્યું કે આ સ્ટાર ફાસ્ટ બોલર એક વર્ષ પછી આંતરરાષ્ટ્રીય મેચ રમી રહ્યો છે. જસપ્રીત બુમરાહને ઈજાના કારણે ફરીથી ભારતીય ટીમની જર્સી પહેરવા માટે લાંબી રાહ જોવી પડી હતી, પરંતુ આ ફાસ્ટ બોલરે આયર્લેન્ડ સામેની પ્રથમ T૨૦માં શાનદાર બોલિંગ કરીને પ્રથમ પાંચ બોલમાં ૨ વિકેટ ઝડપી હતી. જસપ્રીત બુમરાહે વ્યક્ત કર્યુ છે કે તે આગામી વર્લ્ડ કપ માં ભારતીય ઝડપી બોલિંગ આક્રમણનું નેતૃત્વ કરવા માટે તૈયાર છે. આ સમયગાળા દરમિયાન, બુમરાહ વધુ ઈજાને ટાળવા માટે બોલિંગ માટે લાંબા 'રન-અપ' અને લાંબા 'ફોલો થ્રૂ' (બોલ ફેંક્યા પછી શરીરની મૂવમેન્ટ) નો ઉપયોગ કરતો જોવા મળ્યો હતો. જોકે ભારતીય ક્રિકેટ નિષ્ણાતોનું માનવું છે કે ટીમ મેનેજમેન્ટે બુમરાહને ખૂબ જ કાળજીપૂર્વક સંભાળવાની જરૂર પડશે. જોકે, બુમરાહ તેના શરીર પ્રત્યે વધુ જાગૃત છે અને વધુ સારા મેનેજમેન્ટ સાથે તે ભવિષ્યમાં ત્રણેય ફોર્મેટમાં રમવાનું ચાલુ રાખી શકે છે. આયર્લેન્ડ સામે ચાર ઓવરમાં ૨૪ રન આપીને બે વિકેટ લેનાર બુમરાહને જોવું ભારતીય ટીમ મેનેજમેન્ટ માટે રાહતના સમાચાર હશે. તેણે બેંગલુરુમાં **NCA** ખાતે પુનર્વસન (ઈજામાંથી પુનઃપ્રાપ્તિની પ્રક્રિયા) અને 'રમતમાં પાછા ફરવા' માટે મુશ્કેલ પ્રક્રિયા અપનાવી.

# સંતરામપુર અર્બન કો ઓપરેટીવ બેંકની ૭૪મી વાર્ષીક સાધારણ સભા



। સંતોષ ભાઈ જોષી

સંતરામપુર, તા.૨૦ ।

સંતરામપુર અર્બન કો ઓપરેટીવ બેંક ની ૭૪મી વાર્ષીક સાધારણ સભા તા ૨૦/૦૮/૨૦૨૩ ના રોજ અર્બન બેંક સંતરામપુર ના મિટિંગ હોલમાં યોજાઈ જેમાં સર્વે સભાસદ હજાર રહ્યા હતા. બેંકના ચેરમેન શ્રી નરેન્દ્રભાઈ કે પટેલ તથા વા.ચેરમેન પ્રિયંકાબેન બિ શાહ બેંકના ડાયરેક્ટશ્રી ઓ હજાર રહી ગામના વડીલો દ્વારા દીપ પ્રાગટ્ય કરી સાધારણ સભાની શરુઆત કરી હતી. જેમાં ૩૧/૦૩/૨૦૨૩ના નફા નુકશાનનું પાકું સરવૈયું આ બેંકના મેનેજર શ્રી યતીનકુમાર આર મહેતા દ્વારા સાધારણ સભામાં રજુ કરાયું હતું જેને સર્વાનું મતે મંજૂર કરી બહાલી આપી હતી. ચેરમેન શ્રી દ્વારા બેંકની વધુ પ્રગતિના ભાગ રૂપે જરૂરી માર્ગદર્શન રજૂ કર્યું હતું. આ માર્ગદર્શન સર્વે સભા સદોએ સ્વીકાર્યું હતું.ત્યારે ૧૭ અને ૨૪ ડિસેમ્બર એમ બે પૈકી એક તારીખ ઉદ્‌ઘાટન માટે નિશ્ચિત કરવાની હતી. એ પછી સુરત હીરા બુર્સની મળેલી કમિટી મિટીંગમાં નક્કી થયા મુજબ તા.૧૭મી ડિસેમ્બર ૨૦૨૩ના રોજ સુરત હીરા બુર્સનું ઉદ્‌ઘાટન ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવશે.

# વજાપુરા-ગલાબપુરા પ્રાથમિક શાળાનો સ્થાપના દિવસ ઉજવાયો



। રાજુભાઈ નડિયાદ તા.૨૦ ।

કપડવંજ તાલુકાના કોસમ ગ્રામ પંચાયતની વજાપુરા-ગલાબપુરા પ્રાથમિક શાળાના સ્થાપના દિનની કપ ડવંજ તાલુકાના પૂર્વ પ્રમુખ મૂળરાજસિંહ સોલંકીની પ્રેરક ઉપસ્થિતિમાં ઉજવણી કરવામાં આવી હતી. શાળાના અઢારમાં સ્થાપના દિન પ્રસંગે શાળા સુશોભન કરી, કેક કાપી તેમજ વિવિધ સાંસ્કૃતિ કાર્યક્રમ યોજી ઉજવણી કરવામાં આવી હતી.

શાળાના આચાર્ય દમયંતિબેન બારોટ અને શાળા પરિવાર તથા ગ્રામજનો દ્વારા સુંદર આયોજન કરી સ્થાપના દિનની ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે કોસમ ગ્રામ પંચાયતના ઉપ સરપંચ મનુસિંહ સોલંકી, બાદરસિંહ ચૌહાણ, રાધેશ્યામભાઈ સોલંકી, સબુરજી ગોહિલ, કિરણસિંહ બારૈયા, એસ. એમ.સીના અધ્યક્ષ તથા સદસ્યો, ગામ આગેવાનો સહિત વ્હાલા બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા...

### આ વખતનો ઓગસ્ટ મહિનો મોટા ભાગે કોરો ગયો છે

# ઓગસ્ટમાં અલ નિનોની અસર સમગ્ર ભારતમાં ઓછો વરસાદ

## ૨૧થી ૨૮ ઓગસ્ટ વચ્ચે ચોમાસુ વધારે નબળું પડશે



। નવી દિલ્હી, તા.૨૦ ।

એક મહિના અગાઉ ભારતના ઘણા વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ હતી, પરંતુ ઓગસ્ટ મહિનામાં ચિત્ર એકદમ બદલાઈ ગયું છે. આ વખતનો ઓગસ્ટ મહિનો મોટા ભાગે કોરો ગયો છે અને વરસાદના આંકડા જોવામાં આવે તો કદાચ સૌથી ખરાબ દેખાવ નોંધાયો છે. હવામાન ખાતાના મોડેલ પ્રમાણે ૨૧ ઓગસ્ટથી ૨૮ ઓગસ્ટ વચ્ચે ચોમાસુ વધારે નબળું પડશે. છેલ્લા ૧૨ દિવસથી મોટા ભાગના વિસ્તારોમાં કોઈ વરસાદ નથી. છેલ્લા ૧૪ વર્ષમાં આવું પહેલી વખત બન્યું છે કે ઓગસ્ટ મહિનામાં સળંગ ૧૨ દિવસ સુધી વરસાદ પડ્યો ન હોય.

આખા દેશનું પરફોર્મન્સ જોવામાં આવે તો ઓગસ્ટ મહિનામાં લગભગ ૩૬ ટકા જેટલી વરસાદની ઘટ છે. હવામાન ખાતાના ટોચના અધિકારીઓ જણાવે છે કે ઓગસ્ટ ૨૦૨૩ એ કદાચ ભારતના ઈતિહાસમાં સૌથી સૂકો મહિનો સાબિત થશે.

જાણીતા હવામાનશાસ્ત્રી અને અર્થ સાયન્સિસ મંત્રાલયના ભૂતપૂર્વ સેક્રેટરી એમ રાજીવને જણાવ્યું કે ઓગસ્ટ ૨૦૨૩માં લગભગ ૪૦ ટકા જેટલી વરસાદની ઘટ પડશે. ૨૦૦૫માં વરસાદની ઘટ ૨૫ ટકા હતી અને આ વખતે આંકડો વધી ગયો છે. ઓગસ્ટ ૨૦૨૩માં ભારતમાં સરેરાશ માત્ર ૧૦૬ મીમી વરસાદ નોંધાયો છે જ્યારે ગયા વર્ષે આ મહિનામાં સરેરાશ ૧૯૬ મીમી વરસાદ હતો. ૨૦૨૦માં પણ ૧૯૨ મીમી અને ૨૦૨૧માં ૧૯૨.૫ મીમી વરસાદ નોંધાયો હતો. આ વખતે ૬ ઓગસ્ટથી ૧૭ ઓગસ્ટ દરમિયાન સળંગ ૧૨ દિવસ સુધી વરસાદમાં બ્રેક પડ્યો છે જે એક રેકોર્ડ છે. છેલ્લે ૨૦૦૯માં ૨૯ જુલાઈથી ૧૦ ઓગસ્ટ સુધી સળંગ ૧૩ દિવસ સુધી વરસાદમાં બ્રેક પડ્યો હતો જે એક રેકોર્ડ હતો.

રાજીવને જણાવ્યું કે આ પરિસ્થિતિ માટે અલ નિનો જવાબદાર હોઈ શકે છે. ભારતીય ચોમાસા પર અલ નિનોની અસર પહેલેથી જોવા મળી રહી છે. આ દરમિયાન દેશના મોટા ભાગના વિસ્તારોમાં બહુ ઓછો વરસાદ પડતો હોય છે. હિસ્ટોરિકલ ડેટા જોવામાં આવે તો અલ નિનોના કારણે સપ્ટેમ્બર મહિનામાં સૌથી ઓછો વરસાદ પડતો હોય છે. આ વખતે સપ્ટેમ્બરમાં ૧૦ ટકા વરસાદની ઘટ પડે તેવી શક્તા ૮૭ ટકા છે. જ્યારે વરસાદની ઘટ ૨૦ ટકા કે વધારે હોય તેવી શક્યતા ૪૭ ટકા છે.

સ્કાયમેટના વાઈસ પ્રેસિડન્ટ જી પી શર્માએ જણાવ્યું કે ઓગસ્ટ ૨૦૦૫, ૨૦૦૯ અને ૨૦૨૧ એ છેલ્લા ૧૮ વર્ષમાં સૌથી સૂકા મહિના હતા. આ વખતનું ઓગસ્ટ પણ તેમાં સામેલ થાય તેવી સંભાવના છે. હાલની લો પ્રેશર સિસ્ટમ ચોમાસાને કદાચ હિમાલયના ફૂટહિલ્સ તરફ લઈ જશે. તેના કારણે પૂર્વ અને ઉત્તરપૂર્વ ભારતમાં સારો વરસાદ પડી શકે છે. ઓગસ્ટ મહિનામાં અત્યારે વરસાદની ઘટ ૩૬ ટકા જેટલી છે.

# પાકિસ્તાનમાં પિકઅપ વાન સાથે ટક્કર બાદ બસમાં ભીષણ આગ

। ઈસ્લામાબાદ, તા.૨૦ ।

પાકિસ્તાનમાં મોટી દુર્ઘટના ઘટી છે. પંજાબ પ્રાંતમાં થયેલા આ અકસ્માતમાં કરાચીથી ઈસ્લામાબાદ જઈ રહેલી એક બસની પિકઅપ વાન સાથે ટક્કર થઈ જતા આગ લાગી જેમાં ૧૬થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. કરાચીથી ઈસ્લામાબાદ જઈ રહેલી આ બસમાં દુર્ઘટના ઘટી તે સમયે ૪૦થી વધુ લોકો સવાર હોવાનું કહેવાય છે. દુર્ઘટનાગ્રસ્ત બસની તસવીર પણ સામેલ આવી છે જેમાંથી આગના ગોટેગોટા બહાર નીકળી રહ્યા છે. આ અકસમાતમાં ૭ લોકો ગંભીર રીતે ઘાયલ હોવાનું કહેવાય છે. પોલીસના જણાવ્યાં મુજબ જે બસમાં આગ લાગી તે રાજધાની ઈસ્લામાબાદથી કરાચીના રસ્તે હતી.

રાહત અને બચાવકાર્ય અભિયાનમાં લાગેલી ટીમના જણાવ્યાં મુજબ આ દર્દનાક અકસ્માત એ સમયે થયો જ્યારે બસ પિંડી ભટ્ટિયા પાસે પહોંચી અને અહીં બસ આગની જવાળામાં લપેટાઇ ગઈ.પોલીસના જણાવ્યાં મુજબ જે બસમાં આગ લાગી તે રાજધાની ઈસ્લામાબાદથી કરાચીના રસ્તે હતી. રાહત



અને બચાવકાર્ય અભિયાનમાં લાગેલી ટીમના જણાવ્યાં મુજબ આ દર્દનાક અકસ્માત એ સમયે થયો જ્યારે બસ પિંડી ભટ્ટિયા પાસે પહોંચી અને અહીં બસ આગની જવાળામાં લપેટાઈ ગઈ. આગ એટલી ભયાનક હતી કે ગણતરીની પળોમાં આખી બસ કબાડમાં ફેરવાઈ ગઈ. પોલીસના જણાવ્યાં મુજબ બસ પૂરપાટ ઝડપે આગળ વધી રહી હતી ત્યારે અચાનક તેની ટક્કર પિકઅપ વાન સાથે થઈ. આ વેનમાં વધુ પ્રમાણમાં ડીઝલ ભરેલું હતું.

# ડભોઈમાં રખડતા શ્વાનના આતંકથી લોકો ત્રાહિમામ

। વડોદરા,તા.૨૦ ।

રખડતા ઢોરની સાથે ગુજરાતના અલગ અલગ શહેરોમાં રખડતા શ્વાન પણ આતંક મચાવી રહ્યા છે. વડોદરાના ડભોઈમાં રખડતા શ્વાનના આતંકથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે. છેલ્લા ૭ દિવસમાં ૧૫૦થી વધુ લોકોને રખડતા શ્વાન કરડયા છે. જેથી સરકારી હોસ્પિટલમાં ઈન્જેક્શન લગાવવા લોકોની લાંબી લાઈન લાગી હતી. શ્વાનના હુમલાથી રાહદારીઓ હેરાન પરેશાન થઈ રહ્યા છે. છતાં પાલિકાને ચિંતા ન હોવાનો સ્થાનિકો આક્ષેપ કરી રહ્યા છે. રસીકરણ અને ખસીકરણ અંગે પાલિકા ધ્યાન ન આપતી હોવાના સ્થાનિકોએ આરોપ લગાવ્યા હતા.

### ગુજરાતના આ બે નેતાને મળ્યું સ્થાન

# કોંગ્રેસે વિધાનસભા ચૂંટણી અને આગામી વર્ષે ૨૦૨૪માં યોજાનારી લોકસભા ચૂંટણી માટે તેની નવી ટીમ તૈયાર

## કોંગ્રેસે આ વર્ષે યોજાનારી ચૂંટણી અને આગામી વર્ષે ૨૦૨૪માં યોજાનારી લોકસભા ચૂંટણી માટે તેની નવી ટીમ તૈયાર કરી છે

। નવી દિલ્હી, તા.૨૦ ।

કોંગ્રેસે આ વર્ષે યોજાનારી વિધાનસભા ચૂંટણી અને આગામી વર્ષે ૨૦૨૪માં યોજાનારી લોકસભા ચૂંટણી માટે તેની નવી ટીમ તૈયાર કરી છે. કોંગ્રેસની નવી કાર્યકારી સમિતિની યાદી જાહેર કરવામાં આવી છે, જેમાં સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગે સહિત કુલ ૩૯ સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ યાદીમાં ગુજરાતમાંથી જગદીશ ઠાકોર અને દીપક બાબરિયાનો સમાવેશ કરવામાં આવ્યો છે. તો બીજી તરફ, કોંગ્રેસથી નારાજ આનંદ શર્મા અને શશિ થરૂર સહિત જી-૨૩ના ઘણા નેતાઓને પણ આ કાર્ય સમિતિમાં સ્થાન મળ્યું છે. **CWC**ની લાંબા સમયથી રાહ જોવાઈ રહી હતી. કોંગ્રેસમાં આ સૌથી મોટી નિર્ણય લેનારી સમિતિ છે. જો કે આ નવી કમિટીમાં જૂની કમિટીમાં બહુ ફેરફાર કરવામાં આવ્યા નથી. યાદી જાહેર કરતા પહેલા છેલ્લા ઘણા મહિનાઓથી બેઠકોનો દોર ચાલી રહ્યો છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી સાથે ઘણી બેઠકો કરી હતી. **CWC**માં મલ્લિકાર્જુન ખડગે, સોનિયા ગાંધી, મનમોહન સિંહ, રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી, એકે એન્ટોની, અંબિકા સોની, અધીર રંજન ચૌધરી,



દિગ્વિજય સિંહ, ચરણજીત સિંહ ચન્ની, આનંદ શર્મા સહિત કુલ ૩૯ નેતાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ૩૨ કાયમી આમંત્રિત, ૯ વિશેષ આમંત્રિત, યુથ કોંગ્રેસ, **NSUI**, મહિલા કોંગ્રેસ અને સેવાદળના પ્રમુખોને પણ સ્થાન આપવામાં આવ્યું છે. કોંગ્રેસની વર્કિંગ કમિટીમાં સચિન પાયલટ, શશિ થરૂર, અશોક ચવ્હાણ, દીપક બાબરિયા, જગદીશ ઠાકોરના રૂપમાં નવા નામો સામે આવ્યા છે. ગૌરવ ગોગોઈ, નાસિર હુસૈન, દીપા દાસ મુનશીનો પણ **CWC**માં સમાવેશ કરવામાં આવ્યો છે. ખાસ આમંત્રિતોમાં પવન ખેડા, સુપ્રિયા શ્રીનાતે અને અલકા લાંબાનો સમાવેશ થાય છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અગાઉ સોનિયા ગાંધી દ્વારા રચાયેલી સમિતિ સાથે કામ કરતા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમે કોઈક વિચિત્ર પરિસ્થિતિમાં સપડાઈ જાવ તો નિરાશ ન થતા. જેમ ભોજનમાં સ્વાદ મીઠાને આભારી છે તેમ સાચા આનંદનું મૂલ્ય સમજવા માટે કેટલીક તકલીફ પણ જરૂરી છે. તમારા મૂડને બદલવા સામાજિક મેળાવડામાં હાજરી આપો. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. તમારા માતા-પિતાનું સ્વાસ્થ્ય વધુ ધ્યાન તથા દરકાર માગશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. પોતાની અંગત સમસ્યાઓ ઉકેલવા માટે મિત્ર તમારી મદદ લઈ શકે છે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે શારીરિક પીડા સહન કરવાની શક્યતા છે. તમારા શરીર પર વધુ તાણ લાવે તેવો કોઈપણ પ્રકારનો શારીરિક થાક ટાળવાનો પ્રયાસ કરો. પૂરતો આરામ લેવાનું યાદ રાખજો. જો તમે છાત્ર છો અને વિદેશ માં જયી ને ભણતર કરવા માંગતા હોવ તો ઘર ની નાણાકીય કટોકટી તમને હેરાન કરી શકે છે. તમારા વ્યક્તિગત મોરચે મહત્વની ઘટના બનશે જે તમારા તથા તમારા આખા પરિવાર માટે પ્રફૂલ્લતા લાવશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે અન્યોની ટીકા કરવાની તમારી ટેવને કારણે તમારે ટીકાનો સામનો કરવો પડે એવી શક્યતા છે. તમારી રમૂજવૃત્તિને ઊંચી તથા તમારા બચાવને નીચો રાખશો તો તમે કટુ ટિપ્પણીઓથી બચવા માટે સારી સ્થિતિમાં રહેશો. વીતેલા સમય માં તમે ઘણા પૈસા ખર્ચ કર્યા છે જેનું પરિણામ તમને અત્યારે ભોગવવું પડી શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે દરેક વ્યક્તિની વાત સાંભળો શક્ય છે કે તમને એમાંથી તમારી સમસ્યાનો ઉકેલ મળી જાય. આર્થિક લાભ તમારી અપેક્ષા મુજબ નહીં હોય. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો. અંગત સંબંધો સંવેદનશીલ તથા મૂલ્યવાન છે. તમારા શરીર ને સુધારવા માટે, તમે આજે પણ ઘણી વાર વિચારશો, પરંતુ બાકી ના દિવસોની જેમ, આ યોજના પણ અટકાયેલી રહેશે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. મિત્રો તથા પરિવારના સભ્યો તમને ઉત્સાહ પૂરો પાડશે. આજે તમને પ્રેમની ગેરહાજરી અનુભવાશે. આજે તમારો કોઈ સબંધી કોઈ પૂર્વ સૂચના વિના તમારા ઘરે આવી શકે છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. તમારામાંના કેટલાક દાગીના અથવા હૉમ એપ્લાયન્સીસની ખરીદી કરશે. આજે તમને જાણ થશે કે તમારું પ્રિયપાત્ર તમને અનંતકાળ સુધી પ્રેમ કરશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. આજ ના દિવસે તમારે દારૂ જેવી માદક વસ્તુ નું સેવન ના કરવું જોઈએ કેમકે નશા ની સ્થિતિ માં તમારી કોઈ મોંઘી વસ્તુ ખોવાઈ શકે છે. પરિવારના સભ્યો સાથેના સામાજિક મેળાવડા બધાને સારા મૂડમાં રાખશે. તમે આજે પ્રેમનું પ્રદૂષણ ફેલાવશો. તમારા બાળકો ને આજે સમય નો સારો ઉપયોગ કરવા ની સલાહ આપી શકો છો.

**મકર (ખ,જ) :**
આજના દિવસે ઉચ્ચ કૅલૅરીયુક્ત આહાર ટાળો અને તમારા વ્યાયામને વળગી રહો. જો તમને લાગે છે કે તમારી જોડે પૂરતું ધન નથી તો ઘર ના કોઈ મોટાથી ધન સંચિત કરવા ની સલાહ લો. ઘરમાં સમસ્યાઓ ઊભી થઈ શકે છે-જો તમે તમારા પરિવારના સભ્યો સાથે સમય નહીં વિતાવો તો. તમારા પ્રિયપાત્ર સાથે સમજદારી.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે? જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. આજે તમને તમારા પ્રિયપાત્રની એક નવી અદભુત બાબત જોવા મળશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમારી જાતે જ કોઈ દવા લેવાનું ટાળજો કેમ કે એવું કરવાથી ડ્રગ ડિપેન્ડન્સીની શક્યતા વધી શકે છે. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો. તમારી સંતતિ માટે કશુંક ખાસ આયોજન કરો. એ વાતની તકેદારી રાખો કે તમારી યોજના વાસ્તવવાદી હોય જેથી તમે તેને હાંસલ-સાધ્ય કરી શકો.



ગુજરાત કોંગ્રેસ પાર્ટી દ્વારા આજે રાજીવ ગાંધીની જન્મ જયંતિ નિમિત્તે તેમની પ્રતિમાને પુષ્પાંજલી કરવામાં આવી હતી.

ન્યૂઝ બ્રિફ

## તમે રશિયાના ટેકેદાર છો, અમારો દેશ છોડીને જતા રહો

### ભારત-રશિયાની મિત્રતાના કારણે યુક્રેનના લોકોને વાંધો કેટલીક જગ્યાએ ભારતીયોને દુકાનદારો માલ નથી વેચતા



। કિવ, તા.૨૦ ।

રશિયાએ બે વર્ષ અગાઉ યુક્રેન પર હુમલો કર્યો તેના કારણે હજારો ભારતીયો જીવ બચાવવા માટે યુક્રેન છોડીને સહીસલામત ભારત આવી ગયા હતા. પરંતુ ત્યાં રહી ગયેલા અથવા તાજેતરમાં પાછા યુક્રેન ગયેલા ભારતીયોની હાલત ખરાબ છે. યુક્રેનમાં કેટલાક સમયથી ભારતીય વિરોધી માહોલ પેદા થયો છે કારણ કે ભારતે આ યુદ્ધમાં રશિયાની ટીકા કરવાનું ટાળ્યું છે. સ્થાનિક લોકોમાં ભારતીયો વિરુદ્ધ નારાજગી છે અને ભારતીયોને દેશ છોડી જવા જણાવી રહ્યા છે. "અમારો દેશ છોડીને ભારત જતા રહો", આવી વાતે ઘણા ભારતીયોને યુક્રેનમાં સાંભળવી પ ડે છે. ખાસ કરીને યુક્રેનમાં જે ભારતીય વિદ્યાર્થીઓ મેડિકલનો અભ્યાસ પૂરો કરવા માટે રોકાઈ ગયા છે તેમના માટે પરિસ્થિતિ ટફ છે. યુક્રેનના લોકોમાં સામાન્ય મત એવો છે કે ભારતીયો રશિયાના ટેકેદાર છે. યુક્રેન તાજેતરમાં રશિયા સામે આક્રમક રીતે લડત આપી રહ્યું છે તેમાં ભારતીયો માટે પ્રતિકુળ સ્થિતિ બની છે. લેટેસ્ટ અહેવાલ પ્રમાણે ઘણા ભારતીય વિદ્યાર્થીઓને સ્થાનિક લોકોએ દેશ છોડી જવા જણાવ્યું છે. જે ભારતીય વિદ્યાર્થીઓ યુક્રેનમાં અભ્યાસ કરી રહ્યા છે તેમને બીજા કોઈ વૈકલ્પિક દેશની યુનિવર્સિટીમાં પ્રવેશ આપવા માટે માંગણી કરવામાં આવી છે. પરંતુ તેનો કોઈ ઉકેલ મળ્યો નથી. ૨૦૨૨માં યુક્રેન પર રશિયાનું આક્રમણ શરુ થયું ત્યાર પછી લગભગ ૧૮,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓને સહીસલામત પરત લાવવામાં આવ્યા હતા. ઘણા વિદ્યાર્થીઓને આશા હતી કે તેમને ભારતની યુનિવર્સિટીઓમાં સમાવી લેવાશે અથવા વિદેશની કોઈ બીજી મેડિકલ ઈન્સ્ટિટ્યૂટમાં એડમિશન મળી જશે. જોકે, સરકારે એવી કોઈ સગવડ આપી ન હતી, તેના કારણે લગભગ ૩૪૦૦થી વધારે ભારતીય મેડિકલ સ્ટુડન્ટ્સ ફરીથી યુક્રેન જતા રહ્યા હતા.

### ૨૮ જેટલા ઇજાગ્રસ્તોનું રેસ્ક્યૂ કરી લેવામાં આવ્યું

# ઉત્તરાખંડમાં ગંગોત્રી પાસે ગુજરાતીઓની બસ ખીણમાં ખાબકતા સાતના મોત થયા

### બસમાં સુરતના ત્રણ યાત્રી, ભાવનગરના ૮ યાત્રી, તળાજા-ત્રાપજ-કઠવાના ૧૬ યાત્રી અને મહુવાના ૨ યાત્રી સવાર હતા

। ઉત્તરાખંડ, તા.૨૦ ।

રાજ્યમાં અવારનવાર વાતાવરણમાં પલટો આવતો હોય છે. જેને કારણે લેન્ડસ્લાઈડિંગ સહિતની દુર્ઘટનાઓ બનતી હોય છે. ત્યારે ગંગોત્રી નેશનલ હાઈવે પર ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. જેમાં ગુજરાતી યાત્રિકો ભરેલી બસ ખીણમાં ખાબકી હતી. એસડીઆરએફ અને એનડીઆરએફ સહિતની તમામ ટીમો બચાવ કામગીરીમાં જોડાઈ ગઈ હતી. મળતી માહિતી પ્રમાણે, ઉત્તરકાશીમાં ગંગોત્રી નેશનલ હાઈવે પર ગુજરાતી યાત્રિકો ભરેલી બસ ખીણમાં ખાબકી છે. આ બસમાં કુલ ૩૫ જેટલા મુસાફરો હતા. તેમાંથી કુલ ૭ મુસાફરોના મોત નીપ જ્યા છે. જ્યારે ૨૮ જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા છે. હાલ તમામ ઈજાગ્રસ્તોનું રેસ્ક્યૂ કરી લેવામાં આવ્યું છે અને તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. હાલ પ્રાથમિક માહિતી પ્રમાણે, બસમાં સુરતના ત્રણ યાત્રી, ભાવનગરના ૮ યાત્રી, તળાજા-ત્રાપજ-કઠવાના ૧૬ યાત્રી અને મહુવાના ૨ યાત્રી સવાર હતા. ખીણમાં ખાબકેલી બસ ભાવનગરમાં આવેલી શ્રી હોલિડે ટ્રાવેલ્સની બસ હોવાનું જાણવા મળ્યું છે. આ મામલે ગુજરાત સરકાર ઉત્તરાખંડ સરકારના રાહત કમિશનર સાથે સતત સંપર્કમાં છે.

### પાંચ વર્ષ સુધી એન્ટ્રી પર પ્રતિબંધની શક્યતા

# અમેરિકામાંથી ડિપોર્ટ કરાયેલા સ્ટુડન્ટ્સને ડબલ આંચકો

### બે ડઝન ભારતીય વિદ્યાર્થીઓને અમેરિકાના જુદા જુદા એરપોર્ટ પરથી ડિપોર્ટ કરી દેવાયા

। નવી દિલ્હી, તા.૨૦ ।

અમેરિકાના વિઝા મેળવવાની પ્રોસેસ તો જટિલ છે જ, તેની સાથે સાથે વિઝા મેળવ્યા પછી પણ ઘણી મુશ્કેલીઓ થઈ શકે છે. અમેરિકા ગમે તેને એરપોર્ટ પરથી જ ડિપોર્ટ કરવા માટે જાણીતું છે. તાજેતરમાં યુએસના એરપોર્ટ પરથી ભારતના કેટલાક વિદ્યાર્થીઓને સીધેસીધા ડિપોર્ટ કરી દેવાયા હતા. હવે આ સ્ટુડન્ટ્સ માટે આગામી પાંચ વર્ષ સુધી અમેરિકાના દરવાજા બંધ થઈ જાય તેવી શક્યતા છે. એટલે કે આ વિદ્યાર્થીઓ ૫ વર્ષ સુધી યુએસમાં એન્ટ્રી પર પ્રતિબંધનો સામનો કરે




છે. અમેરિકાએ ભારતના કેટલાક વિદ્યાર્થીઓને થોડા દિવસ અગાઉ એરપોર્ટ પરથી જ ડિપોર્ટ કરીને ભારત પરત મોકલી દીધા છે તથા તેમના વિઝા પણ કેન્સલ કરી દીધા છે. એક્સપર્ટનું કહેવું છે કે હવે આ લોકોને ૫ વર્ષ સુધી કદાચ યુએસમાં એન્ટ્રી નહીં મળે. એટલું જ નહીં, આ વિદ્યાર્થીઓને હવે કેનેડા, યુકે અથવા ઓસ્ટ્રેલિયા ભણવા જવું હશે તો તેના માટે પણ દરવાજા બંધ થઈ શકે છે. એટલે કે ટોચના દેશોમાં ફોરેન એજ્યુકેશન મેળવવાનું અત્યંત મુશ્કેલ બની જશે. એક્સપર્ટનું કહેવું છે કે ભવિષ્યમાં આ સ્ટુડન્ટ્સ કોઈ મલ્ટિનેશનલ કંપની માટે ઉઁ૧મ વિઝા મેળવવાનો પ્રયાસ કરશે ત્યારે પણ તેમને ઘણી સમસ્યા થઈ શકે છે. શક્ય છે કે અમેરિકન કંપની તેમને ઉઁ-૧મ વિઝા માટે સ્પોન્સર કરવા તૈયાર હોય છતાં અમેરિકા તેને વિઝા ન આપે. જે વિદ્યાર્થીઓને યુએસના એરપોર્ટ પરથી જ ડિપોર્ટ કરી દેવાયા છે.

### ૨૦ વર્ષની માંગ બાદ ટ્રેનનું સ્ટોપેજ મળ્યું

# પોરબંદરથી મોતીહારી જતી ટ્રેનને મહેસાણામાં સ્ટોપેજ મળ્યું

। મહેસાણા, તા.૨૦ ।

પોરબંદરથી મોતીહારી જતી ટ્રેનને મહેસાણામાં સ્ટોપેજ મળ્યું છે. ટ્રેનને સ્ટોપેજ મળતાં ૧૫ હજારથી વધુ પરિવારને ફાયદો થશે. ૨૦ વર્ષ બાદ સ્ટોપેજ મળતાં બિહારી સમાજમાં ખુશીની લહેર છવાઈ છે. જેથી બિહારી સમાજે પ્રધાનમંત્રી અને રેલ મંત્રીનો આભાર માન્યો હતો. પોરબંદર થી મોતીહારી જતી ટ્રેનને મહેસાણા સ્ટોપેજ મળ્યું છે. છેલ્લા ૨૦ વર્ષથી આ ટ્રેન ચાલી રહી છે. ૨૦ વર્ષથી દોડતી આ ટ્રેનના સ્ટોપેજ માટે બિહારી સમાજ લાંબા સમયથી રજૂઆત કરી રહ્યો હતો. પ રંતુ ટ્રેનને સ્ટોપેજ નહોતું મળી રહ્યું. બિહારી સમાજ દ્વારા રાજ્યસભા સંસદને રજૂઆત કરાઈ હતી. ત્યારબાદ જુગલજીએ રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવને ટ્રેનને સ્ટોપેજ આપવા રજુઆત કરી હતી. ૨૦ વર્ષ બાદ આ ટ્રેનને સ્ટોપેજ મળતા પરપ્રાંતીય સહિત બિહારી સમાજમાં ખુશીની લાગણી છવાઈ છે. ટ્રેનને સ્ટોપેજ મળતા ૧૫ હજારથી વધુ પરિવારોને સીધો ફાયદો થશે. ટ્રેનને સ્ટોપેજ મળતા બિહારી સમાજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને રેલ મંત્રીનો આભાર માન્યો હતો. મહત્વનું છેકે છેલ્લાં ૨૦ વર્ષથી આ ટ્રેન ચાલી રહી છે. જેમાં ટ્રેનના સ્ટોપેજ માટે બિહારી સમાજ રજૂઆત કરી રહ્યો હતો. પરંતુ ટ્રેનને સ્ટોપ ેજ મળી રહ્યું ન હતું. આખરે બિહારી સમાજ દ્વારા તત્કાલીન રાજ્યસભા સાંસદ જુગલજી ઠાકોરને રજૂઆત કરી હતી. જેના પછી તેમણે રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવને રજૂઆત કરતાં મહેસાણાને સ્ટોપેજ માટે મંજૂરી મળી અને ૧૫ ઓગસ્ટથી સ્ટોપેજની શરૂઆત થઈ ગઈ છે.

### માતા પિતા માટે આંખ ઉઘાનારો કિસ્સો

# રમતા રમતા બે વર્ષનું બાળક એસિડ ગટગટાવી ગયું

### બાળક રમતા રમતા એસિડથી ગડગડાવી લેતા ગંભીર હાલતમાં નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો

। સુરત, તા.૨૦ ।

સુરતમાં ફરી વાલીઓ માટે લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે. પાંડેસરા ૨ વર્ષનો બાળકએ રમતા રમતા એસિડ ગડગડાવી લીધું છે. બાળક ઘરમાં રમી રહ્યો હતો દરમિયાન એસિડની બોટલ નીચે હોવાથી બાળક એસિડની બોટલ હાથમાં લઈ રમતા રમતા ગત ગડગડાવી જતા બાળકને ગંભીર હાલતમાં સિવિલ હોસ્પિટલના NICU દાખલ કરવામાં આવ્યો છે. સુરતમાં વાલીઓની બેદરકારીના કિસ્સાઓ સતત સાથે સામે આવી રહ્યા છે. વધુ એક કિસ્સો સુરતના પાંડેસરા વિસ્તારમાં આવેલ સીતાનગર સોસાયટીમાં બન્યો છે ઘરમાં રમી રહેલ બે વર્ષનો બાળક રમતા રમતા એસિડથી ગડગડાવી લેતા ગંભીર હાલતમાં નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. બાળક અન્ય બાળકો સાથે રમી રહ્યો હતો દરમિયાન એસિડથી ભરેલી બોટલ દેખાઈ આવતા બાળક હાથમાં લઈ ગડગડાવી આવી ગયો હતો. ઘટનાને લઈ પરિવારના સભ્યો દોડી આવ્યા હતા. બાળકને તાત્કાલિક સારવાર માટે નવી હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં બાળકની હાલત ગંભીર હોવાથી તેને NICU માં દાખલ કરવામાં આવ્યો છે.

## વિશેષ

### રિમોટ એપ્લિકેશનથી ફોન હેક કરીને જે જે લોકો એપ્લિકેશન કરતા તેમને પ્રોસિજરના નામે લૂંટતા રહ્યા હતા

# બાપુનગરના ભાઈઓએ અમેરિકનને લોન આપવાનું કહી ડોલર પડાવ્યા

। અમદાવાદ, તા.૨૦ ।

અમેરિકન્સને પે-ડે લોનના નામે લૂંટતા બાપુનગરના ભેજાબાજ ભાઈઓ અને તેમના એજન્ટોનો પર્દાફાશ થયો છે. પોતાના ઘરમાં જ કોલસેન્ટર ચલાવતા રોહન અને હિરેને ( નામ બદલ્યું છે ) એજન્ટોનું નેટવર્ક શરૂ કરી અમેરિકનને જબરા બાટલીમાં ઉતાર્યા હતા. ઉલ્લેખનીય છે કેઁફ્રુઅ-હ્રુઅ લોન માટે ઘરેબેઠા બેઠા આ શખસોએ કોલ સેન્ટર ચલાવવાનું શરૂ કરી દીધું હતું. લોકોનો વિશ્વાસ જીતી ેજીછ કેશ સિસ્ટમના નામે કરોડોનું કૌભાંડ આચરતા પ ર્દાફાશ થયો છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા ઘણા સમયથી ચાલતા આ ગિફ્ટ કાર્ડથી રૂપિયા કન્વર્ટ કરવાના કૌભાંડનો બાપુનગર સાયબર ક્રાઈમ પોલીસે જબરો પ ર્દાફાશ કરી દીધો છે.

અમદાવાદની હાર્ડ એન્ડ ફાસ્ટ લાઈફમાં રૂપિયા કમાવવાની રેસ પણ જોરશોરથી ચાલી રહી છે. તેવામાં બાપુનગરમાં રહેતા રોહન અને હિરેન, કે જે બે સગા ભાઈઓ પણ છે તેમને અમેરિકન લોકોને ઠગવાનો વિચાર આવ્યો હતો. એક દિવસ તેમના મકાનની છત પર બેઠા બેઠા આ બંને ભાઈઓ ચા પીતા હતા અને તેમને થયું કે ચલો આપણે હવે એક કોલ સેન્ટર ખોલીએ. કારણ કે અમેરિકાની લાઈફ સ્ટાઈલ એવી છે કે જ્યાં લોકોનેઁફ્રુઅ હ્રુઅ લોનની જરૂર ઘણી વધારે રહે છે. આ એક ચાની ચુસકીથી શરૂ થયું આ બંને ભાઈઓનું કરોડોનું કૌભાંડ શરૂ થયું.

બંને ભાઈઓએ સોશિયલ મીડિયા સાઈટ પ રથી અમેરિકામાં રહેતા ગુજરાતીઓ અને લોકલ પ બ્લિકને કોન્ટેક્ટ કરવાનું શરૂ કર્યું હતું. એટલું જ નહીં અમદાવાદમાં અગાઉ પણ જે આવા સાયબર ફ્રોડના




કિસ્સાઓ ચાલતા હતા તેને લઈને પણ આખો ઘટનાક્રમ શોધ્યો અને એમાં સંડોવાયેલા કેટલાક લોકો જે હજુ અહીં શહેરમાં છે તેમનો સંપર્ક સાધ્યો હતો. આ બંને ભાઈઓ રોહિન અને હિરેને ત્યારપછી લાખો રૂપિ યાના પગારની લાલચે એજન્ટોનું નેટવર્ક શરૂ કર્યું. જેના કનેક્શન અમદાવાદથી અમેરિકા સુધી હતા. તેમણે કોલ સેન્ટરમાં અમેરિકાના નંબરથી બાપુનગરમાં બેઠા બેઠા લોકોને ભરમાવવાનું શરૂ કરી દીધું હતું.

અમેરિકન નાગરિકો અને દ્દઈંને છેતરવા માટે તેમણે જોરદાર માસ્ટર પ્લાન બનાવ્યો હતો. જેમાં ઘરે બેઠા તેઓ ફોન કરતા અને એક પછી એક લોકોને જરૂરી રકમ અને એલિજિબલિટી કરતા વધારે લોન ઓછા વ્યાજદરે આપવાનો વાયદો કર્યો હતો. ઉલ્લેખનીય છે કે ગણતરીના કલાકોમાં લોન પાસ કરી આપીશું એમ કહી તેમણે ખોટા લેટર પણ બનાવી આપ્યા હતા. જોકે આના માટે લોન લેનાર અમેરિકન્સે બદલામાં બેંક સ્ટેટમેન્ટ, સેલેરી સ્લિપ અને ઘણા અંગત ડોક્યુમેન્ટ્સ પણ જમા કરાવવાનાં હતા. બંને ભાઈઓએ ત્યારપ છી ડિજિટલ કોપી વડે અમેરિકનના અંગત ડેટા લઈ લીધા અને તેમના મોબાઈલમાં એક એપ્લિકેશન ડાઉનલોડ કરવાનું જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે આ એપ્લિકેશનથી આખો ફોન રિમોટ પર આવી જાય અને આમાંથી તેઓ નેટ બેકિંગ અને થકીઁફ્રુઅ હ્રુઅ લોનના નામે આખું બેંક એકાઉન્ટ સાફ કરી દેતા હતા. બે ભાઈઓ એટલા ઝડપી કામ કરતા હતા કે એક વ્યક્તિને લૂંટવા માટે તેમને ૧ કલાકથી પણ ઓછો સમય લાગતો હતો. સૌથી પહેલા એજન્ટો તેમને નંબરોની આખી લિસ્ટ આપી દેતા હતા કે જેઓ આ લોન લેવા આતુર હોય. ત્યારપછી એજન્ટો જ ત્યાં રહીને વિશ્વાસ અપ ાવતા હતા કે તમે અહીં પ્રોસિજર બધી મારી પર છોડી દો. ત્યારપછી રિમોટ એપ્લિકેશન વડે તેઓ અંગત ડેટા લઈને અમેરિકન નાગરિકોના બેંકમાંથી શંકા ન જાય એવી રીતે એકપછી એક ખાતામાંથી રૂપિયા ઉપ ાડતા ગયા. નોંધનીય છે કે આ બંને ભાઈઓએ પ ોલીસથી બચવા માટે ચોરી કરેલા રૂપિયાને ગિફ્ટ કાર્ડમાં કન્વર્ટ કરાવી દેતા હતા. જેથી કરીને અમેરિકન પોલીસ પણ બે ઘડી વિચારતી થઈ ગઈ કે આ રૂપિયા લોકોના ઉપડી તો રહ્યા છે પરંતુ ક્યાં જાય છે એ કોઈને નહોતી ખબર. ત્યારપછી એક સપ્તાહ સુધી આ ટોળકી ગિફ્ટ કાર્ડના કોડને સુરક્ષિત રાખતી અને ભારતમાં એક ભેજાબાજની મદદથી તેને રિડિમ કરાવીને તે અમાઉન્ટના રૂપિયા પોતાની પાસે રાખી લેતી હતી. અમેરિકન સાયબર સેલને એકપછી એક ફરિયાદ મળી કે અમે તો અહીંઁફ્રુઅ હ્રુઅ લોન લીધી અપ્રૂવ પણ થઈ પરંતુ બેંકમાં રૂપિયા આવવાને બદલે આખું ખાતુ સાફ થઈ ગયું. હવે શું કરીએ. સાયબર સેલની ટીમે ત્યારપ છી આનું કનેક્શન બાપુનગરથી હોવાનું જણાવ્યું હતું. જેથી અમદાવાદ સાયબર સેલ એક્ટિવ થઈ ગયું અને ગણતરીના દિવસોમાં જ ઘરેબેઠા અમેરિકનને છેતરતા બંને ભાઈઓની ધરપકડ કરી લીધી હતી. જોકે હવે જે એજન્ટોનું નેટવર્ક હતું તે વિખેરાઈ જતા વધુ વિગતો નથી મળી. પરંતુ બંને ભાઈઓએ કરોડોનું કૌભાંડ કર્યાની આશંકાએ વધુ તપાસ હાથ ધરી દેવામાં આવી છે. સાયબર સેલની ટીમે ત્યારપછી આનું કનેક્શન બાપુનગરથી હોવાનું જણાવ્યું હતું. જેથી અમદાવાદ સાયબર સેલ એક્ટિવ થઈ ગયું અને ગણતરીના દિવસોમાં જ ઘરેબેઠા અમેરિકનને છેતરતા બંને ભાઈઓની ધરપકડ કરી લીધી હતી. જોકે હવે જે એજન્ટોનું નેટવર્ક હતું તે વિખેરાઈ જતા વધુ વિગતો નથી મળી. પરંતુ બંને ભાઈઓએ કરોડોનું કૌભાંડ કર્યાની આશંકાએ વધુ તપાસ હાથ ધરી દેવામાં આવી છે.

## ન્યૂઝ બ્રિફ

### સાબરકાંઠા જિલ્લામાં ચોમાસાને લઈ મચ્છરજન્ય સહિતના રોગોએ માથુ ઉંચક્યુ

। સાબરકાંઠા,તા.૨૦ ।

ચોમાસાની શરુઆત બાદ હવે જુદા જુદા રોગોના દર્દીઓની સંખ્યા વધવા લાગી છે. હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યામાં પાછળના એક મહિનામાં વધારો નોંધાયો છે. હિંમતનગર જનરલ સિવિલ હોસ્પિટલમાં જૂન માસના પ્રમાણમાં દર્દીઓની સંખ્યામાં વધારો નોંધાયો છે. જિલ્લામાં હાલમાં અનેક વિસ્તારમાં ડેંગ્યૂના કેસમાં પણ વધારો થયો છે. પ્રાંતિજ વિસ્તારમાં પણ બાળકોમાં ડેંગ્યૂના કેસ છેલ્લા એક માસમાં વધારે જોવા મળી રહ્યા છે. આ દરમિયાન સિવિલ હોસ્પિટલમાં દમ અને અસ્થમા અને કન્જેક્ટિવાઈસના દર્દીઓની સંખ્યામાં વધારો થયો છે. ચોમાસાની રુતુને લઈ ચામડીના દર્દીઓમાં પણ વધારો જોવા મળ્યો છે. હાલમાં સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યામાં વધારો સર્જાયો છે. જૂન માસમાં સિવિલ હોસ્પિટલની જનરલ ઓપીડીની સંખ્યા ૨૨૭૧૬ હતી જે જુલાઈ માસમાં વધીને ૨૪૩૮૮ થવા પામી છે.

### સુરત શહેરમાં ચાલુ ટીવીમાં બ્લાસ્ટ થયો

। સુરત,તા.૨૦ ।

સુરત શહેરમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. સુરત શહેરમાં ચાલુ ટીવીમાં બ્લાસ્ટ થયો હતો. શહેરના લીંબાયત વિસ્તારમાં ઘટના બની હતી. લીંબાયત વિસ્તારમાં આવેલા ગોવિંદનગરમાં એક ઘરમાં ટીવીમાં અચાનક બ્લાસ્ટ થતાં લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. ચાલુ ટીવીમાં અચાનક બ્લાસ્ટ થતાં ઘરમાંથી કાળા ધુમાડા નીકળવા લાગ્યા હતા, સ્થાનિકોએ તાત્કાલિક પાણીનો મારો ચલાવી આગ ફેલાવા દીધી નહોતી. સદનસીબે કોઈ જાનહાની થઈ નહોતી. સ્થાનિકોએ તાત્કાલિક પાણીનો મારો ચલાવી આગ ફેલાવા દીધી નહોતી. સદનસીબે કોઈ જાનહાની થઈ નહોતી.

### ૩૬મા વાર્ષિકોત્સવનાં ઉજવણી પર્વે

# ભારતને આર્થિક મહાસત્તા બનાવવાનાં સંકલ્પને સિદ્ધ કરવા ગુજરાત રાજ્ય સેવા સમિતિ કટીબધ્ધ

### ૩૬ વર્ષ પહેલા સ્વ. શ્રી સુરેન્દ્રસિંહ રાજપૂતે સેવાયજ્ઞને માધ્યમ બનાવી ગુજરાત રાજ્ય સેવા સમિતિની સ્થાપના કરી હતી

। અમદાવાદ, તા.૨૦ ।

સ્વતંત્રતાનો પવન સુખ આપનારો હોય છે પરંતુ આ સ્વતંત્રતા માટે ભારત દેશની માટીમાંથી જન્મેલા કેટલાય નામી અનામી દેશભક્તોએ પોતાના પ્રાણની આહુતિ સ્વતંત્રતાનાં યજ્ઞમાં આપી હતી તે ભૂલાય નહીં અને સ્વતંત્રતા સસ્તી ના લાગે તે માટે ૩૬ વર્ષ પહેલા સ્વ. શ્રી સુરેન્દ્રસિંહજી રાજપૂતે સેવાયજ્ઞને માધ્યમ બનાવી ગુજરાત રાજ્ય સેવા સમિતિની સ્થાપના કરી હતી. આઝાદીનાં લડવૈયાઓનાં રક્તથી પવિત્ર બનેલી દેશની માટીથી દેશવાસીઓને દેશ પ્રત્યે પોતાની જવાબદારીની સમજ આપી વિદેશી લોકો ફરી ઈસ્ટ ઈન્ડિયા કંપની જેવા નામ ધારણ કરી દેશને ગુલામ ના બનાવી શકે તે માટે સમાજમાં વ્યસન મુક્ત યુવાનો અને સ્ત્રી સશક્તિકરણની જરૂરીયાતને સમજનારા ગુજરાત રાજ્ય સેવા સમિતિ આદ્યસ્થાપક સ્વ શ્રી સુરેન્દ્રસિંહજી રાજપૂતને તેમની પ્રથમ પુણ્યતિથિ પર કર્મરૂપે શ્રધ્ધાંજલિ અર્પણ કરી સંસ્થાનાં ૩૬માં વાર્ષિકોત્સવ નિમિત્તે આઝાદીનાં અમૃત મહોત્સવ અંતર્ગત વર્ષ ૨૦૧૪ પહેલાંનું ભારત અને વૈશ્વિક નેતા અને દેશનાં વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીનાં ૯ વર્ષનાં સુશાસન બાદ ભારતની મજબૂત વૈશ્વિક છબી અને વર્ષ ૨૦૪૭ સુધી વૈશ્વિક આર્થિક મહાસત્તા સુધી પહોંચવાનાં સંકલ્પને સિદ્ધ કરવા માટે ‘‘મારી માટી મારો દેશ’’ અભિયાન હેઠળ અમદાવાદમાં દિનેશ હોલ ખાતે ગુજરાત રાજ્ય સેવા સમિતિ દ્વારા મારી માટી મારો દેશ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી, પ.પૂ સંત શ્રી સ્વામિ પરમાત્માનંદ સરસ્વતી, હરીયાણા રાજ્યના માજી મંત્રી છત્રપાલ સિંહ, સાંસદ શ્રી હસમુખભાઈ પટેલ, રાજ્યસભાના સાંસદ શ્રી નરહરિભાઈ અમિન, ડિરેક્ટર ઓફ પ્રોસીક્યુશન શ્રી જગરૂપસિહ રાજપૂત, ગુજરાત રાજ્ય સેવા સમિતિનાં અધ્યક્ષ શ્રી સ્વપ્રિલસિંહ રાજપૂત અને યુવાધ્યક્ષ મિતેષસિંહ રાજપૂત ઉપસ્થિત રહ્યા હતાં. દેશની માટી ઝેર મુક્ત બને અને ‘‘સ્વસ્થ દેશ સમૃધ્ધ ખેડૂત’’ દેશની ઓળખ બને તે માટે ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલશ્રી માનનીય આચાર્ય દેવવ્રતજીનાં સંકલ્પબળથી પ્રાકૃતિક કૃષિ આજે રાજ્યમાં પ્રચલિત બની છે. આ કાર્યક્રમમાં ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની સમજ આપવા માટે ગુજરાત રાજ્ય સેવા સમિતિ સાથે જોડાયેલા ખેડૂત મિત્રોનાં ઓછા ખર્ચમાં શુધ્ધ ઉત્પાદન કરવાનાં પ્રયત્નોને પ્રોત્સાહન આપવા માટે મહામહિમ રાજ્યપાલશ્રી દ્વારા પ્રાકૃતિક કૃષિ વિષય પર વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. ૩૬ વર્ષથી કેન્દ્ર તથા રાજ્ય સરકારની પ્રજાલક્ષી કલ્યાણકારી યોજનાઓ અને જનસાધારણ લાભાર્થીઓ વચ્ચે સેતુ સમાન ગુજરાત રાજ્ય સેવા સમિતિ હવે માનનીય પ્રધાનમંત્રીશ્રીનાં વૈશ્વિક આર્થિક મહાસત્તા બનવાનાં સંકલ્પને સિદ્ધ કરવા માટે વિવિધ ક્ષેત્રોનાં તજજ્ઞો અને ઉદ્યોગ સાહસિકોને મદદરૂપ બની લોકલાડીલા મુખ્યમંત્રી માનનીય શ્રી ભુપેન્દ્રભાઈ પટેલનાં માર્ગદર્શન હેઠળ રાજ્યમાં વધુમાં વધુ રોકાણકારો આવી સમૃદ્ધિ અને રોજગારનું સર્જન કરે તે માટે એક નવા સ્વરૂપે પણ કાર્યરત છે.

### વરસાદ અને ભૂસ્ખલનમાં અનેક લોકોના થયા મોત

# હિમાચલમાં મૃતકોના પરિવારજનો માટે મોરારીબાપુએ કરી સહાયની જાહેરાત

### પ્રત્યેક મૃતકના પરિજનોને ૧૫,૦૦૦ પ્રમાણે કુલ મળીને ૯ લાખ રૂપિયાની સહાયતા રાશિ પણ અર્પણ કરી છે

। અમદાવાદ, તા.૨૦ ।

હિમાચલમાં વરસાદે છેલ્લા કેટલાય દિવસોથી તબાહી મચાવી છે. ઉત્તર ભારતમાં અને ખાસ કરીને હિમાચલ પ્રદેશના અનેક વિસ્તારોમાં ભારે થી અતિ ભારે વરસાદને કારણે જાનમાલનું બહુ મોટા પાયાનું નુકસાન થયું છે. ભારે વરસાદ અને તેના કારણે ભૂસ્ખલનની ઘટનાઓ સતત બની રહી છે, પરંતુ આ વખતે ૧૩ થી ૧૬ ઓગસ્ટ વચ્ચે આવી ઘટનાઓ વધુ જોવા મળી છે.

હિમાચલમાં ભૂસ્ખલનને કારણે અનેક લોકોના મોત થયા છે. રાજ્યમાં ભારે વરસાદ અને ભૂસ્ખલનને કારણે ઘણું નુકસાન થયું છે. ત્યારે પૂજ્ય મોરારી બાપુએ લોકો માટે સહાયની જાહેરાત કરી છે. તાજેતરના અહેવાલો અનુસાર એકલા હિમાચલ પ્રદેશમાં જ ૭૦૦૦ કરોડથી વધુ રૂપિયાનું નુકસાન થવા પામ્યું છે. સીમલા અને તેની આસપાસના વિસ્તારમાં છેલ્લા થોડા દિવસોમાં ભારે વરસાદને કારણે જમીન અને મકાનોનું મોટે પાયે ધોવાણ થયું છે. અને એને લીધે ૬૦ થી વધુ લોકોના મૃત્યુ પણ થયા છે. મૃત્યુનો કુલ આંકડો ઘણો વધે તેવી આશંકા પણ સેવાઈ રહી છે. પૂજ્ય મોરારી બાપુએ આ તમામ મૃતકોને શ્રદ્ધાંજલિ સમર્પિત કરી છે. અને પ્રત્યેક મૃતકના પરિજનોને ૧૫,૦૦૦ પ્રમાણે કુલ મળીને ૯ લાખ રૂપિયાની સહાયતા રાશિ પણ અર્પણ કરી છે. હિમાચલ પ્રદેશના સ્થાનિક અધિકારીઓ પાસેથી મૃતક લોકોની અને તેમનાં નજીકના સ્વજનોની વિગતો મેળવવામાં આવી રહી છે. અને રામકથાના હિમાચલ પ્રદેશના શ્રોતાઓ દ્વારા આ સહાયતારા રાશિ પહોંચતી કરવામાં આવી રહી છે. પૂજ્ય બાપુએ આ તમામ મૃતકોના નિર્વાણ માટે હનુમાનજીના ચરણોમાં પ્રાર્થના પણ કરી છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના જણાવ્યા અનુસાર, ૨૪ જૂને ચોમાસાની શરૂઆતથી હિમાચલ પ્રદેશમાં વરસાદ સંબંધિત ઘટનાઓ અને માર્ગ અકસ્માતોમાં ૩૩૮ લોકોના મોત થયા છે અને ૩૮ લોકો ગુમ છે. તેમાં કહેવામાં આવ્યું છે કે ૩૩૮ મૃતકોમાંથી ૨૨૧ લોકો વરસાદ સંબંધિત ઘટનાઓમાં મૃત્યુ પામ્યા હતા. ઈમરજન્સી સેન્ટર દ્વારા જણાવવામાં આવ્યું હતું કે ૧૧,૬૦૦ ઘરોને સંપૂર્ણ અથવા આંશિક રીતે નુકસાન થયું છે અને લગભગ ૫૬૦ રસ્તાઓ હજુ પણ અવરોધિત છે. તે જ સમયે, ૨૫૩ ટ્રાન્સફોર્મર અને ૧૦૭ પાણી પુરવઠા યોજનાઓ અવરોધિત છે.

### આપના ઉપ પ્રમુખ ભેમાભાઈ ચૌધરી કોંગ્રેસમાં જોડાયા

# ગુજરાતમાં આમ આદમી પાર્ટીને લાગ્યો મોટો ઝટકો

### આપના પ્રદેશ ઉપાધ્યક્ષ ભેમાભાઈ ચૌધરીએ આપમાંથી રાજીનામું ધરી દેતા ગુજરાતનું રાજકારણ ગરમાયું છે

। અમદાવાદ, તા.૨૦ ।



લોકસભા ચૂંટણી પહેલા ગુજરાત આપમાં ભડકો થયો છે. આમ આદમી પાર્ટીના આગેવાનો કોંગ્રેસમાં જોડાઈ રહ્યા છે. ગઈ કાલે ખેડા,અમદાવાદ અને જેતપુરના અનેક આગેવાનો કોંગ્રેસમાં જોડાયા હતા. તો બીજી તરફ આજે ફરી આમ આદમી પાર્ટીને મોટો ઝટકો લાગ્યો છે. આપના ઉપ પ્રમુખ ભેમાભાઈ ચૌધરી કોંગ્રેસમાં જોડાયા છે. કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલની હાજરીમાં તેઓ કોંગ્રેસમાં જોડાયા છે. આપના પ્રદેશ ઉપાધ્યક્ષ ભેમાભાઈ ચૌધરીએ આપમાંથી રાજીનામું ધરી દેતા રાજકારણ ગરમાયું છે. ભેમાભાઈએ તમામ હોદ્દાઓ પરથી રાજીનામું ધરી આપને બાય બાય કરી દીધુ હતું. તમને જણાવી દઈએ કે, ભેમાભાઈ ૨૦૧૨થી આપ સાથે સંકળાયેલા હતા. વિધાનસભાં સહીત અનેક ચૂંટણીઓમાં તેમણે સક્રીય ભુમિકા ભજવી હતી. લોકસભાની ચૂંટણીઓના ભણકારા વચ્ચે બનાસકાંઠા આપનો મોટો ચહેરો ગણાતા ભેમાભાઈના રાજીનામાંથી જિલ્લામાં રાજકીય હડકંપ આવ્યો છે. આ અવસરે શક્તિસિંહ ગોહિલે કહ્યું કે, ગુજરાત આમ આદમી પાર્ટીના ઉપપ્રમુખ અને ચૌધરી સમાજના આગેવાન નેતા ભેમાભાઈ ચૌધરીનું કોંગ્રેસમાં સ્વાગત છે. તેમણે વધુમાં કહ્યું કે, ગુજરાતની અસ્મિતાનું પુનઃ સ્થાપન કરવા સેવા યજ્ઞની શરૂઆત કરી છે. યુવાનો મહેનત કરી પરીક્ષા આપવા જાય અને પેપર ફૂટી જાય છે. ખેડૂતોને ખાતર સમયસર મળતું નથી. સત્તા છીનવી લેવા માટે નહીં પણ સેવા માટે સામાજિક આગેવાનો જોડાઈ રહ્યા છે. તો બીજી તરફ છૈંઝઝ દ્વારા નક્કી કરવામાં આવ્યું છે કે, દરેક રાજ્યમાં હાથ સે હાથ જોડો યાત્રા શરુ કરવામાં આવશે. ગુજરાતમાં આ યાત્રા માટે ઈન્દ્રનીલ રાજ્યગુરુની કનવીનર તરીકે નિમણુક કરવામાં આવી છે. શક્તિસિંહ ગોહિલ પ્રમુખ બનતા જ કોંગ્રેસમાં ભરતી મેળો શરુ થયો છે. ખેડા, આણંદ, અને અમદાવાદ જિલ્લાના આપના આગેવાનો કોંગ્રેસમાં જોડાયા. જિલ્લા પ્રમુખથી લઈને સંગઠનના આપના નેતા કોંગ્રેસમાં જોડાયા છે.

### ૬ મહિનાની સજા માફ કરાઈ

# ધારાસભ્ય કાંધલ જાડેજાને સેશન્સ કોર્ટે આપી રાહત

### હોસ્પિટલમાંથી પોલીસ જાપ્તા વચ્ચે નાસી છૂટવાના કેસમા ૬ માસની સજા માફી મળતા હવે જેલમાં નહી રહેવું પડે

। રાજકોટ, તા.૨૦ ।

પોરબંદર કુતિયાણાના ધારાસભ્ય કાંધલ જાડેજાને કોર્ટે મોટી રાહત આપી છે. જી હા...વર્ષ ૨૦૦૯ના પોરબંદરના હત્યા કેસમાં રાજકોટ જેલમાં જેલવાસ ભોગવતા હતા, ત્યારે હોસ્પિટલમાંથી પોલીસ જાપ્તા વચ્ચે નાસી છૂટવાના કેસમાં દોઢ વર્ષની સજા કરાઈ હતી, જેમાં અગાઉ એક વર્ષ સુધી જેલવાસ ભોગવી હતી. બાદ ૬ માસની સજા માફી મળતા હવે તેમને જેલમાં નહી રહેવું પડે. મહત્વનું છે કે, કુતિયાણાના ધારાસભ્ય કાંધલ જાડેજાને રાજકોટ સેશન્સ કોર્ટે મોટી રાહત આપી છે. કાંધલ જાડેજા દ્વારા સજા માફી માટે અપીલ કરવામાં આવી હતી. કોર્ટ દ્વારા કાંધલ જાડેજાને ૬ માસની સજા માફી આપવામાં આવી છે. સૌરાષ્ટ્રમાં એક માત્ર પોરબંદર જિલ્લાની કુતિયાણા બેઠક એવી રહી છે કે, અહી પક્ષ નહીં ઉમેદવાર બળવાન સાબિત થયા છે. સતત બીજી ટર્મ માટે દ્ગઝૅ ના કાંધલ જાડેજા અહી વિજેતા બન્યા છે. પોરબંદરના કુતિયાણા વિધાનસભા બેઠકમાં ફરી એક વખત જાડેજા પરિવારનો દબદબો જોવા મળ્યો છે. આ બેઠક પરના ત્રિપાંખિયા જંગમાં કાંધલ જાડેજાની ૨૩૭૦૯ મતે જીતી થઈ છે.

### સચિન જીઆઇડીસીમાંથી અજીબ ઘટના સામે આવી

# સચિન જીઆઇડીસીમાં કેટલાક લોકોએ એક યુવકને પકડીને માર માર્યો

### યુવક અન્ય સોસાયટીમાં શૌચાલય કરવા ગયો હતો અને લોકોએ ચોર સમજી તેને મેથીપાક ચખાડ્યો હતો

। સુરત,તા.૨૦ ।

સુરતના સચિન જીઆઈડીસીમાં આવેલ રામેશ્વર કોલોનીમાંથી એક અજીબ ઘટના સામે આવી હતી. જ્યાં રામેશ્વર કોલોનીમાં રહેતા કેટલાક યુવકોએ એક યુવકને પકડીને મેથીપાક ચખાડ્યો હતો. સ્થાનિક લોકોએ બહારથી આવેલ આ યુવક પર શંકા જતા તેને માર માર્યો હતો અને બાદમાં છોડી મૂક્યો હતો. યુવકને માર મારતો અજાણા વ્યક્તિએ વિડીયો બનાવ્યો હતો અને તે સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો.

સોશિયલ મીડિયામાં વિડીયો વાયરલ થયા બાદ તેમાં જુદા જુદા પ્રકારની વાતો વહેતી થઈ હતી. કહેવાય રહ્યું હતું કે સ્થાનિક વિસ્તારમાં અસામાજિક તત્વોએ યુવકને માર માર્યો છે. પોતાના વર્ચસ્વના જોડે અસામાજિક તત્વોએ યુવકને જાહેરમાં માર માર્યો હતો. ત્યારે આ વિડીયો વાયરલ થયા બાદ પોલીસ સુધી પહોંચ્યો હતો અને પોલીસે પણ આમાં તપાસ કરતા વાત કાંઈક અલગ જ બહાર આવી હતી. ખરેખર યુવક અન્ય સોસાયટીમાં શૌચાલય કરવા ગયો હતો અને લોકોએ ચોર સમજી તેને મેથીપાક ચખાડ્યો હતો. ઘટના અંગે સચિન જીૈંડ્ઢઝ્ર ના પી.આઈ એ જે ચૌધરીએ જણાવ્યું હતું કે આ વિડીયો ગત મોડી રાત્રે મારી પાસે આવ્યો હતો. જેને લઈ વીડિયોમાં દેખાઈ રહેલ ઈસમોને મેં રાત્રે જ પોલીસ સ્ટેશન બોલાવી તપાસ કરી હતી.

### રાજકોટના લોકોમાં અનોખી જાગૃતિ

# રાજકોટમાં લોકોએ સ્વયં ડેમોમાંથી કચરો કર્યો સાફ

### ન્યારી ડેમની હાલત બદથી બદતર થતાં લોકોએ સ્વયં કચરો કર્યો સાફ, બે કલાકમાં ૯ ટન જેટલો કચરો કઢાયો

। રાજકોટ, તા.૨૦ ।

રાજકોટમાં લોકોની અનોખી જાગૃતિ જોવા મળી છે. રાજકોટની સામાજિક સંસ્થા રોટરી ક્લબ દ્વારા શહેરના ન્યારી ડેમ વિસ્તારમાં તંત્રનું કામ લોકો કરતા દેખાયા હતા. રાજકોટ મહાનગરપાલિકા આમ તો સ્વચ્છતાની બાબતમાં દેશભરમાં ટોપ ૧૦માં સ્થાન મેળવી ચૂકી છે. જોકે સૌથી ગંભીર બાબતો એ સામે આવી કે શહેરભરને પીવાનું પાણી પૂરું પાડતો ન્યારી ડેમ જ ગંદકીનો અડ્ડો બન્યો છે. રાજકોટ શહેરના ફરવાલાયક સ્થળ એવા ન્યારી ડેમમાં તણાઈને કચરો આવ્યો છે. ભારે પવનના કારણે કચરો તણાઈને કાંઠે પહોંચ્યો હતો. જે બાદ સ્માર્ટ સિટી રાજકોટ શહેરની ભાગોળે આવેલા ન્યારી ડેમની હાલત બદથી બદતર જોવા મળી હતી. રાજકોટના ન્યારી ડેમ કાંઠે રોજ સાયકલિંગ કરવા નીકળેતા રોટરી ક્લબના સભ્યોની નજરે આ કચરો પડ્યો હતો. ત્યાર બાદ રોટરી ક્લબના સભ્યોએ આ કચરો સાફ કરવાનું વિચાર્યું હતું. રવિવારે રજાના દિવસે રોટરી ક્લબના સભ્યો આ સ્થળ પર પહોંચી ગયા હતા અને પહેલા તો સ્વયં જ આ કચરો સાફ કરવાનું ચાલુ કર્યું હતું. જોકે ત્યાર બાદ ખ્યાલ આવ્યો કે કચરાની માત્રા વધારે છે. જેથી અલગ-અલગ બે જેસીબી મશીનની મદદ લેવાઈ હતી. જોકે આ મામલે રોટરી ક્લબના સભ્યોએ મહાનગરપાલિકા પાસે પણ મદદ માગી હતી. રાજકોટ મહાનગરપાલિકાએ પણ તાત્કાલિક ડમ્પર મોકલી આપ્યું હતું.

રોટરી ક્લબના સભ્ય દ્વારા સવારના પ્રથમ બે કલાકમાં ૯ ટન જેટલો કચરો કાઢવામાં આવ્યો હતો. અલગ-અલગ ત્રણ ટ્રક ભરાય તેટલો કચરો સવારમાં જ કાઢવામાં આવ્યો હતો. જોકે રોટરી ક્લબના સભ્યો દ્વારા દિવસભર સફાઈ અભિયાન હાથ ધરાયું હતું. ડેમ કાંઠા વિસ્તારમાં પડેલો કચરો એકત્ર કરવામાં આવ્યો હતો અને તેનો નિકાલ કરવામાં આવ્યો હતો. રોટરી ક્લબના સભ્યોએ લોકોએ સ્વયં પણ જાગૃત થવાનું જણાવ્યું હતું. લોકો જ્યારે ફરવા નીકળતા હોય છે ત્યારે ગંદકી ફેલાવતા હોય છે.

### સાસુએ ગરમ ઇસ્ત્રી ચોંટાડી

# અમદાવાદમાં પરિણીતાએ કંટાળીને ગળેફાંસો ખાધો

### નાનીનાનીબાબતોમાંસાસરિયાત્રાસઆપતાહતા

। અમદાવાદ, તા.૨૦ ।

શહેરના નારોલ વિસ્તારમાં પતિ તેમજ સાસુ-સસરાના ત્રાસથી પરિણીતાએ આત્મહત્યા કરી છે. ઘરકામ સહિતની નાની નાની બાબતોમાં સાસરિયા ત્રાસ આપતા હતા. એટલું જ નહીં, તેના સાસુએ તેને ગરમ ઈસ્ત્રી હાથ પર ચોંટાડીને દઝાડી પણ હતી. આ મામલે પોલીસે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી છે. બાપુનગર વિસ્તારમાં રહેતા ગજેન્દ્રભાઈએ નારોલ પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરિયાદ દાખલ કરાવી છે કે, ૧૩મી ઓગષ્ટના દિવસે સાડા અગિયાર વાગ્યાની આસપાસ તેમના દીકરાનો તેમના પર ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે, દીદીના ફ્લેટમાં કંઈ થયેલું છે. તમે ઘરે જલદી આવો. જેથી ફરિયાદી ઘરે પહોંચીને તેમની દીકરીના ફ્લેટ પર ગયા હતાં. જ્યાં તેમની દીકરી બેડ પર મૃત હાલતમાં જોવા મળી હતી. આ અંગેની જાણ પોલીસને કરતાં પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ફરિયાદીનો આરોપ છે કે, છેલ્લા ત્રણ મહીનાથી તેના પતિ અને સાસુ સસરા તેને શારીરિક અને માનસિક ત્રાસ આપતા હતા. ઘરકામ બાબતે પણ વાંધા વચકા કાઢીને મેણાં-ટોણાં મારતા હતા. તેના કારણે તેમની દીકરી ત્રણ મહિનાથી ડિપ્રેશનમાં જીવતી હતી. તેનો પતિ પણ તેને સમય આપતો નહોતો. જ્યારે પરિણીતા ઘરેથી શાકભાજી લેવા માટે જાય તો પણ તેના સસરા તેના પર શક વહેમ રાખતા હતા અને હેરાન પરેશાન કરતા હતા. ત્રણેક મહિના પહેલાં તેની સાસુએ તેને ગરમ ઈસ્ત્રી ડાબા હાથ પર ચોંટાડીને દઝાડી હતી.

# ૭૦ વર્ષના ફુવાએ ૪ વર્ષની ભત્રીજી પર નજર બગાડી

। અરવલ્લી, તા.૨૦ ।




રાજ્યમાં મહિલાઓ અને બાળકીઓ પર બળાત્કારની ઘટનાઓ વધતી જઈ રહી છે, ત્યારે અરવલ્લી જિલ્લામાં ચાર વર્ષની બાળકી ઉપર દુસ્કર્મની ધૃણાસ્પદ ઘટના સામે આવી છે. ત્યારે પોલીસે સમગ્ર મામલે આરોપીની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકમાં આવેલા સાઠંબા પોલીસ સ્ટેશનમાં ચાર વર્ષની બાળકી ઉપર પોતાનાજ અબંધીએ દુસ્કર્મ કર્યુ હોવાની ઘટના અંગે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. ત્યારે આ મામલે પોલીસે પોસ્કો અને દુસ્કર્મનો ગુનો નોંધી આરોપીને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ચાર વર્ષની બાળકી પોતાના ઘરમાં રમી રહી હતી ત્યારે પોતાનાજ સબંધી ૭૬ વર્ષીય વૃદ્ધે લલચાવી ફોસલાવી ખેતરમાં લઈ જવાઈ હતી અને ત્યારબાદ આ નરાધમ વૃદ્ધ દ્વારા બાળકી ઉપર દુસ્કર્મ આચરાયું હતું. દરમિયાનમાં એક રાહદારી આ વૃદ્ધનુ અભદ્ર કૃત્ય જોઈ જતા સમગ્ર મામલો સામે આવ્યો હતો.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨